# પરાક્રમી ઈસુ નામ



આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2025

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીઘેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીઘેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons|**પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati–The Mighty Name of Jesus)

# પરાક્રમી ઈસુ નામ

*વચનથી કે કાર્યથી જે કંઈ તમે કરો, તે સર્વ પ્રભુ ઈસુને નામે કરો, અને તે દ્વારા ઈશ્વર પિતાની આભારસ્તુતિ કરો.*

*કલોસીઓને પત્ર 3:17*

# અનુક્રમણિકા


પ્રસ્તાવના

1. સર્વ નામો કરતાં શ્રેષ્ઠ નામ 1

2. નામ પાછળ રહેલી વ્યક્તિ 8

3. જૂના કરારમાં ઈશ્વરના નામોનું પ્રકટીકરણ 19

4. મારા પિતાને નામે 35

5. ઈસુના નામનો ઉપયોગ કરવાનો અધિકાર 45

6. ઈસુના નામમાં પ્રભુ પવિત્ર આત્મા અહીં હાજર છે 53

7. જ્યારે આપણે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ ત્યારે શું થાય છે 57

8. ઈસુના નામમાં વિશ્વાસ કરો 64

9. ઈસુના નામમાં 69

10. ઈસુના નામમાં માફી 74

11. ઈસુના નામમાં તારણ 76

12. ઈસુના નામમાં અનંતજીવન 78

13. ઈસુના નામમાં ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવાયેલ 80

14. ઈસુના નામમાં બાપ્તિસ્મા પામેલ 83

15. ઈસુના નામમાં પ્રાર્થના કરો 87

16. ઈસુના નામમાં આભારસ્તુતિ અને આરાધના કરો 89
17. ઈસુના નામમાં સઘળું કરો 92
18. આપણે ઈસુના નામમાં એકઠા થઈએ છીએ 95
19. ઈસુના નામમાં એકબીજાનો આવકાર કરો, માન આપો અને આશીર્વાદ આપો 97
20. ઈસુના નામમાં પ્રચાર કરો, બોધ આપો અને સેવા કરો 101
21. ઈસુના નામમાં માંદાઓને સાજા કરો 104
22. ઈસુના નામમાં ચમત્કારો કરો 106
23. ઈસુના નામમાં દુષ્ટાત્માઓને હાંકી કાઢો 108
24. ઈસુના નામમાં અતિ મહાન કાર્યો કરો 111
25. ઈસુના નામનો અનઅધિકૃત ઉપયોગ 114
26. ઈસુના નામમાં સતાવણી પામેલ 117
27. ઈસુના નામ ખાતર બલિદાન 119
28. આપણે ઈસુનું નામ ધારણ કર્યું છે 121
29. ઈસુના નામમાં શિખામણ આપો 123
30. ઈસુનું નામ સદાકાળ સુધી છે 126

# પ્રસ્તાવના

દરેક વિશ્વાસીને ઈસુના પરાક્રમી નામને વિનંતી કરવાનો, તેને ઉચ્ચારવાનો, અને તેનો ઉપયોગ કરવાનો અદ્ભુત વિશેષાધિકાર પ્રાપ્ત થયેલો છે. ઈસુના શિષ્યો અને પ્રથમની મંડળીમાં રહેલા વિશ્વાસીઓ ઈસુ નામનો ઉપયોગ કરવાથી તેઓને મળતા અધિકારને સારી પેઠે સમજ્યા અને તેઓ તે અધિકારમાં ચાલ્યા.

ઈસુના નામમાં રહેલ પરાક્રમની પુનઃખોજ કરવા માટે વિશ્વાસીની મદદ કરવાનો, અને દૈનિક જીવનમાં તે નામના પરાક્રમ થકી કેવી રીતે ચાલવું તે શીખવવાનો આ પુસ્તક પ્રયાસ કરે છે. જ્યારે આપણે ઈસુના નામમાં રહેલ પરાક્રમમાં ચાલતા શીખી જઈએ છીએ ત્યારે આપણે અધિકાર અને શાસન, સંપૂર્ણ શાંતિ અને ઈશ્વરની તમામ જોગવાઈમાં ચાલી શકીએ છીએ.

*ઈસુનું નામ છે ભય હરનાર*
*મટાડે રોગ ને દુઃખ;*
*પાપીના કાનને મિષ્ટ રણકાર,*
*દે ત્રાણ ને અનંત સુખ.*

(ફ્રોમ ધ હિમ *"ઓ ફોર અ થાઉસન્ડ ટંગ્સ ટુ સિંગ"*, 1739 બાય ચાર્લ્સ વેસ્લી)

આપણે વિશ્વાસીઓ તરીકે જીવનમાં વ્યક્તિગત પડકારોનો સામનો કરીએ છીએ. કદાચ તે જીવનની પરિસ્થિતિઓને લગતી બાબત હોય, જરૂરિયાતો ઊભી થાય, ઝંઝાવાતો ઉઠે, પહાડો આપણા માર્ગમાં અવરોધરૂપ બને, બીમારી અને રોગ આપણા પર આવી પડે, અથવા શત્રુ આપણી વિરુદ્ધ કાવતરાં

રચે, પણ આપણે એ જાણી લેવાનું છે કે આપણને આપવામાં આવેલ અધિકાર મારફતે આપણે પાછા ઊભા થઈને આવી સર્વ બાબતો પર પ્રબળ થઈ શકીએ છીએ. આપણને એ જાણકારી હોવી જ જોઈએ કે ઈસુના નામનો ઉપયોગ કરવા થકી આ અધિકાર આપણો છે.

જ્યારે આપણે, આપણી આસપાસ રહેલા લોકો મધ્યે સેવા કરીએ છીએ ત્યારે ઈસુના નામમાં તે ખુબ જ હિંમતપૂર્વક કરવી જોઈએ. પ્રભુ ઈસુએ તેમના કાર્યો કરવા અને સંપૂર્ણ રીતે તેમનું પ્રતિનિધિત્વ કરવા માટે આપણને તેમના નામનો ઉપયોગ કરવાનો અધિકાર આપેલો છે.

એવું લાગે છે જાણે કે મંડળી કેવળ આ મહત્વપૂર્ણ સત્યની “ઉપલી સપાટીને” જ ખોતરી રહી હોય. આપણે વિશ્વાસીઓની એવી પેઢી બનીએ કે જે ઈસુના નામમાં આપણા માટે રાખી મૂકેલ વિશેષાધિકાર અને સત્તાની ખોજ કરીને, પહેલા ક્યારેય ન ચાલ્યા હોય એ રીતે દૈનિક જીવનમાં તેમને પ્રદર્શિત કરીને ચાલીએ. ઈસુના પરાક્રમી નામમાં આપણા માટે જે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે તે સર્વનું પ્રદર્શન કરવામાં આપણે આપણી અગાઉની પેઢીઓ કરતા ચઢિયાતા સાબિત થઈએ.

**ઈસુના પરાક્રમી નામ વિષેનો આ અભ્યાસ તમારા જીવનને એટલું બધું સમૃદ્ધ બનાવે કે તમે તમારા વ્યક્તિગત જીવનમાં તે નામના પરાક્રમમાં ચાલો! અસંખ્ય અન્ય લોકોને ઈસુ ખ્રિસ્ત સાથે મેળાપ થાય તે રીતે બીજા માટે આશીર્વાદરૂપ બનવા માટે આ પુસ્તક તમારી સહાય કરો!**

ઈશ્વર તમને આશિષ આપો!

આશિષ રાયચૂર

# 1
# સર્વ નામો કરતાં શ્રેષ્ઠ નામ

રાજવી પરિવારમાં જન્મેલા એક બાળકની કલ્પના કરો. એ બાળકને એક નામ આપવામાં આવે છે. એવું જ નામ ધરાવતા બીજા ઘણા લોકો હોઈ શકે, પણ એ નામ વડે આ બાળક અજોડ રીતે ઓળખાય છે. અને બીજું ઘણું બધું છે. રાજવી પરિવારમાં જન્મેલા બાળકને રાજવીપણું અને રાજ્યાસન અને રાજવી ખાનદાન જે પણ બાબતનું પ્રતિનિધિત્વ કરે છે તે સર્વ વારસામાં મળે છે. વારસામાં મળેલ રાજવીપણાની ઓળખ આપતું રાજવી શીર્ષક બાળકના નામ સાથે જોડાયેલું હોય છે. રાજ્યના તમામ સંસાધનો, પ્રભાવ અને શક્તિ આ નામની પાછળ રહેલી હોય છે. સમય જતાં બાળક પુખ્ત વયનો થાય છે. ચાલો કહીએ કે, આ પુખ્ત વયની વ્યક્તિ નોંધપાત્ર રીતે ઉત્કૃષ્ટ જીવન જીવે છે, મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરીને તે વડે મહાન આદર, ખ્યાતિ અને લોકપ્રિયતા હાંસલ કરે છે. હવે આ નામ સાથે મહાનતાનું બીજું એક પરિમાણ જોડાય છે. હવે લોકો આ નામને કેવળ તેની સાથે જોડાયેલ અજોડ ઓળખાણને લીધે અથવા તો તે નામ સાથે જોડાયેલા રાજ્ય કે રાજવીપણાને લીધે નહિ પણ કદાચ વધુ તો તે નામની પાછળ રહેલી વ્યક્તિની મહાનતા, સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓને કારણે તેને ઓળખે છે અને તેને માન આપે છે.

આપણને, ઈસુના નામ સાથે સંબંધિત આ ત્રણેય પાસાઓ પવિત્ર શાસ્ત્રમાં જોવા મળે છે.

## જન્મ વખતે પિતા દ્વારા તેમને આપવામાં આવેલ નામ

**માથ્થી 1:21**

**અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે.”**

"ઈસુ" નામ એ એવું નામ હતું જે ઈશ્વરે પસંદ કર્યું હતું અને ઈશ્વર પુત્રના અજોડ દેહધારીપણાની ઓળખ છતી કરવા માટે આપ્યું હતું. ઈશ્વર તરીકે, અનંત શબ્દએ મનુષ્યરૂપ ધારણ કર્યું અને તે શબ્દ સદેહ થયો એટલે પિતાએ તેમને એક નામ આપ્યું —"ઈસુ" નામ. તેમણે યૂસફને આ બાબત જાહેર કરવા એક દૂતને મોકલ્યો. તેમના જન્મ વખતે પિતા દ્વારા તેમને આપવામાં આવેલું આ નામ હતું.

ઈસુ એ હિબ્રૂ શબ્દ *'યહોશુઆ'* નું ગ્રીક રૂપ છે, જેનો અર્થ "તારણહાર" અથવા "ઈશ્વર જે તારણ છે" એવો થાય છે. તેથી, જ્યારે આપણે "ઈસુ" નામનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે, આપણે એ નામની ઘોષણા કરીએ છીએ જે તારણ લાવે છે.

માથ્થી 1:21 માં વપરાયેલ શબ્દ "તારશે" ગ્રીક ક્રિયાપદ *'સોઝો'* છે, (જેવી રીતે *'સોટેરીયા'* નામનો અર્થ "તારણ" છે) જે વ્યાપક અર્થ ધરાવતો શબ્દ છે, જેમાં અનંત તારણ, પાપોની માફી, પાપ ઉપર વિજય, માંદગીમાંથી સાજાપણું, સંઘર્ષમાં વિજય, શત્રુના દરેક કામથી છુટકારો, હાનીથી બચાવ, જોખમથી સુરક્ષા, અને સંપૂર્ણ સર્વાંગીપણું એ સર્વ બાબતોનો સમાવેશ થાય છે. એનો અર્થ "તારણ પામેલ, સાજા થયેલ, છુટકારો પામેલ, વિજયવંત, છોડાવાયેલ, સુરક્ષિત અને સંપૂર્ણ કરાયેલ એવો થાય છે."

નવા કરારમાં *'સોઝો'* શબ્દનો ઉપયોગ કેટલીક વિવિધ રીતે કરાયો છે.

અહીં કેટલાક સંદર્ભો આપેલ છે.

- પાપથી **તારણ** (માથ્થી 1:21; હિબ્રૂઓને પત્ર 7:25)
- **અનંત તારણ** (યોહાન 3:16-18; માર્ક 16:16; પ્રેરિતોનાં કૃત્યો 4:12; રોમનોને પત્ર 10:9,10; એફેસીઓને પત્ર 2:8)

- **સાજાપણું** (માથ્થી 9:22; માર્ક 6:56; માર્ક 10:52; યાકૂબનો પત્ર 5:15)
- શેતાની શક્તિઓથી **છુટકારો** (લૂક 8:36; યહૂદાનો પત્ર 1:5, "છુટકારા" માટેનો શબ્દ *'સોઝો'* છે)
- જોખમથી બચાવ / **સુરક્ષા** (માથ્થી 8:25; માથ્થી 14:30; માથ્થી 27:42; 2 તિમોથીને બીજો પત્ર 4:18, "બચાવ" માટેનો શબ્દ *'સોઝો'* છે)
- આત્મિક સંઘર્ષ / જોખમમાંથી **સલામતી** (યોહાન 12:27; 1 તિમોથીને 4:16)
- ગુલામીમાંથી **મુક્તિ** (યહૂદાનો પત્ર 1:5)

જ્યારે આપણે "ઈસુ" નામનો ઉલ્લેખ કરીએ, અને તેમની તારણહાર તરીકે ઘોષણા કરીએ ત્યારે આપણે એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે તે કેવળ પાપથી જ બચાવતા નથી પણ તે નામમાં તારણ, સુરક્ષા, સલામતી, સાજાપણું, છુટકારો, વિજય, મુક્તિ અને સર્વાંગીપણું છે. તે નામમાં સંપૂર્ણ ઉદ્ધાર છે. ઈસુનું નામ તારણ, સુરક્ષા, સાજાપણું, છુટકારો, વિજય, મુક્તિ અને સર્વાંગીપણું બક્ષે છે!

## તેમને નામ વારસામાં મળ્યું

**હિબ્રૂઓને પત્ર 1:1-4**

**1 પ્રાચીન કાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજોની સાથે ઈશ્વર અનેક વાર તથા અનેક પ્રકારે બોલ્યા,**

**2 તે આ છેલ્લા સમયમાં પુત્ર કે, જેમને તેમણે સઘળાંના વારસ ઠરાવ્યા, અને વળી જેમના વડે તેમણે જગતોને ઉત્પન્ન કર્યાં, તેમના દ્વારા આપણી સાથે બોલ્યા.**

**3 તે તેમના ગૌરવનું તેજ તથા તેમના સત્વની આબેહૂબ પ્રતિમા છે, અને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાંને નિભાવી રાખે છે; તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન [પિતા]ની જમણી તરફ ઉચ્ચસ્થાને બેઠા છે.**

**4 તેમને દૂતો કરતાં જેટલે દરજ્જે તે વધારે ચઢિયાતું નામ વારસામાં મળ્યું**

**છે, તેટલે દરજ્જે તે તેઓ કરતાં ઉત્તમ થયા છે.**

ઈશ્વર કે જે સનાતન શબ્દ છે, જેમની મારફતે જગતો ઉત્પન્ન કરવામાં આવ્યા અને જે પોતાના પરાક્રમી શબ્દથી સઘળી બાબતોને નિભાવી રાખે છે, તે શબ્દએ સદેહ થવાનું પસંદ કર્યું અને તે ઈશ્વર પુત્રની જેમ ચાલ્યા. ઈશ્વર પુત્ર તરીકે, ઈશ્વર આપણી સાથે બોલ્યા. તે તેમના ગૌરવનું તેજ તથા તેમના સત્વની આબેહૂબ પ્રતિમા છે. ઈશ્વર પુત્ર તરીકે, આપણા તમામ પાપો માટે તેમણે પ્રાયશ્ચિત કર્યું, તેમને સજીવન કરવામાં આવ્યા અને હવે તે સર્વ દૂતો કરતાં ચઢિયાતા થઈને પિતાને જમણે હાથે બિરાજમાન છે. અને આ જ ઈશ્વર પુત્રને સર્વ બાબતો પર વારસ ઠરાવવામાં આવ્યા છે, અને વારસામાં તેમણે એવું નામ પ્રાપ્ત કર્યું છે જે બીજા કોઈ પણ નામ કરતાં સૌથી મહાન, સૌથી અદ્ભુત, અમર્યાદિત રીતે ચઢિયાતું અને અતિ ઉચ્ચ છે. સ્વર્ગીય જીવોના નામો અદ્ભુત હોય છે (ન્યાયાધીશો 13:18). પરંતુ આ નામ, ઈસુનું નામ સર્વ નામોને વટાવી જાય છે.

જેમ આપણે અગાઉ ઉલ્લેખ કરી ગયા તેમ, રાજ્યનો વારસદાર રાજવીપણાને વારસામાં મેળવે છે. ઈસુના નામ પાછળ ઈશ્વરના સમગ્ર રાજ્યનું પીઠબળ રહેલું છે. ઈસુના નામ પાછળ ઈશ્વર પોતાના સમગ્ર ઈશ્વરત્વ, તેમના સમગ્ર વૈભવ, મહિમા, શાસન અધિકાર અને સામર્થ્ય સહિત ઉભેલા છે. આ નામ સ્વર્ગીય રાજવીપણું છે. આ નામ સર્વોચ્ચ રાજવીપણાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમના કરતાં કોઈ ઉચ્ચ કોટિનો સ્વામી, શાસક કે રાજા નથી. સર્વ બાબતોના જે વારસ છે તેમનું આ નામ છે, *"જે ધન્ય અને એકલા સ્વામી છે, જે રાજાઓના રાજા તથા પ્રભુઓના પ્રભુ છે"* (1 તિમોથીને 6:15) તેમનું આ નામ છે. *"જેમના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકવામાં આવ્યો છે"* (હિબ્રૂઓને પત્ર 2:9) તેમનું આ નામ છે. સર્વોચ્ચ રાજ્યાસન

અને રાજ્ય જે અન્ય તમામ ઉપર શાસન કરે છે તે આ નામની પાછળ રહેલું છે. *"યહોવાએ પોતાની ગાદી આકાશમાં સ્થાપી છે; અને તેમના રાજ્યની સત્તા સર્વ ઉપર છે"* (ગીતશાસ્ત્ર 103:19).

## તેમણે જે સિદ્ધ કર્યું તેને લીધે એ નામ તેમને એનાયત કરવામાં આવ્યું

**ફિલિપીઓને પત્ર 2:5-11**

**5 ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું, તેવું તમે પણ રાખોઃ**

**6 પોતે ઈશ્વરના રૂપમાં છતાં, તેમણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાને ઈચ્છ્યું નહિ.**

**7 પણ તેમણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યા;**

**8 અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા, વધસ્તંભના મરણને, આધીન થઈને, પોતાને નમ્ર કર્યા.**

**9 એને લીધે, ઈશ્વરે તેમને ઘણા ઊંચા કર્યા, અને સર્વ નામો કરતાં તેમણે તેમને એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે,**

**10 આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે;**

**11 અને ઈશ્વર પિતાના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.**

*"એને લીધે, ઈશ્વરે તેમને ઘણા ઊંચા કર્યા, અને સર્વ નામો કરતાં તેમણે તેમને એવું શ્રેષ્ઠ નામ આપ્યું"* (કલમ 9), આ બહુ ગહન બાબત છે. ઈસુએ તેમના દેહધારણ, પૃથ્વી પરના જીવન, મરણ અને પુનરુત્થાન દ્વારા જે સિદ્ધ કર્યું તેને લીધે તેમને *"ઘણા ઊંચા કરવામાં આવ્યા છે."* સમગ્ર જગતના પાપોની કિંમત તેમણે ચૂકવી. તેમણે પતિત અવસ્થાને બદલી નાખી, શેતાન અને તેની દુષ્ટાત્માઓની સેનાને નિશસ્ત્ર કરી દીધી, કચડી નાખી અને તેમનો નાશ કરી દીધો અને કબરમાંથી વિજયવંત રીતે ઉઠ્યા. તેમની પાસે મરણ તથા હાદેસની કૂંચીઓ (અધિકાર, સત્તા) છે (પ્રકટીકરણ 1:18).

*"ઘણા ઊંચા કરવામાં આવ્યા"* (ગ્રીક *હુપેરુપ્સૂ*) શબ્દનો અર્થ "બીજાઓ પર ઉપરી ઠરાવવા, સર્વોચ્ચ પદ પર ઊંચે ચઢાવવા, સૌથી ઊંચા દરજ્જા અને સત્તા વડે બહુમાન કરવું, સર્વોચ્ચ મહિમાને સ્થાને ઊંચે ચઢાવવા" થાય છે. પિતાએ *"તે સામર્થ્ય ખ્રિસ્તમાં દેખાડીને તેમને મૂએલાંમાંથી ઉઠાડયા, અને સર્વ રાજયસત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું અને માત્ર આ કાળમાંનું નહિ, પણ ભવિષ્યકાળમાંનું દરેક નામ જે હોય, એ સર્વ કરતાં ઊંચા કરીને પોતાની જમણી તરફ સ્વર્ગીય સ્થાનોમાં તેમને બેસાડયા. વળી બધાંને તેમણે તેમના પગો નીચે રાખ્યાં અને તેમને સર્વ પર મંડળીના શિર તરીકે નિર્માણ કર્યાં."* (એફેસીઓને પત્ર 1:20-22) સ્વર્ગમાં અને પૃથ્વી પરનો સઘળો અધિકાર ઈસુને અપાયો છે (માથ્થી 28:18). ઈસુનું નામ તેવા એકનું છે. આ નામ સર્વ નામો કરતાં ઉપર છે કારણ કે તે સર્વ કરતાં ઉપર છે.

## સર્વ નામોમાં સૌથી મહાન નામ

**ફિલિપીઓને પત્ર 2:9-11**

**9 એને લીધે, ઈશ્વરે તેમને ઘણા ઊંચા કર્યા, અને સર્વ નામો કરતાં તેમણે તેમને એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે,**

**10 આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે;**

**11 અને ઈશ્વર પિતાના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.**

ઈશ્વર પિતાએ નિર્ધાર કર્યો છે, આદેશ આપ્યો છે, અને જાહેર કર્યું છે કે ઈસુના નામની આગળ ત્રણેય સ્થાનોના દરેક ઘૂંટણ નમે. સ્વર્ગ, પૃથ્વી અને નરકના દરેક સૃજિત જીવો તેમને આધીન થશે, તેમને ભયયુક્ત આદર આપશે અને તેમને રાજા તરીકે ગણીને તેમની પ્રભુતાનો સ્વીકાર કરશે.

ઈસુનું નામ સર્વ નામોથી ઉપર છે. તેમનું નામ *"સર્વ નામોમાં અતિ મહાન છે"* (કલમ 9, ધ પૅશન ટ્રાન્સલેશન).

## સમીક્ષા

1) દેહધારી શબ્દ, ઈશ્વર પુત્રને “ઈસુ” નામ આપવામાં આવ્યું...

a) જન્મ વખતે.

b) તેમને તે નામ વારસામાં મળ્યું.

c) તેમણે જે સિદ્ધ કર્યું તેને લીધે તેમને તે નામ એનાયત કરવામાં આવ્યું.

આ ત્રણેય પાસાઓના મહત્વ વિષે અને તે બાબતો આ નામને સર્વ નામો કરતાં અતિ મહાન કેવી રીતે બનાવે છે તેની ચર્ચા કરો.

# 2
# નામ પાછળ રહેલી વ્યક્તિ

આપણે જાણીએ છીએ કે જે તે નામ પાછળ રહેલી વ્યક્તિની મહાનતા પરથી તે નામ મહાનતા પ્રાપ્ત કરે છે. નામની પાછળ રહેલી વ્યક્તિ જેટલી મહાન હોય તેટલું નામ પણ મહાન હોય છે. જે તે નામની પાછળ રહેલી વ્યક્તિની મહાનતાને આપણે જાણી લઈએ તો આપણે તે નામની મહાનતાને પણ જાણી લઈશું. જ્યારે તમે વ્યક્તિ ઈસુ ખ્રિસ્તને જાણી લો છો તો તમને તેમના નામમાં મહાન વિશ્વાસ થશે.

આ પ્રકરણમાં આપણે, આ નામ પાછળ રહેલ વ્યક્તિ, એટલે કે ઈસુ ખ્રિસ્તની મહાનતા પર વિચાર વિમર્શ કરીશું. આ ઈસુના વ્યક્તિત્વ વિષે સંપૂર્ણ માહિતી નથી પણ એક ટૂંકો સારાંશ છે જેથી જેમના નામનો આપણે અભ્યાસ કરી રહ્યા છીએ તેમના વિષે આપણને સ્મરણ કરાવવામાં આવે. "ઈસુ" નામ પાછળ રહેલ વ્યક્તિની મહાનતા પર મંથન કરવા માટેના મુદ્દાઓમાં ઉમેરો કરવા માટે તમને પણ આમંત્રણ આપવામાં આવે છે.

ઈસુનું નામ જેને તે દર્શાવે છે—વ્યક્તિ ઈસુ—તે જે છે તે, તેમણે જે સિદ્ધ કર્યું છે તે, અને આવનાર સમયોમાં જે બાબતો તે સિદ્ધ કરનાર છે, તેના લીધે મહાન છે.

**યહોવા**—ઈશ્વરત્વમાં રહેલ એક નામ "ઈસુ" છે. તેમને "પરાક્રમી ઈશ્વર (*એલ ગિબ્બોર*)," "સનાતન પિતા" પણ કહેવાય છે (યશાયા 9:6). તે સહ-સમાન છે અને પિતા અને આત્માની સાથે એકરૂપ છે (1 યોહાનનો 5:7). તે સંપૂર્ણપણે ઈશ્વરત્વનું

પ્રતિનિધિત્વ કરે છે (કલોસીઓને પત્ર 1:19; કલોસીઓને પત્ર 2:9). જેવી રીતે પિતા અને આત્મા છે તેવી જ રીતે તે પણ યહોવા છે (યોહાન 1:1-3; યોહાન 20:28; રોમનોને પત્ર 9:5; 1 તિમોથીને 3:16; તિતસને પત્ર 1:3,4; હિબ્રૂઓને પત્ર 1:8). તે મહાન હું છું છે (યોહાન 8:58); તે ઈમ્માનુએલ, ઈશ્વર આપણી સાથે છે (યશાયા 7:14; માથ્થી 1:23). ઈસુના નામને વિનંતી કરવી એટલે યહોવા ઈશ્વર, કે જે સનાતન, સ્વ-અસ્તિત્વ ધરાવનાર, અવિચળ, ઈશ્વર જે કરાર પાળનાર છે તેમને વિનંતી કરવી તે છે.

ઈસુના નામને વિનંતી કરવી એટલે
યહોવા ઈશ્વર, જે સનાતન,
સ્વ-અસ્તિત્વ ધરાવનાર, અવિચળ,
ઈશ્વર જે કરાર પાળનાર છે તેમને વિનંતી કરવી તે છે.

**અનંત શબ્દ—**જે અનંત શબ્દ ઈશ્વર સાથે હતો અને જે ઈશ્વર હતો તેનું જ નામ “ઈસુ” છે (યોહાન 1:1,2). તે સદાકાળ ઈશ્વરનો શબ્દ છે (પ્રકટીકરણ 19:13). દ્રશ્ય અને અદ્રશ્ય જગતોમાં જે સર્વ છે તે સઘળું તેમનાથી, તેમની મારફતે અને તેમના માટે ઉત્પન્ન થયું (યોહાન 1:3; એફેસીઓને પત્ર 3:9; કલોસીઓને પત્ર 1:16). સર્વ બાબતોનો આરંભ કરનાર, ઉત્પન્નકર્તા અને સ્રોત તે છે, કારણ કે સર્વ બાબતો તેમનામાંથી, તેમની મારફતે અને તેમના વડે આવી (પ્રકટીકરણ 3:14). તે સર્વ બાબતો કરતાં અનાદિકાળથી છે, અને તે સર્વ બાબતોને ધરી રાખનાર, ટકાવી રાખનાર, નિયંત્રિત કરનાર અને સંપૂર્ણ કરનાર છે (કલોસીઓને પત્ર 1:17; હિબ્રૂઓને પત્ર 1:3). દ્રશ્ય અને અદ્રશ્ય (કુદરતી અને આત્મિક) સ્થાનોમાં સર્વ બાબતોને ઉત્પન્ન કરવાનું, ધરી રાખવાનું, ટકાવી રાખવાનું, નિયંત્રિત કરવાનું,

અંકુશમાં રાખવાનું અને વ્યવસ્થિત રાખવાનું સામર્થ્ય ઈસુના નામમાં છે.

**ઈશ્વર પુત્ર**—જે મનુષ્ય બન્યા અને ઈશ્વર પુત્ર તરીકે આ પૃથ્વી પર ચાલ્યા તેવા ઈશ્વરનું નામ "ઈસુ" છે. આવી બીજી કોઈ વ્યક્તિ ક્યારેય થઈ નથી અને થશે પણ નહિ. તે અદ્રશ્ય ઈશ્વરની પ્રતિમા છે જે આપણને પ્રગટ કરવામાં આવી (2 કરિંથીઓને 4:4; કલોસીઓને પત્ર 1:15; હિબ્રૂઓને પત્ર 1:3). આપણે જોઈ શકીએ એવી ઈશ્વરના મહિમાની એ અભિવ્યક્તિ છે (યોહાન 1:14; હિબ્રૂઓને પત્ર 1:3). તે પિતાની સાથે એક છે તેથી જ્યારે આપણે તેમને જોઈએ ત્યારે આપણે પિતાને જોઈએ છીએ (યોહાન 10:30; યોહાન 14:7,9). તે પિતાના વચનો બોલ્યા, તેમણે પિતાના કામો કર્યા, તેમણે પિતાની ઈચ્છા પૂર્ણ કરી (હિબ્રૂઓને પત્ર 10:7). અહીં પૃથ્વી પર તેમણે ઈશ્વરના રાજ્યને પ્રગટ કરવાની શરૂઆત કરી (માથ્થી 4:17). તે સઘળી બાબતોના વારસ છે અને તેમને સઘળી બાબતો વારસામાં મળી છે (હિબ્રૂઓને પત્ર 1:2,8). પવિત્ર આત્માના પરાક્રમ વડે અને મરણમાંથી સજીવન થઈને તે ઈશ્વરના પુત્ર ઠર્યા છે (રોમનોને પત્ર 1:4). તેમની ભરપૂરીમાંથી, તેમણે આપણા ઉપર અપાર કૃપાની વૃષ્ટિ કરી છે (યોહાન 1:16; રોમનોને પત્ર 5:17). ઈસુ નામનો ઉલ્લેખ કરવાથી ઈશ્વરનો મહિમા પ્રગટ થાય છે, ઈશ્વરની ઈચ્છા સ્થાપિત થાય છે અને આપણા માટે પૃથ્વી પર સ્વર્ગ ઉતરી આવે છે.

**ઈશ્વરનું હલવાન**—નિષ્પાપ, નિષ્કલંક, સંપૂર્ણ ઈશ્વરના હલવાન કે જે એકલા જ જગતના પાપો દૂર કરવાને સમર્થ હતા તેમનું નામ "ઈસુ" છે (યોહાન 1:29; પ્રકટીકરણ 5:6). તે જગતના મંડાણ અગાઉ મારી નંખાયેલ હલવાન છે (1 પિતરનો 1:18-20; પ્રકટીકરણ 13:8). આપણા સર્વની પેઠે તે દરેક પ્રકારે પરીક્ષણ પામ્યા તેમ છતાં તે નિષ્પાપ

રહ્યા (હિબ્રૂઓને પત્ર 4:15). તેમનું રક્ત પવિત્ર, નિષ્પાપ અને શુદ્ધ છે. સ્વર્ગીય પરમપવિત્રસ્થાનમાં ઈશ્વરની આગળ તેમના રક્તના અર્પણ વડે આપણો ઉદ્ધાર પ્રાપ્ત કરવામાં આવ્યો છે (હિબ્રૂઓને પત્ર 9:11,12). તેમણે પોતાના રક્ત દ્વારા આપણને ખરીદ્યા અને છોડાવ્યા છે અને આપણને ઈશ્વરને સારું રાજાઓ અને યાજકો બનાવ્યા છે (એફેસીઓને પત્ર 1:7; કલોસીઓને પત્ર 1:13,14; 1 પિતરનો 1:18; 1 કરિંથીઓને 6:20; પ્રકટીકરણ 1:5,6). તે પાસ્ખાનું હલવાન છે (1 કરિંથીઓને 5:7) જેમનું રક્ત આપણને આચ્છાદન અને રક્ષણ પૂરું પાડે છે, અને જુલમ કરનારથી આપણા ઉદ્ધારની ઘોષણા કરે છે. હલવાનના રક્તે આપણા માટે જે કર્યું છે તેની જ્યારે આપણે ઘોષણા કરીએ છીએ ત્યારે આપણને શેતાન અને સર્વ દુષ્ટાત્માઓ પર વિજય પ્રાપ્ત થાય છે (પ્રકટીકરણ 12:11). તે સદાકાળ માટે રાજ્યાસન પર બિરાજમાન ઈશ્વરના હલવાન બની રહેશે (પ્રકટીકરણ 22:3). ઈસુના નામમાં આપણા પાપ માફ થયા છે. ઈસુના નામમાં આપણને શુદ્ધ અને પવિત્ર કરવામાં અને ન્યાયી ઠરાવવામાં આવ્યા છે. ઈસુના નામમાં, આપણે સંપૂર્ણપણે છૂટકારો પામેલ બનીએ છીએ અને શેતાન આપણા પર કોઈ હક દાવો કરી શકતો નથી અને આપણામાં તેને કઈ લાગભાગ નથી.

**મસીહા, અભિષિક્ત—**જે મસીહા, ખ્રિસ્ત, પવિત્ર અભિષિક્ત છે તેમનું નામ “ઈસુ” છે (દાનિયેલ 9:25; ગીતશાસ્ત્ર 2:2,7; માથ્થી 16:16,17; યોહાન 4:25,26). યશાયાએ જે સેવક વિષે પ્રબોધવાણી કરી હતી તે એ જ છે (યશાયા 42:1; યશાયા 49:6; યશાયા 52:13; યશાયા 53:11; માથ્થી 12:18). અભિષિક્ત અને તેમનો અભિષેક દુષ્ટાત્માના જુલમનો ભાર દૂર કરે છે અને શેતાનની દરેક ઝુંસરીનો નાશ કરે છે (યશાયા 10:27). ઈસુના નામમાં, દુષ્ટાત્માના દરેક જુલમ દૂર કરાય છે અને શેતાનની દરેક ઝુંસરીનો નાશ થાય છે.

**જગતનો પ્રકાશ**—જે ખરો પ્રકાશ છે તેમનું નામ "ઈસુ" છે (યોહાન 1:9). તે અરૂણોદય અને પ્રભાતનો પ્રકાશ છે (લૂક 1:78), તે તેજસ્વી અને પ્રભાતનો તારો છે (2 પિતરનો 1:19; પ્રકટીકરણ 2:28; પ્રકટીકરણ 22:16). તે જગતનો પ્રકાશ છે (યોહાન 8:12). તેમનો પ્રકાશ અંધારાને ભેદીને વિષાદ, નિરાશા, હતાશાને દૂર હટાવે છે, અને અંધકાર કોઈ પણ રીતે તેમના પ્રકાશને ઝાંખો પાડી શકતો નથી કે તેની સામે ટકી શકતો નથી. ઈસુના નામમાં, અંધકારના તમામ કામો, અંધકાર દ્વારા ઘડવામાં કે રચવામાં આવેલ તમામ બાબતોનો નાશ થાય છે અને તેને હાંકી કાઢવામાં આવે છે. તે પરાક્રમી નામની આગળ અંધકાર ટળી જાય છે.

**ઉત્તમ ઘેટાંપાળક**—જે ઉત્તમ ઘેટાંપાળક (યોહાન 10:11), ઘેટાંના મોટા રખેવાળ (હિબ્રૂઓને પત્ર 13:20), આપણા જીવોનાં પાળક અને અધ્યક્ષ (1 પિતરનો 2:25), અને મુખ્ય ઘેટાંપાળક (1 પિતરનો 5:4) છે, તેમનું નામ "ઈસુ" છે. તે કોમળતાથી પોતાના ઘેટાંને દોરે છે માર્ગદર્શન આપે છે, પોષે છે, સાંત્વના આપે છે, સાજા કરે છે, પુનઃસ્થાપિત કરે છે, રક્ષણ કરે છે, અને ઘેટાંની ચોકી કરે છે. ઈસુના નામમાં, આપણે—તેમના ઘેટાં—આચ્છાદિત, સુરક્ષિત અને સચવાયેલા છીએ અને કોઈ પણ તેમના હાથમાંથી આપણને છીનવી શકતું નથી.

**માર્ગ, સત્ય અને જીવન**—પિતા પાસે જવાનો જે એકમાત્ર માર્ગ, તેમનું નામ "ઈસુ" છે (યોહાન 14:6). તે બારણું (યોહાન 10:7)—રાજ્યમાં પ્રવેશવા માટેનું એકમાત્ર પ્રવેશ સ્થાન છે. તે સત્ય છે. જુઠ્ઠાણાં, ભ્રમણાઓ, દલીલો અને તર્કો તેમની આગળ કમજોર પડી જાય છે. તે સત્ય છે અને તે ખરેખર લોકોને મુક્ત કરે છે (યોહાન 8:31,32,36). તે જીવન—જીવનની રોટલી, અનંતજીવનનો સ્રોત છે (યોહાન 6:33,35,48-51). તે જીવતું પાણી છે (યોહાન 4:10,14; યોહાન 7:37,38; પ્રકટીકરણ 21:6;

પ્રકટીકરણ 22:17). તે જીવન આપે છે અને પુષ્કળ જીવન આપે છે (યોહાન 10:10). તેમનામાં, આપણી તરસ છીપે છે અને આપણી અત્યંત ઊંડી ઝંખનાઓ સંતોષાય છે. ઈસુના નામમાં, ભટકી ગયેલાને માર્ગ જડે છે, સત્ય આગળ વધે છે, મુક્ત કરે છે અને શાસન કરે છે, અને પાપમાં જેઓ મરેલા છે તેઓ અનંતજીવન-ઈશ્વરીય જીવનનો અનુભવ કરે છે.

**તારણહાર**—જગતના તારણહારનું નામ “ઈસુ” છે (માથ્થી 1:21; લુક 2:11; 1 તિમોથીને 1:15; 1 યોહાનનો 4:14). તેમણે આખા જગતના પાપ પોતાને માથે લીધા (યશાયા 53:4; 1 યોહાનનો 2:2), આપણે જે મૂલ્ય ચૂકવવાનું હતું તે તેમણે ચૂકવ્યું, અને આપણા બદલે તે હાદેસમાં ઉતર્યા, જેથી આપણને વિનામૂલ્યે માફી મળે. ઈસુના નામમાં, આપણા પાપ માફ થયા છે અને આપણું તારણ થયું છે. તેમના નામમાં તારણ છે!

**સાજા કરનાર**—આપણને દરેક રોગ અને માંદગીમાંથી સાજા કરનાર મહાન વૈદ્યનું નામ “ઈસુ” છે (માથ્થી 4:23-25). તેમણે લંગડાંઓને ચાલતાં, આંધળાંઓને દેખતા, બહેરાંઓને સાંભળતા, મૂંગાઓને બોલતા કર્યા, અપંગ અને વિકૃતિવાળા લોકોને તંદુરસ્ત કર્યા,અને તમામ પ્રકારના રોગ અને માંદગીથી પીડાતા લોકોને સાજા કર્યા (માથ્થી 15:29-31). તેમણે વધસ્તંભ પર આપણા સર્વ રોગ, બીમારીઓ અને પીડાઓ વેઠી તેથી તેમના ઘાથી આપણે સાજા થઈ ગયા છીએ (યશાયા 53:4,5; 1 પિતરનો 2:24). તે ન્યાયીપણાનો સૂરજ છે, તેમની પાંખોના આરોગ્યથી આપણને ઢાંકે છે (માલાખી 4:2). ઈસુના નામમાં, રોગ અને બીમારીઓ દૂર કરવામાં આવે છે. પીડાપાતો, વિકલાંગતા, વિકૃતિઓ, જૂનો મંદવાડ, અસાધ્ય બીમારીઓ અને રોગો એ સામર્થી નામની આગળ ઝૂકી જાય છે જેથી લોકો સાજા થાય છે.

***શાલોમ* (શાંતિ)ના સરદાર**—*શાલોમના* સરદાર, શાંતિના સરદારનું નામ "ઈસુ" છે (યશાયા 9:6). જેઓ તેમની પાસે આવે છે તે સર્વને સંપૂર્ણતા બક્ષનાર તે રાજા છે. આપણને *શાલોમ*-શાંતિ, સંપૂર્ણ આરોગ્ય, સંપૂર્ણ સર્વાંગીપણું મળે તે માટે તેમણે વધસ્તંભ પર શિક્ષા વેઠી લીધી (યશાયા 53:5). તે શાંતિ આપે છે, એવી શાંતિ કે જે જગત આપી શકતું નથી (યોહાન 14:27; યોહાન 16:33). ઈસુ નામ માત્રનો ઉલ્લેખ સંપૂર્ણ *શાલોમ*-શાંતિ, પૂરેપૂરું આરોગ્ય, સંપૂર્ણ સર્વાંગીપણું લાવે છે. તેમનું નામ ભયને શાંત કરે છે, મૂંઝવણને દૂર કરે છે, યાતનાઓને હાંકી કાઢે છે અને સર્વાંગીપણું પૂરું પાડે છે.

**ચમત્કાર કરનાર**—સર્વ આશીર્વાદના સ્ત્રોત. મહાન ચમત્કાર કરનારનું નામ "ઈસુ" છે. તેમણે મરેલાને જીવતા કર્યા, પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો, ખોરાકનો જથ્થો વધાર્યો, પવન અને મોજાંને શાંત કર્યા, માછલાંનો મોટો જથ્થો પકડવા માટે સહાય કરી, અને એવા બીજા ઘણા ચમત્કારો તેમણે કર્યા અને બાઈબલના એ દિવસોની માફક આજે પણ એવા ચમત્કારો કરે છે (હિબ્રૂઓને પત્ર 13:8). વધસ્તંભ પર તેમણે પોતે આપણા વતી શાપિત બનીને આપણી અનાજ્ઞાધીનતાનો દરેક શાપ દૂર કરનાર એ જ છે (ગલાતીઓને પત્ર 3:13,14). ઈબ્રાહિમનો આશીર્વાદ આપણા પર વહેતો કરનાર પણ એ જ છે. ખ્રિસ્તમાં, આપણે ઈશ્વર તરફથી આવનાર દરેક આશીર્વાદથી આશીર્વાદિત થયા છીએ (એફેસીઓને પત્ર 1:3). ઈસુના નામમાં, ચમત્કારો થાય છે, પરિસ્થિતિઓ બદલાઈ જાય છે, અશક્ય બાબતો શક્ય બને છે, દરેક શાપ દૂર કરવામાં આવ્યો છે અને ઈશ્વરના આશીર્વાદો મુક્તપણે વહેતા કરવામાં આવ્યા છે.

**નિકટનો ખંડી લેનાર, છોડાવનાર**—આપણા નિકટના ખંડી લેનાર, આપણને છોડાવનાર જે બન્યા તેમનું નામ "ઈસુ" છે (યશાયા 59:20; રોમનોને પત્ર 11:26). તે આપણામાંના એક

(હિબ્રૂઓને પત્ર 2:11,14,15; હિબ્રૂઓને પત્ર 10:5), આપણા સગા ભાઈ, આપણા કુટુંબના સભ્ય બન્યા જેથી કરીને આપણી પરિસ્થિતિમાં દાખલ થઈને આપણને તેમાંથી બહાર કાઢી લાવે. ઈસુ છેલ્લા આદમ અને બીજા માણસ છે (1 કરિંથીઓને 15:45-47). તે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ છે (1 તિમોથીને 2:5). આ માણસે આપણને પતનમાંથી છોડાવ્યા છે. જે સર્વ બાબતોની હેઠળ આદમ આપણને લાવ્યો હતો તેમાંથી તે આપણને બહાર કાઢી લાવ્યા. તેમણે પોતાની જાતને આપણા બધાને માટે ખંડણી તરીકે, છુટકારાના મૂલ્ય તરીકે આપી દીધી (1 તિમોથીને 2:6). તે નિર્ધન બન્યા કે જેથી આપણે ધનવાન બનીએ (2 કરિંથીઓને 8:9). હવે આપણે ઈશ્વરથી છોડાવાયેલા—પાપના બંધનથી મુક્ત કરાયેલા (રોમનોને પત્ર 6:14; તિતસને પત્ર 2:14), દરેક શાપથી મુક્ત કરાયેલા (ગલાતીઓને પત્ર 3:13), શેતાનથી છોડાવાયેલા (કલોસીઓને પત્ર 1:13,14), અને આ હાલના ભૂંડા જગતથી છોડાવેલા છીએ (ગલાતીઓને પત્ર 1:4). આપણે જે હતા તે એ બન્યા જેથી કરીને તે આપણને પોતે જે જગ્યાએ છે ત્યાં ઉપર ઉઠાવીને ઈશ્વરના દીકરા દીકરીઓ, ઈશ્વરના વારસ અને સહ વારસ બનાવી શકે. અને તેમને કારણે જ, આપણને ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, ઈશ્વરની ભરપૂર કૃપાની ઉદાર વૃષ્ટિ આપણા પર કરવામાં આવી છે અને આપણે જીવનમાં રાજ કરીએ છીએ (રોમનોને પત્ર 5:15-19). મારા ઉદ્ધારક જીવતા છે! (અયૂબ 19:25,26) ઈસુનું પરાક્રમી નામ ઉદ્ધાર કરે છે, છોડાવે છે, બંધનો તોડે છે, જુલમથી કચડાયેલાઓનો છુટકારો કરે છે, ગુલામોને મુક્ત કરે છે અને આપણને જીવનમાં રાજ કરવા અને આપણા જીવનનું પ્રભુત્વ મેળવવા સહાય કરે છે!

**શેતાનનો નાશ કરનાર**—સર્પના માથાને છુંદવા માટે આવેલ સ્ત્રીના બીજનું નામ “ઈસુ” છે (ઉત્પત્તિ 3:15). શેતાનને પૃથ્વી પરના તેના શાસનપદથી હાંકી કાઢનાર તે એ જ છે (યોહાન

12:31). આ એ જ ઈસુ છે જેમની પાસે શેતાન આવ્યો હતો ખરો પણ તેને તેમનામાં કોઈ જગ્યા, પગ પેસારો, પગ મૂકવાની જગ્યા, કોઈ સત્તા કે કશું જ મળ્યું નહિ (યોહાન 14:30). આ ઈસુએ, વધસ્તંભ પર, શેતાનનો ન્યાય કર્યો, તેને દોષિત ઠરાવ્યો અને તેને શિક્ષા કરી (યોહાન 16:11). આ ઈસુએ, વધસ્તંભ પર, શેતાન અને તેના સર્વ અપદૂતોને નિઃશસ્ત્ર કરી નાખ્યા અને તેમના પર જય મેળવીને તેઓને જાહેર રીતે ઉઘાડ્યા પાડ્યાં (કલોસીઓને પત્ર 2:15). તે એવા મહા બળવાન છે જેમણે બળવાનના ઘરમાં ઘૂસીને, તેને નિઃશસ્ત્ર કરીને તેનો સરસામાન લૂંટી લીધો (લૂક 11:21,22). આ ઈસુએ, પોતાના મરણ વડે શેતાનનો નાશ કર્યો (હિબ્રૂઓને પત્ર 2:14). આ બધું તેમણે આપણા માટે, આપણા પ્રતિનિધિ તરીકે, અને આપણા વતી કર્યું. આજે, ઈસુના પરાક્રમી નામમાં, વિશ્વાસીની આગળ શેતાન અને તેના અપદૂતો કંપે છે અને નાસી જાય છે, દુષ્ટાત્માઓને હાંકી કાઢવામાં આવે છે, શેતાનના કામોનો નાશ થાય છે અને લોકોને છુટકારો મળે છે.

**વિજયવંત વિજેતા, સનાતન રાજા**—જે નરક અને કબર પર જીત મેળવીને મરણમાંથી વિજયવંત બનીને ઉઠ્યા, જે પ્રથમજનિત, મૂએલાંમાંથી પ્રથમ ઉઠેલા છે તેમનું નામ “ઈસુ” છે (પ્રકટીકરણ 1:5,18; કલોસીઓને પત્ર 1:18). તેમની પાસે જ સ્વર્ગમાં અને પૃથ્વી પર સર્વ અધિકાર છે (માથ્થી 28:18). તે સર્વ બાબતોનું શિર છે અને તેમના પગ નીચે સઘળી બાબતો મૂકવામાં આવી છે. સર્વ રાજ્યસત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું અને કેવળ આ કાળમાંનું જ નહિ, પણ ભવિષ્યકાળમાંનું દરેક નામ જે હોય, એ સર્વ કરતા ઊંચે, પિતાને જમણે હાથે એ બેઠેલા છે (એફેસીઓને પત્ર 1:20-22). આજે, એ નવા કરારના મધ્યસ્થ  (1 તિમોથીને 2:4,5; હિબ્રૂઓને પત્ર 7:25; હિબ્રૂઓને પત્ર 8:6; હિબ્રૂઓને પત્ર 9:16,17), આપણે જે સ્વીકાર્યું છે તેના પ્રેરિત (હિબ્રૂઓને પત્ર 3:1), આપણા અગ્રેસર (હિબ્રૂઓને પત્ર

6:20), પવિત્રસ્થાનના સેવક (હિબ્રૂઓને પત્ર 8:2), આપણા મહાન પ્રમુખયાજક (હિબ્રૂઓને પત્ર 3:1; હિબ્રૂઓને પત્ર 4:14), મધ્યસ્થી કરનાર (હિબ્રૂઓને પત્ર 7:25), અને આપણી હિમાયત કરનાર (1 યોહાન 2:1) છે. તે પ્રથમ અને છેલ્લા, આલ્ફા અને ઓમેગા, જેમનામાં સર્વ બાબતો એકસાથે જળવાઈ રહે છે તે, જે આદિ અને અંત, અને તેમ છતાં પોતે શરૂઆત કે અંત વિનાના, આદિથી લઈને અંત સુધી સર્વોચ્ચ અને સર્વોપરી છે (પ્રકટીકરણ 1:8; પ્રકટીકરણ 2:8; પ્રકટીકરણ 21:6; પ્રકટીકરણ 22:13). તે આમેન (પ્રકટીકરણ 3:14), તે પ્રમાણે થાઓ, ઈશ્વરના સર્વ હેતુઓની પરિપૂર્ણતા છે (એફેસીઓને પત્ર 1:10; એફેસીઓને પત્ર 3:10,11). તે યશાઈનું ઠુંઠું (યશાયા 11:1), અંકુર (યશાયા 11:1; ઝખાર્યા 3:8; ઝખાર્યા 6:12), વચન પ્રમાણે દાઉદનું સંતાન (2 તિમોથીને 2:8), દાઉદનું થડ તથા સંતાન (પ્રકટીકરણ 5:5; પ્રકટીકરણ 22:16), યહૂદાના કુળનો સિંહ (પ્રકટીકરણ 5:5) જેમણે સર્વ પર જીત મેળવી છે તે એ છે. તે પૃથ્વી પરના રાજાઓના અધિપતિ છે (પ્રકટીકરણ 1:5). તે ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુ (1 તિમોથીને 1:12), મહિમાના પ્રભુ (1 કરિંથીઓને 2:8) અને સર્વના પ્રભુ છે (પ્રેરિતોનાં કૃત્યો 10:36). તે સૌથી ઊંચી પદવી, સર્વમાં શ્રેષ્ઠ છે, અને તેથી તે સર્વદા અતિ ઉચ્ચ ઉન્નત સ્થાને બિરાજેલા રહેશે (કલોસીઓને પત્ર 1:18). તે ધન્ય તથા એકલા સ્વામી, રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ, અમર, અજેય, સદાકાળ ગૌરવ અને સામર્થ ધરાવનાર, જે સદાકાળ રાજ કરવા પાછા આવનાર છે. આમેન (1 તિમોથીને 6:15,16; પ્રકટીકરણ 19:15,16). તેમનું નામ આપણને જે કઈ જોઈએ તે પૂરું પાડે છે. તેમનું નામ સર્વ ક્ષેત્રોમાં હુકૂમત ધરાવે છે અને ઈસુના નામ આગળ સ્વર્ગમાંના અને પૃથ્વી પરના અને નરકના સર્વ ઘૂંટણ નમશે અને દરેક જીભ કબૂલ કરશે કે એ એકલા જ પ્રભુ છે.

ઈસુ શારીરિક રીતે ઉપસ્થિત રહીને જે સર્વ કરતાં એ સર્વ બાબતો તેમના નામને વિશ્વાસથી વિનંતી કરવાથી થાય છે. તે તેમના નામનો ઉલ્લેખ કરવા જેટલા નજીક છે. તે જે છે તે અને તેમણે જે સિદ્ધ કર્યું છે તે સઘળું તે નામમાં રહેલું છે, સમાયેલું છે, અને તેમના ગૌરવી નામ મારફતે તે સર્વ અભિવ્યક્ત થાય છે. તે, ઈસુ, પોતે તેમના નામમાં છે.

તે જે છે તે
અને તેમણે જે સિદ્ધ કર્યું છે તે સઘળું
તે નામમાં રહેલું છે, સમાયેલું છે,
અને તેમના ગૌરવી નામ મારફતે
તે સર્વ અભિવ્યક્ત થાય છે.

## સમીક્ષા

1) વ્યક્તિ ઈસુ, તે કોણ છે, તેમણે શું સિદ્ધ કર્યું છે, અને આવનાર સમયોમાં તે શું સિદ્ધ કરશે તે વિષે મનોમંથન કરો. આ પ્રકરણમાં ઉલ્લેખ કર્યા નથી એવા ઈસુના ઓછામાં ઓછા ત્રણ પાસાઓ વિષે વિચાર કરો, જેનો ઈસુ જે છે તે વિષેના વર્ણનમાં તમે ઉમેરો કરી શકો.

# 3
# જૂના કરારમાં ઈશ્વરના નામોનું પ્રકટીકરણ

ઈસુએ તેમના નામનો ઉપયોગ કરવાનો આપણને અધિકાર આપીને, આપણ વિશ્વાસીઓ માટે જે પણ ઉપલબ્ધ કરાવ્યું છે, તેની ઊંડાણથી શોધખોળ કરવાની આપણે તૈયારી કરી રહ્યા છીએ ત્યારે, આપણે બે મહત્વના પાસાઓને આવરી લેવાની જરૂર છે.

સૌપ્રથમ, આપણે એ સમજી લેવાનું છે કે, ઈસુએ પોતાના નામનો ઉપયોગ કરવા વિષે જે 12 પ્રેરિતો અને ત્યારબાદ 70 શિષ્યો અને અન્ય લોકો સાથે વાત કરી, તે યહૂદી લોકો હતા. તેઓની આત્મિક વિરાસતના એક ભાગ તરીકે, તેઓના દૈનિક જીવનની બાબતોમાં પ્રભુ પરમેશ્વરના નામના ઉપયોગ વિષે તેઓ ઊંડી સમજણ ધરાવતા હતા. નવા કરારના વિશ્વાસીઓ તરીકે, જૂના કરારમાં નજર નાખવાથી આપણને પણ એવી સમજ પ્રાપ્ત કરવામાં મદદ મળશે. આ પ્રકરણમાં આપણે, જૂના કરારની સમજ વિષે અને પ્રભુ પરમેશ્વરના નામના ઉપયોગનો ત્વરિત સર્વેક્ષણ કરીશું.

બીજું, પ્રભુ ઈસુ આપણા માટે, આપણને સોંપવામાં આવેલ આત્મિક અધિકારમાં ચાલવાનો અર્થ શું છે, તેનું સચોટ ઉદાહરણ અને મૂર્ત સ્વરૂપ છે. પ્રભુ ઈસુ પિતાના નામમાં આવ્યા અને તેમણે પિતાના નામમાં પિતાના કાર્યો કર્યા. જેવી રીતે ઈસુ પિતાના નામમાં પિતાના પ્રતિનિધિ તરીકે આવ્યા એવી જ રીતે તે આપણને પણ તેમના નામમાં તેમના પ્રતિનિધિ તરીકે બહાર મોકલે છે. પિતાના નામમાં આવવાનો અર્થ ઈસુના માટે શું

હતો, તે આપણે હવે પછીના પ્રકરણમાં જોઈએ છીએ. આપણે પણ જ્યારે ઈસુના નામમાં જગતમાં જવાની ઈચ્છા રાખીએ છીએ ત્યારે આપણે પણ એવું જ કરવું જોઈએ.

એકવાર આપણે આ બે મહત્વના પાસાઓને આવરી લઈએ ત્યારબાદ ઈસુના નામનો ઉપયોગ કરવાનો આપણા વિશેષાધિકાર અને હક વિષે ઊંડાણથી સમજીશું અને નવો કરાર આપણી સામે શું પ્રસ્તુત કરે છે તેને આવરી લઈશું. સૌપ્રથમ, અમે તમારી સમક્ષ, જૂના કરારમાં આપેલ ઈશ્વરના થોડા મહત્વના નામો અને શિર્ષકો રજૂ કરીએ છીએ. ત્યારબાદ આપણે, ઈસ્રાએલીઓ તેઓના દૈનિક જીવનોમાં ઈશ્વરના નામને કેવો આદર આપતા હતા તેનું સર્વેક્ષણ કરીશું.

## *એલોહિમ (ઈશ્વર)*

**ઉત્પત્તિ 1:1**

**આદિએ ઈશ્વરે *(એલોહિમ)* આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા.**

હિબ્રૂ શબ્દ *'એલોહિમ'* નો વધારે ઉપયોગ  થાય છે, જેનો જૂના કરારમાં "ઈશ્વર" તરીકે તરજુમો કરવામાં આવ્યો છે, અને તે સર્વસમર્થ, પરાક્રમી, બળવાન અને સર્વશક્તિમાન ઈશ્વરને લાગુ પડે છે. રસપ્રદ રીતે, *'એલોહિમ'* હિબ્રૂમાં બહુવચન છે, અને તેનો ઉપયોગ "ઈશ્વરો" અથવા "બળવાન માણસો" અથવા "પરાક્રમી માણસો" (એક કરતાં વધુ) ના અર્થમાં થઈ શકે છે. મહત્વપૂર્ણ રીતે, જ્યારે પણ ઈશ્વર માટે *'એલોહિમ'* શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે હંમેશા એકવચન ક્રિયાપદો સાથે જ વપરાય છે. તેથી, જોકે *'એલોહિમ'* બહુવચન નામ છે, તોપણ ઈશ્વરના સંદર્ભમાં તેનો એકવચન રીતે ઉપયોગ થાય છે, અને આમ કોઈ પણ જાતના વિભાજન વિના એકતા અને સંમતિ સૂચવે છે—*"હવે હે ઇસ્રાએલ, સાંભળ: યહોવા આપણા ઈશ્વર (એલોહિમ) તે એકલા જ યહોવા છે!"* (પુનર્નિયમ 6:4) *'એલોહિમ'*નો સમૂહવાચક નામની જેમ વારંવાર સંયુક્ત-

બહુવચન નામ તરીકે સંદર્ભ આપવામાં આવે છે. આ ત્રિએક ઈશ્વર, એક ઈશ્વરમાં રહેલા ત્રણ વ્યક્તિઓ તરફ નિર્દેશ કરે છે. *"સ્વર્ગમાં ત્રણ છે કે જે સાક્ષી પૂરે છે: પિતા, શબ્દ અને પવિત્ર આત્મા; અને આ ત્રણેય એક છે"* (1 યોહાનનો 5:7). *'એલોહિમ,'* બાઈબલના ઈશ્વર, જે ઈશ્વરે સઘળું ઉત્પન્ન કર્યું એ એક જ ઈશ્વર છે, જેમનામાં ત્રણ વ્યક્તિઓ છે.

## *એલ (ઈશ્વર)*

હિબ્રૂ શબ્દ *'એલ'* જેનો તરજુમો "ઈશ્વર" કરાયો છે તે બળવાન, સર્વશક્તિમાન કે પરાક્રમી વ્યક્તિને દર્શાવે છે. તે એ બતાવે છે કે ઈશ્વર પરાક્રમી છે. તેનો સૌપ્રથમ ઉલ્લેખ ઉત્પત્તિ 14:18 માં જોવા મળે છે. એલ  ઈશ્વરના કેટલાક ગુણો સાથે જોડાયેલ છે (કેટલાક શાસ્ત્ર સંદર્ભો સહિત તેની યાદી આપવામાં આવી છે). આપેલ શાસ્ત્ર સંદર્ભો તરફ તમે નજર નાખો, તેના પર મનન કરો અને ઈશ્વરના તે નામો અને ગુણો પર લાંબા સમય સુધી વિચાર કરો એ તમારા સમયનો યથાયોગ્ય ઉપયોગ બની રહેશે.

ઈશ્વરના આ ગુણો પર મનન કરતી વખતે તમારા હૃદયોમાં ઈશ્વર પ્રત્યે આરાધનાનો ભાવ ઊઠે એવું થવા દો.

- ***એલ એલ્યોન:*** પરાત્પર ઈશ્વર, સર્વોચ્ચ ઈશ્વર (ઉત્પત્તિ 14:18-22)
- ***એલ શદ્દાઈ:*** સર્વસમર્થ ઈશ્વર, સર્વ વાતે સમૃદ્ધ, જરુરીયાતથી અધિક એવા ઈશ્વર, પોષણ કરનાર (ઉત્પત્તિ 17:1)
- ***એલ ઓલામ:*** સનાતન ઈશ્વર, અનંતકાળના ઈશ્વર, સદાકાળના ઈશ્વર (ઉત્પત્તિ 21:33)
- ***એલ કન્ના:*** આસ્થાવાન ઈશ્વર (નિર્ગમન 20:5)

- ***એલ રખૂમ:*** દયાળુ ઈશ્વર, કરૂણાળુ ઈશ્વર (પુનર્નિયમ 4:31)
- ***એલ અમન:*** વિશ્વાસુ ઈશ્વર (પુનર્નિયમ 7:9)
- ***એલ ગદોલ:*** પરાક્રમી ઈશ્વર, મહાન ઈશ્વર (પુનર્નિયમ 7:21; પુનર્નિયમ 10:17)
- ***એલ ગિબ્બોર:*** પરાક્રમી ઈશ્વર, યુદ્ધ કરનાર ઈશ્વર (પુનર્નિયમ 10:17)
- ***એલ યારે:*** ભયાનક ઈશ્વર, ભયાવહ ઈશ્વર (પુનર્નિયમ 10:17)
- સત્ય અને અન્યાયી નહિ એવા ઈશ્વર *(એલ)*; ન્યાયી અને ખરા ઈશ્વર (પુનર્નિયમ 32:4)
- ***એલ ખાહી:*** જીવતા ઈશ્વર (યહોશુઆ 3:10)

---

ઈશ્વરના નામો અને શીર્ષકો
ઈશ્વરના
સ્વભાવ અને ગુણોના
પાસાઓ પ્રગટ કરે છે.

---

## હું જે છું તે છું

**નિર્ગમન 3:13-15**

**13 અને મૂસાએ ઈશ્વરને કહ્યું કે, "જો, હું ઈસ્રાએલપુત્રોની પાસે જઈને તેઓને કહું કે, 'તમારા પિતૃઓના ઈશ્વરે મને તમારી પાસે મોકલ્યો છે;' અને તેઓ મને પૂછે કે, 'તેમનું નામ શું છે' તો તેઓને હું શું કહું?"**
**14 અને ઈશ્વરે મૂસાને કહ્યું કે, "હું જે છું તે છું;" અને તેમણે કહ્યું કે, તું ઈસ્રાએલપુત્રોને કહેજે કે 'હું છું એ મને તમારી પાસે મોકલ્યો છે.'**
**15 અને ઈશ્વરે મૂસાને એમ પણ કહ્યું કે, ઈસ્રાએલપુત્રોને કહે કે, તમારા પિતૃઓના ઈશ્વર યહોવાએ, એટલે ઈબ્રાહિમના ઈશ્વર, તથા ઈસહાકના ઈશ્વર**

**તથા યાકૂબના ઈશ્વરે મને તમારી પાસે મોકલ્યો છે; મારું નામ સદા એ જ છે, ને મારી યાદગીરી વંશપરંપરા એ જ છે.**

નિર્ગમન 3માં નોંધવામાં આવ્યું છે તે અનુસાર, જ્યારે મૂસાએ ઈશ્વરને તેમનું નામ પૂછ્યું, તો *'એલોહિમે'* મૂસાને કહ્યું "**હું છું**" (હંમેશા અસ્તિત્વમાં રહેનાર, હંમેશા રહેનાર) "**તે**" "**હું છું**" (હંમેશા અસ્તિત્વમાં રહેનાર, હંમેશા રહેનાર), અથવા હંમેશા અસ્તિત્વ ધરાવનાર, જે હંમેશા રહે છે એ ઈશ્વરના સંદર્ભમાં "**હું છું**" એ ટૂંકું નામ છે. બાઈબલના ઈશ્વર સમયની મર્યાદાથી સ્વતંત્ર છે. તે હાલમાં અનંતકાળમાં જીવે છે. તે છે. તે સમયના ક્ષેત્રની બહાર રહે  છે. આપણે જાણીએ છીએ તેમ તેમને માટે સમયની કોઈ મર્યાદા નથી. તે સનાતન, સ્વ-અસ્તિત્વ ધરાવનાર ઈશ્વર છે. આ જ મહાન **હું છું** *"ઈબ્રાહિમના ઈશ્વર, ઈસહાકના ઈશ્વર, અને યાકૂબના ઈશ્વર છે."* આ મહાન **હું છું** ની સાથે આ પિતૃઓ ચાલ્યા અને એમની સેવા કરી.

રસપ્રદ રીતે, આપણે એ જાણીએ છીએ કે, નવા કરારમાં પ્રભુ ઈસુએ પોતાના માટે આ જ શીર્ષકનો ઉપયોગ કર્યો. *"ઈસુએ તેઓને કહ્યું કે, હું તમને ખચીત ખચીત કહું છું કે, ઈબ્રાહિમનો જન્મ થયા પહેલાંનો હું છુ"* (યોહાન 8:58).

## યહોવા (પ્રભુ)

ઈસ્રાએલીઓ માટે કદાચ સૌથી મહત્વનું નામ અને સમગ્ર જૂના કરારમાં વપરાયેલું નામ એ તો હિબ્રૂ કરારનું નામ *"યહોવા"* (અથવા *યાહવે*) છે. અંગ્રેજી બાઈબલની વિવિધ આવૃતિઓમાં આ નામનો તરજુમો પ્રભુ, યહોવા, યાહવે, ઈશ્વર વગેરે કરાયો છે. કિંગ જેમ્સ વર્ઝન અને ન્યુ કિંગ જેમ્સ વર્ઝન "યહોવા" નો તરજુમો પ્રભુ તરીકે પ્રસ્તુત કરે છે અને તે આસાનીથી ઓળખી શકાય તેમ છે.

**નિર્ગમન 6:2-4**

**2 અને ઈશ્વરે મૂસાની સાથે બોલતાં તેને કહ્યું કે, "હું યહોવા છું;**

**[3] અને સર્વસમર્થ ઈશ્વર, એ નામે મેં ઈબ્રાહિમને તથા ઈસહાકને તથા યાકૂબને દર્શન દીધું, પણ યહોવા એ મારા નામથી તેઓ મને ઓળખતા નહોતા.**
**[4] અને તેઓના પ્રવાસનો દેશ, એટલે કનાન દેશ કે, જેમાં તેઓએ પ્રવાસ કર્યો તે, તેઓને આપવાનો મારો કરાર પણ મેં તેમની સાથે કર્યો છે.**

"યહોવા" નામ સનાતન, સ્વ-અસ્તિત્વ ધરાવનાર, અવિનાશી, કરાર પાળનાર ઈશ્વરને દર્શાવે છે. મૂસાને સોંપેલ કામ પર મોકલતી વખતે ઈશ્વરે તેની સાથે વાત કરતા પોતાના નામ "યહોવા" પર ભાર મૂકતા એ નિર્દેશ કર્યો કે તે પોતે કરાર પાળનાર ઈશ્વર છે. "યહોવા" નામ ઈશ્વરના ખાસ લોકો માટે ઈશ્વરનું કરારનું નામ હતું. આ નામ મારફતે, પોતાના લોકો સાથે તે કરારમાં હતા, અને પોતે જે સઘળું છે, તે પોતાના લોકો માટે ઉપલબ્ધ કરાવ્યું હતું. તેમના લોકો તેમના નામનો આદર કરે અને એકલા તેમની જ સ્તુતિ કરે એવી તે અપેક્ષા રાખતા હતા. *"હું યહોવા છું; એ જ મારું નામ છે; હું મારું ગૌરવ બીજાને, તથા મારી સ્તુતિ કોરેલી મૂર્તિઓને આપવા દઈશ નહિ"* (યશાયા 42:8).

આપણે જૂના કરારના શાસ્ત્ર ભાગોમાં યહોવાના એવા ઘણા શીર્ષકો જોઈએ છીએ જે, ઈશ્વર યહોવા કોણ છે, તે શું હશે, અને પોતાના લોકો માટે તે શું કરશે તેના વિવિધ પાસાઓને પ્રગટ કરે છે.

- ***યહોવા-લોહિમ:*** સનાતન સર્જનહાર (ઉત્પત્તિ 2:4-25)
- ***અદોનાઈ-યહોવા:*** ઈશ્વર આપણા સર્વોપરી; માલિક યહોવા (ઉત્પત્તિ 15:2,8)
- ***યહોવા-યિરેહ:*** ઈશ્વર જોશે કે પૂરું પાડશે (ઉત્પત્તિ 22:8-14)
- ***યહોવા-રાફા:*** ઈશ્વર આપણા સાજા કરનાર (નિર્ગમન 15:26)
- ***યહોવા-નિસ્સી:*** ઈશ્વર આપણી  ધ્વજા (નિર્ગમન 17:15)

- ***યહોવા-એલોહેકા:*** તારા પ્રભુ ઈશ્વર (નિર્ગમન 20:2,5,7)
- ***યહોવા-મેકાદિશકેમ:*** આપણને પવિત્ર કરનાર ઈશ્વર (નિર્ગમન 31:13; લેવીય 20:8; લેવીય 21:8; લેવીય 22:9,16,32; હઝકિયેલ 20:12)
- ***યહોવા-શાલોમ:*** ઈશ્વર આપણી શાંતિ (ન્યાયાધીશો 6:24)
- ***યહોવા-સબાઓથ:*** સૈન્યોના ઈશ્વર (1 શમુએલ 1:3 વગેરે. 284 વખત)
- ***યહોવા-એલ્યોન:*** પરાત્પર ઈશ્વર (ગીતશાસ્ત્ર 7:17; ગીતશાસ્ત્ર 47:2; ગીતશાસ્ત્ર 97:9)
- ***યહોવા-રોહી:*** ઈશ્વર મારા પાળક (ગીતશાસ્ત્ર 23:1)
- ***યહોવા-હોસિનું:*** ઈશ્વર આપણા કર્તા (ગીતશાસ્ત્ર 95:6)
- ***યહોવા-એલોહિનું:*** ઈશ્વર આપણા પ્રભુ (ગીતશાસ્ત્ર 99:5,8,9)
- ***યહોવા-સિદકેનું:*** ઈશ્વર આપણું ન્યાયીપણું (યર્મિયા 23:6; યર્મિયા 33:16)
- ***યહોવા-શામ્માહ:*** ઈશ્વર હાજર છે (હઝકિયેલ 48:35)
- ***યહોવા-એલોહે:*** ઈશ્વર મારા પ્રભુ (ઝખાર્યા 14:5)

## દૈનિક જીવનમાં ઈશ્વરનું નામ

હવે અમે, જૂના કરારમાં પ્રભુના લોકો માટે ઈશ્વરના નામનો અર્થ શું થતો હતો તેનું ઝડપી સર્વેક્ષણ રજૂ કરીએ છીએ. આપણે એ બાબતને ધ્યાનમાં રાખવી જોઈએ કે આ પ્રકટીકરણ અથવા આત્મિક સમજણ વિકાસશીલ હતી. એટલે કે, ઈશ્વરના લોકો આ બાબતો સમયાંતરે અને પેઢી દર પેઢી શીખ્યા.

**લોકોએ ઈશ્વરના નામને પ્રાર્થના કરીને ઈશ્વરનું ભજન કર્યું.** ઈબ્રાહિમ એક મહાન ઉદાહરણ છે કે જેણે પોતાની યાત્રાઓ

દરમિયાન, અલગ અલગ સ્થળોએ વેદીઓ બાંધી અને ઈશ્વરના નામે પ્રાર્થના કરી (ઉત્પત્તિ 12:8; ઉત્પત્તિ 13:4; ઉત્પત્તિ 21:33; ઉત્પત્તિ 22:14; ઉત્પત્તિ 26:25). આ ખાસ મુલાકાતોના સમય હતા, અને ઈશ્વરના સ્વભાવના ચોક્કસ પાસાને પ્રગટ કરતાં ઈશ્વરના નવા નામને જાહેર કરવામાં આવ્યું. **ઉદાહરણ**: *યહોવા -યિરેહ* જેનો અર્થ છે "ઈશ્વર પૂરું પાડશે" (ઉત્પત્તિ 22:14).

**ઈશ્વરે કરેલા કાર્યોને આધારે લોકોએ ઘણીવાર ઈશ્વરની સ્તુતિ કરી.** લાલ સમુદ્ર પાર કર્યા પછી, તેઓએ જાહેર કર્યું, *"યહોવા તો યોદ્ધો છે; તેમનું નામ યહોવા છે"* (નિર્ગમન 15:3). અમાલેક પર જીત મેળવ્યા પછી, *"મૂસાએ એક વેદી બંધાવી, ને તેનું નામ ઈશ્વર—મારી ધ્વજા છે, પાડયું"* (નિર્ગમન 17:15).

**તેઓએ ઈશ્વરનું નામ વ્યર્થ લેવાનું નહોતું.** દસ આજ્ઞાઓમાંની ત્રીજી આજ્ઞા એ હતી કે, *"તારા ઈશ્વર યહોવાનું નામ તું વૃથા ન લે; કેમ કે જે તેનું નામ વૃથા લે છે તેને યહોવા નિર્દોષ ગણશે નહિ"* (નિર્ગમન 20:7). *"અને તમે મારે નામે જૂઠા સોગન ન ખાઓ, ને તારા ઈશ્વરનું નામ ન વટાળ; હું યહોવા છું"* (લેવીય 19:12).

**નામની ઘોષણા કરવાથી મહિમા પ્રગટ થતો હતો.** જૂના કરારમાં આ મહત્વના પ્રકટીકરણને આપણે જોઈએ છીએ. જ્યારે મૂસાએ ઈશ્વરના મહિમા જોવા વિષે પૂછ્યું, ત્યારે ઈશ્વરે પ્રત્યુત્તર આપતા કહ્યું કે, *"હું તારી આગળ યહોવાનું નામ પ્રગટ કરીશ"* (નિર્ગમન 33:19). પ્રભુના નામની ઘોષણાથી ઈશ્વરના ગૌરવનો પ્રવેશ થાય છે. તે રાજાના આગમનની જાહેરાત કરતી શોભાયાત્રા છે. *"અને મૂસાએ કહ્યું, "કૃપા કરીને તમારું ગૌરવ મને દેખાડો." અને યહોવાએ કહ્યું, "હું મારી સઘળી ભલાઈનું દર્શન તને કરાવીશ, ને હું તારી આગળ યહોવાનું નામ પ્રગટ કરીશ; અને જેના પર હું કૃપા કરવા ચાહું તેના પર હું કૃપા કરીશ, ને જેના પર રહેમ કરવા ચાહું તેના પર રહેમ કરીશ"*

(નિર્ગમન 33:18,19, નિર્ગમન 34:5-8 પણ જુઓ).

પ્રભુના નામની ઘોષણાથી
ઈશ્વરના ગૌરવનો પ્રવેશ થાય છે.

**તેમના નામમાં પ્રતિજ્ઞા લેવી (માનતા લેવી).** રસપ્રદ રીતે, લોકોને પ્રભુના નામે ગંભીર વાયદાઓ કરવા, પ્રતિજ્ઞાઓ અને માનતા લેવા માટે સૂચના આપવામાં આવી હતી. આના લીધે ઈશ્વર માનતામાં સાક્ષી બની જતા  હતા, અને આમ તેઓએ જે વચન આપ્યું હોય તે પાળવા તેઓ બંધાયેલા હતા. *"યહોવા તારા ઈશ્વરનો ડર રાખ. અને તેમની જ સેવા કર, ને તેમના નામમાં પ્રતિજ્ઞા લે"* (પુનર્નિયમ 6:13). યોનાથાન અને દાઉદ બંનેએ યહોવાને નામે સમ ખાધા (1 શમુએલ 20:42). પ્રભુ ઈસુએ આપણને જે શીખવ્યું તે આપણે યાદ રાખીએ, *"કંઈ જ સમ ન ખાઓ;"* પણ; *"તમારું બોલવું તે 'હા' તે  'હા',ને  'ના' તે 'ના' હોય"* (માથ્થી 5:34,37).

**યાજકોએ યહોવાના નામમાં લોકોને આશીર્વાદ આપ્યો.** પ્રભુએ યાજકોને તેમની સેવા કરવા અને યહોવાને નામે આશીર્વાદ આપવા માટે નિયુક્ત કર્યા. *"તે સમયે યહોવાએ લેવીના કુળને યહોવાનો કરારકોશ ઊંચકવા માટે, યહોવાની હજૂરમાં ઊભા રહીને તેમની સેવા કરવા માટે, તથા તેમને નામે આશીર્વાદ આપવા માટે જુદું પાડ્યું, અને આજ સુધી તે તેમજ છે"* (પુનર્નિયમ 10:8, પુનર્નિયમ 21:5 પણ વાંચો). દાઉદ રાજાએ, કરારકોશ યરૂશાલેમ નગરમાં લાવ્યા પછી, *"સૈન્યોના યહોવાને નામે લોકોને આશીર્વાદ આપ્યો"* (2 શમુએલ 6:18).

**યાજકો અને લેવીઓએ યહોવાને નામે સેવા કરી.** *"કેમ કે યહોવા તારા ઈશ્વરે તારાં સર્વ કુળોમાંથી તેને તથા તેના પુત્રોને*

*સદાને માટે પસંદ કર્યા છે કે, તેઓ ઊભા રહીને યહોવાને નામે સેવા કરે"* (પુનર્નિયમ 18:5). તેથી યાજકો લોકોની સમક્ષ ઈશ્વરના પ્રતિનિધિઓ બન્યા અને ઈશ્વરની આગળ લોકોનું પ્રતિનિધિત્વ કર્યું.

**પ્રબોધકો પ્રભુના નામથી બોલ્યા.** સમગ્ર જૂના કરારમાં, પ્રબોધકો પ્રભુના નામથી બોલ્યા (યાકૂબનો પત્ર 5:10). પ્રભુના નામથી પ્રબોધકો જે બોલ્યા તેના પર રાજાઓએ અને લોકોએ વિશ્વાસ કર્યો અને તેના પર અમલ કર્યો. દાખલા તરીકે, 1 કાળવૃત્તાંત 21:19 નોંધે છે, *"જે વચન ગાદે યહોવાને નામે કહ્યું, તે પ્રમાણે દાઉદ ત્યાં ગયો."*

**જ્યાં ઈશ્વરનું નામ છે, ત્યાં ઈશ્વર વસે છે.** બીજું રસપ્રદ સત્ય કે જેમાં લોકો ચાલ્યા તે એ હતું કે, જે જગ્યાએ ઈશ્વરે પોતાનું નામ રાખ્યું ત્યાં તે વસ્યા અને લોકો ત્યાં આરાધના કરી શક્યા. *"પણ તમારા સર્વ કુળોમાંથી જે સ્થળ યહોવા તમારા ઈશ્વર પોતાનું નામ રાખવા માટે પસંદ કરશે તે સ્થળ આગળ એટલે તેના રહેઠાણ આગળ તમારે ભેગા થવું, ને ત્યાં તારે આવવું"* (પુનર્નિયમ 12:5). નવા કરારમાં વિશ્વાસી ઈશ્વરના આત્મા વડે તેમનું નિવાસસ્થાન છે. જૂના કરારથી વિપરીત, નવા કરારમાં, પ્રભુના નામમાં વિશ્વાસીઓનું એકઠા મળવું તેમની હાજરીનું સ્થાન બને છે.

**યહોવાને નામે તેડાયેલા લોકો.** ઈસ્રાએલી લોકો યહોવા ઈશ્વરનું નામ ધારણ કરનાર લોકો હતા. *"અને પૃથ્વીના સર્વ લોક જોશે કે, યહોવાના નામ પરથી તારું નામ પડેલું છે; અને તેઓ તારાથી બીશે"* (પુનર્નિયમ 28:10). તેઓએ તેમનું નામ ધારણ કર્યું હતું તે કારણે, અને તેમના પોતાના નામના આદરને કારણે, ઈશ્વર તેમના લોકોનો ત્યાગ કરશે નહિ. *"કેમ કે યહોવા પોતાના મોટા નામની ખાતર પોતાના લોકને તજી દેશે નહિ; કારણ કે તમને પોતાના ખાસ લોક કરવા એ યહોવાને સારું*

*લાગ્યું છે"* (1 શમુએલ 12:22). આને ધ્યાનમાં રાખીને, યહોવાના નામમાં, તેઓએ માફીની, પુનર્જીવિત થવાની, અને રાષ્ટ્રીય રીતે ઈશ્વરીય હસ્તક્ષેપની માંગણી કરી. *"હે યહોવા, તમારા નામની ખાતર મારા અન્યાયની ક્ષમા કરો, કેમ કે તે ઘણા છે"* (ગીતશાસ્ત્ર 25:11). તેઓએ યહોવાના નામમાં પુનર્જીવિત થવાની પ્રાર્થના કરી. *"હે યહોવા, તમારા નામને ખાતર મને જીવાડો"* (ગીતશાસ્ત્ર 143:11). *"હે પ્રભુ, સાંભળો, હે પ્રભુ ક્ષમા કરો; હે પ્રભુ લક્ષ આપો, ને આ અમારી અરજ ફળીભૂત કરો. વિલંબ ન કરો. હે મારા ઈશ્વર, તમારી પોતાની ખાતર એ પ્રમાણે કરો, કેમ કે તમારા નગરનું તથા તમારા લોકોનું નામ તમારા નામ પરથી પડેલું છે"* (દાનિયેલ 9:19).

**તેઓએ યહોવાને નામે શત્રુઓનો સામનો કર્યો**. તેઓ યહોવાને નામે યુદ્ધ કરવા ગયા. *"ત્યારે દાઉદે તે પલિસ્તીને કહ્યું, "તું તરવાર, ભાલો ને બરછી લઈને મારી સામે આવે છે; પણ હું સૈન્યોના યહોવા, ઈસ્રાએલનાં સૈન્યોના ઈશ્વર, જેમનો તેં તિરસ્કાર કર્યો છે, તેમને નામે તારી સામે આવું છું"* (1 શમુએલ 17:45). *"તારા તારણમાં અમે આનંદ માનીશું, આપણા ઈશ્વરને નામે આપણી ધ્વજાઓ ચઢાવીશું; યહોવા તારી સર્વ અરજો સ્વીકારો"* (ગીતશાસ્ત્ર 20:5). *"કોઈ રથ પર [ભરોસો રાખે છે] અને કોઈ ઘોડા પર, પણ આપણે આપણા ઈશ્વર યહોવાના નામનું સ્મરણ કરીશું"* (ગીતશાસ્ત્ર 20:7).

**તેઓએ યહોવાના નામે ગાયન કર્યું અને તે નામની સ્તુતિ કરી.** તેમના નામનું સ્તુતિગાન કરવું, તે તેમનું સ્તુતિગાન હતું. *"માટે, હે યહોવા, હું વિદેશીઓમાં તમારી આભારસ્તુતિ કરીશ, અને તમારા નામનાં સ્તોત્ર ગાઈશ"* (ગીતશાસ્ત્ર 18:49). તેમનું નામ સર્વોત્તમ, અદ્દભુત, ગૌરવપૂર્ણ અને સ્તુતિને યોગ્ય હતું. *"હે યહોવા, અમારા પ્રભુ, આખી પૃથ્વીમાં તમારું નામ કેવું ઉત્તમ છે! તમે આકાશમાં પોતાનો મહિમા મૂક્યો છે"* (ગીતશાસ્ત્ર 8:1). તેઓ

તેમના નામને મહિમા આપશે (ગીતશાસ્ત્ર 29:2; ગીતશાસ્ત્ર 115:1); તેમના નામનો આભાર માનશે (ગીતશાસ્ત્ર 30:4); તેમના નામને બુલંદ માનશે (ગીતશાસ્ત્ર 34:3); તેમના નામની સ્તુતિ કરશે (ગીતશાસ્ત્ર 54:6); તેમના નામને સ્તુત્ય માનશે (ગીતશાસ્ત્ર 96:2); તેમના નામનું ભય રાખશે (ગીતશાસ્ત્ર 86:11). *“સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી યહોવાના નામની સ્તુતિ કરો”* (ગીતશાસ્ત્ર 113:3). ઈશ્વરે તેમના નામને અને તેમના વચનને સર્વ કરતાં ઉન્નત કર્યું—*“હું તમારા પવિત્ર મંદિર તરફ ફરીને ભજન કરીશ, તમારી કૃપા તથા સત્યતાને લીધે હું તમારું નામ વખાણીશ; કેમ કે સર્વ કરતાં તમે તમારા નામનું માહાત્મ્ય વધાર્યું છે”* (ગીતશાસ્ત્ર 138:2).

**યહોવાના નામમાં તેઓને સહાય, સુરક્ષા અને રક્ષણ મળતું હતું.** *“... યાકૂબના ઈશ્વરનું નામ તારું રક્ષણ કરો”* (ગીતશાસ્ત્ર 20:1). *“યહોવાનું નામ મજબૂત કિલ્લો છે; નેકીવાન તેમાં નાસી જઈને સહીસલામત રહે છે”* (નીતિવચનો 18:10). *“અમારી સહાય તો આકાશ તથા પૃથ્વીના સરજનહાર યહોવાના નામમાં છે”* (ગીતશાસ્ત્ર 124:8).

**તેઓ યહોવાને નામે આવનારનો સ્વીકાર કરતા હતા.** *“યહોવાને નામે જે આવે છે તેને ધન્ય છે; યહોવાના મંદિરમાંથી અમે તમને આશીર્વાદ દીધો છે”* (ગીતશાસ્ત્ર 118:26). આ પ્રભુ ઈસુ વિષે પ્રબોધ હતો.

**યહોવાના નામ પર ભરોસો રાખવો એટલે સ્વયં પ્રભુ પર આધાર રાખવો.** *“તમારામાં યહોવાથી બીનાર કોણ છે? તે તેના સેવકનો શબ્દ સાંભળે; જે અંધકારમાં ચાલે છે, ને જેને કંઈ પ્રકાશ નથી, તેણે યહોવાના નામ પર ભરોસો રાખવો, અને પોતાના ઈશ્વર પર આધાર રાખવો”* (યશાયા 50:10). *“પણ હું તારામાં દુઃખી તથા ગરીબ લોકોને રહેવા દઈશ, ને તેઓ યહોવાના નામ પર વિશ્વાસ રાખશે”* (સફાન્યા 3:12).

**દેશો યહોવાના નામ તરફ ફરશે.** વિદેશીઓ યહોવાના નામને પોકારશે અને યહોવા એકલાની જ આરાધના કરવામાં આવશે એ સમય વિષે પ્રબોધકો બોલ્યા. *"તે વેળાએ તેઓ યરૂશાલેમને યહોવાનું રાજ્યાસન કહેશે; અને સર્વ પ્રજાઓ ત્યાં, એટલે યરૂશાલેમમાં, યહોવાના નામની ખાતર ભેગી થશે; અને પોતાના પાપી હૃદયના દુરાગ્રહ પ્રમાણે તેઓ ફરી ચાલશે નહિ"* (યર્મિયા 3:17). *"[તે સમયે] એમ થશે કે, જે કોઈ યહોવાને નામે વિનંતી કરશે, તે તારણ યરૂશાલેમમાં પામશે; કેમ કે જેમ યહોવાએ કહ્યું છે તેમ સિયોન પર્વત પર તથા યરૂશાલેમમાં કેટલાક બચી જશે, ને બાકી રહેલાઓમાંથી જેમને યહોવા બોલાવે છે તેઓ [બચશે]"* (યોએલ 2:32). *"યહોવા આખી પૃથ્વી ઉપર રાજા થશે; તે દિવસે યહોવા એક જ મનાશે, ને તેમનું નામ એક જ હશે"* (ઝખાર્યા 14:9). *"કેમ કે સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી મારું નામ વિદેશીઓમાં મહાન મનાય છે; અને સર્વ સ્થળે મારે નામે ધૂપ [બાળવામાં] તથા પવિત્ર અર્પણ ચઢાવવામાં આવે છે;" કેમ કે સૈન્યોના [ઈશ્વર] યહોવા કહે છે કે, "મારું નામ વિદેશીઓમાં મહાન મનાય છે"* (માલાખી 1:11).

**આપણે જ્યારે તેમના નામનું ચિંતન કરીએ છીએ ત્યારે ઈશ્વર તેની નોંધ લે છે.** *"ત્યારે યહોવાનો ભય રાખનારાઓએ એકબીજા સાથે વાત કરી; અને યહોવાએ તે ધ્યાન દઈને સાંભળ્યું, અને યહોવાનું ભય રાખનારાઓને માટે તથા તેમના નામનું ચિંતન કરનારાઓને માટે યાદીનું પુસ્તક પ્રભુની હજૂરમાં લખવામાં આવ્યું"* (માલાખી 3:16).

## ઈસુ: ઈશ્વરનું સર્વસ્વ એક નામમાં

જૂના કરારના આ ઝડપી સર્વેક્ષણ પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે યહોવાના નામનો ઉપયોગ કરવો એ યહૂદી લોકોના દૈનિક જીવનનું એક અભિન્ન અંગ હતું. તેમના નામના ઉલ્લેખ મારફતે

યહોવા તેમના લોકોની નિકટ હતા. તેઓ યહોવાના નામનું મહત્વ સમજતા હતા.

હવે, પ્રભુ ઈસુ આવા માહોલમાં પ્રવેશ કરી રહ્યા છે તેની કલ્પના કરો. દેહધારી શબ્દ, ઈશ્વર પુત્ર, નાસરેથના એક સામાન્ય અને નમ્ર સુથાર તરીકે આવે છે. તે તેમની સેવા શરૂ કરે છે, 12 માણસોને ભેગા કરે છે, બધા યહૂદીઓ, અને પછી તેઓને તેમના નામમાં મોકલે છે! ફક્ત એટલી કલ્પના કરવાનો પ્રયત્ન કરો કે, ઈસુ તેમના 12 પ્રેરિતોને એ કહી રહ્યા છે કે, *"જાઓ, મારા નામ, ઈસુ ખ્રિસ્તનો ઉપયોગ કરો!"*

શા માટે તેમના પ્રથમ 12 અને પછી 70 શિષ્યો, બહાર જઈને, ઈસુના નામમાં માંદાઓને સાજા કરવાનો, દુષ્ટાત્માઓને હાંકી કાઢવાનો પ્રયાસ કરશે અને અધિકારનો ઉપયોગ કરશે? તેઓના યહૂદી વિશ્વાસના એક ભાગ તરીકે તેઓને જે "યહોવા" અને ઈશ્વરના કરારના સર્વ નામો વિષે બહુ સારી જાણકારી હતી તેના વિષે શું?

અહીં બે મહત્વની ઊંડી સમજણ તરફ આપણે નિર્દેશ કરી શકીએ છીએ.

પ્રથમ, 12 પ્રેરિતો પાસે પ્રકટીકરણ હતું—તેઓએ ઈસુને મસીહા, ઈશ્વરના પુત્ર તરીકે ઓળખ્યા અને તેમનામાં વિશ્વાસ કર્યો. આ જ કારણ હતું જેને લીધે તેઓ ઈસુની પાછળ ચાલ્યા. યોહાન બાપ્તિસ્તે ઈસુને મસીહા, જે તેની અગાઉ હતા, જે પવિત્ર હલવાન આત્માથી બાપ્તિસ્મા આપે છે, ઈશ્વરનું, ઈશ્વરના પુત્ર તરીકે ઘોષિત કરીને તેમની તરફ નિર્દેશ કર્યો (યોહાન 1:29-34). આન્દ્રિયા ઈસુની પાછળ ગયો કારણ કે તેણે યોહાન બાપ્તિસ્તે જે કહ્યું તે સાંભળ્યું હતું. આન્દ્રિયા એ પોતાના ભાઈ પિતરને મળીને કહ્યું, *"મસીહ (જેનો અર્થ ખ્રિસ્ત છે તે) અમને મળ્યા છે"* (યોહાન 1:41). ફિલિપે નથાનિયેલને શોધી કાઢ્યો,

જેણે ઈસુનો ભેટો થતાં કહ્યું, *"રાબ્બી, તમે ઈશ્વરના પુત્ર છો; તમે ઈસ્રાએલના રાજા છો"* (યોહાન 1:49). આપણે માથ્થી 16:16 માં પિતરની જાહેરાત વિષે પણ જાણીએ છીએ,*"તમે મસીહ, જીવતા ઈશ્વરના પુત્ર છો".* તો અહીં એ વાત પુરવાર થાય છે કે, આ યહૂદી માણસો, જેઓને ઈસુએ તેમના પ્રેરિતો તરીકે નિયુક્ત કર્યા હતા, તેઓ, ઈસુ પર મસીહા, ઈશ્વરના પુત્ર તરીકે વિશ્વાસ કરતા હતા.

બીજું, 12 પ્રેરિતોએ પોતાની આંખો સામે, ઈસુને અજાયબ કૃત્યો કરતા જોયા હતા. તેઓએ સાજાપણાં, છુટકારા, અને ચમત્કારો જોયા. તેથી, ઈસુએ જ્યારે તેઓને અધિકૃત કર્યા અને તેમના નામનો, "નાસરેથના ઈસુ ખ્રિસ્તના નામનો" ઉપયોગ કરવા મોકલ્યા ત્યારે તેઓએ ઈચ્છાપૂર્વક તેવું કર્યું. અલબત્ત, તેઓએ પરિણામો જોયા. તેઓને આદેશ આપવામાં આવ્યો હતો તે કાર્ય ચાલુ રાખવા માટે તેમને આ બાબતે વિશ્વાસ પૂરો પાડ્યો. ઈસુ અને 12 પ્રેરિતો મારફતે જે થઈ રહ્યું હતું એ જોઈને બીજાઓ પણ ઈસુના નામનો ઉપયોગ કરવા નીકળી પડ્યા અને ઈસુએ તેઓને અટકાવ્યા નહિ (માર્ક 9:30-38; લૂક 9:49,50). ઈસુએ પોતાના બીજા 70 અનુયાયીઓને, જઈને પ્રચાર કરવા અને તેમના નામમાં પરાક્રમી કાર્યો કરવા નિયુક્ત કર્યા અને તેઓએ એવું કર્યું (લૂક 10:1,9,17).

આ યહૂદી વિશ્વાસીઓએ ઈસુ નામના સામર્થ્યનો પહેલવહેલો અનુભવ કર્યો હતો. *યહોવા* શીર્ષક મારફતે ઈશ્વરે તેમના વિષે જે સર્વ પ્રગટ કર્યું હતું તે હવે આ એક નામ ઈસુના નામમાં વીંટાયેલું છે.

આજે આપણા માટે બે મહત્વના પાઠો. સૌપ્રથમ, ઈસુ કોણ છે તેની ઓળખ આપણને હોવી જ જોઈએ. વ્યક્તિ ઈસુની મહાનતાનું વ્યક્તિગત પ્રકટીકરણ આપણા બધા પાસે હોવું જ

જોઈએ. બીજું, આપણને એ જાણ હોવી જ જોઈએ કે ઈસુએ આપણને તેમના નામનો ઉપયોગ કરવા અધિકૃત કર્યા છે અને આપણે હિંમતપૂર્વક બહાર જઈને ઈસુના નામનો ઉપયોગ કરવો જ જોઈએ.

---

ઈશ્વર જે સર્વ છે,
તે એક નામ,
ઈસુના નામમાં સમાયેલું છે!

---

## સમીક્ષા

1) જૂના કરારના સમય દરમિયાન લોકો તેઓના દૈનિક જીવનોમાં પ્રભુના નામનો ઉપયોગ કેવી રીતે કરતા હતા તેની સમીક્ષા કરો. નવા કરારના વિશ્વાસીઓ સાથે સુમેળ ધરાવતી એમાંની ઓછામાં ઓછી પાંચ બાબતો શોધો. આપણે ઈસુના નામનો એવો સમાન (એવો જ ના પણ હોય) ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેની ચર્ચા કરો.

2) જો તમે પણ 12 પ્રેરિતો અથવા 70 શિષ્યો કે જેઓ યહોવા ઈશ્વરના નામની મજબૂત સમજણ સાથે ઉછેર પામેલા યહૂદી હતા, તેમાંના એક હોત તો ...

a) નાસરેથમાંથી આવેલ એક યુવાન સુથારે જયારે એવું કહ્યું હોત કે, તમે તેમના નામનો ઉપયોગ કરીને પરાક્રમી કામો કરી શકો છો, ત્યારે તમે કેવી પ્રતિક્રિયા આપી હોત?

b) કેવા પ્રકારના પ્રશ્નો સાથે તમે સંઘર્ષ કર્યો હોત?

c) કયા ચાવીરૂપ પરિબળોએ તમને બહાર જઈને તેમના નામનો ઉપયોગ કરવા ખાતરી કરાવી હોત?

# 4
# મારા પિતાને નામે

**યોહાન 5:43**
**હું મારા પિતાને નામે આવ્યો છું, પણ તમે મારો અંગીકાર કરતા નથી; જો કોઈ બીજો પોતાને નામે આવશે, તો તેનો તમે અંગીકાર કરશો.**

**યોહાન 10:25**
**ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, "મેં તો તમને કહ્યું, પણ તમે માનતા નથી; મારા પિતાને નામે જે કામો હું કરું છું, તેઓ મારા વિષે સાક્ષી આપે છે.**

જેમ આપણે અગાઉ ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે, આપણને સોંપાયેલ આત્મિક અધિકારમાં ચાલવાનો શું અર્થ થાય, તેનું આપણા માટે સંપૂર્ણ ઉદાહરણ અને મૂર્તિમંત રૂપ પ્રભુ ઈસુ છે. પ્રભુ ઈસુ પિતાને નામે આવ્યા અને પિતાને નામે તેમના કામો કર્યા.

જ્યારે ઈસુએ કહ્યું કે, *"હું મારા પિતાને નામે આવ્યો છું"* તેનો અર્થ એ છે કે, પિતાનું સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ કરવા પિતા દ્વારા તેમને સોંપાયેલ અધિકાર સાથે તે આવ્યા. એનો અર્થ એ થયો કે, પિતાના શબ્દો બોલવાનો, પિતાના કામો કરવાનો, પિતાની ઈચ્છા પૂરી કરવાનો અને પિતા મારફતે તેમને અપાયેલ જવાબદારી પૂરી કરવાનો આદેશ તેમણે પાળ્યો.

જ્યારે ઈસુએ કહ્યું કે,
"હું મારા પિતાને નામે આવ્યો છું"
તેનો અર્થ એ છે કે, પિતાનું સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ કરવા
પિતા દ્વારા તેમને સોંપાયેલ
અધિકાર સાથે તે આવ્યા.

પિતાને નામે કામ કરવાનો અર્થ એ થયો કે, પિતા મારફતે તેમને અધિકાર અપાયો હોવાને કારણે, ઈસુ, પિતાનું સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ કરીને, તેમના વતી અને તેમના સ્થાને કાર્ય કરીને, પિતાએ જે કર્યું હોત એ જ ઈસુ પણ કરે.

આ પ્રકરણમાં, આપણે એ બાબત પર વિચાર કરીશું કે, ઈસુ પિતાને નામે કાર્ય કરી શકે, પિતા વતી બોલી શકે, અને પિતા જે કરતાં એ જ પોતે કરી શકે તે માટે તે પિતાની સાથે કેવી રીતે ચાલ્યા. ઈસુ, પિતાનું સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ કરવા, પિતાને નામે આવવાનો આદેશ પૂર્ણ કરવા, પિતાની સાથે કેવી રીતે ચાલ્યા તેનો કાળજીપૂર્વકનો અભ્યાસ આપણા માટે ઘણો લાભદાયી બનશે. જેવી રીતે ઈસુ પિતાનું પ્રતિનિધિત્વ કરવા પિતાને નામે આવ્યા, એવી જ રીતે પ્રભુ ઈસુએ આપણને પણ તેમનું પ્રતિનિધિત્વ કરવા તેમના નામે મોકલ્યા છે.

## પિતાને નામે જીવાયેલું જીવન

“મારા પિતાને નામે” એ વાક્ય, “મોકલનાર માધ્યમ”ને દાવો કરવા કરતાં વિશેષ બાબત હતી. ઈસુના પૃથ્વી પરના જીવનને લગતી તમામ બાબતો એ હકીકતને સ્પર્શતી હતી કે એ પિતાને નામે અહીં હતા.

પોતાના પિતાને નામે આવેલા એક વ્યક્તિની જેમ ઈસુ તેમનું જીવન આ રીતે જીવ્યા.

**ઈસુ પિતાની ગોદમાં જીવ્યા, પિતા સાથે ઘનિષ્ટ સંગતમાં ચાલ્યા, અને તેમણે પિતાને પ્રગટ કર્યા (યોહાન 1:18).** *“અને જેમ પિતા મને ઓળખે છે, અને હું પિતાને ઓળખું છું”* (યોહાન 10:15).

**ઈસુ પિતાની સાથે સંપૂર્ણ ઐકયતામાં ચાલ્યા** જેથી એ કહી શક્યા કે, *“હું તથા પિતા એક છીએ”* (યોહાન 10:30).*“તમે જો*

*મને ઓળખત તો મારા પિતાને પણ ઓળખત..."* (યોહાન 14:7) *"...જેણે મને જોયો છે તેણે પિતાને જોયા છે"* (યોહાન 14:9).

**તે પિતાના પ્રેમથી ઘણા પરિચિત હતા અને તેમના માટેના પિતાના પ્રેમમાં વિસામો લેતા હતા.** *"પિતા દીકરા પર પ્રેમ કરે છે"* (યોહાન 3:35). *"કેમ કે પિતા દિકરા પર પ્રેમ કરે છે, અને પોતે જે કંઈ કરે છે તે બધું તે તેને બતાવે છે; અને તે તેને એ કરતાં મોટાં કામ બતાવશે"* (યોહાન 5:20). યોહાન 10:17 પણ જુઓ.

**તે પિતા સાથેના તેમના સંબંધનો સ્વીકાર કરતા ડરતા ન હતા**, જો કે એનો અર્થ, તેને કારણે તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવે તેવો થતો હોય તોપણ (યોહાન 5:18).

**તે જાણતા હતા કે જો લોકો તેમનો અનાદર કરે કે તેમનો નકાર કરે તો તેઓ તેમને જેમણે મોકલ્યા હતા તે પિતાનો અનાદર અને નકાર કરી રહ્યા હતા (યોહાન 5:23).** *"જે મારા પર દ્વેષ રાખે છે, તે મારા પિતા પર પણ દ્વેષ રાખે છે"* (યોહાન 15:23).

**પિતાની ઈચ્છા પૂરી કરવા દ્વારા અને પિતાના કામો કરવા દ્વારા તેમને ઊર્જા, શક્તિ અને ટકી રહેવાનું બળ મળતું હતું.** *"જેમણે મને મોકલ્યો છે, તેમની ઈચ્છા પૂરી કરવી, અને તેમનું કામ પૂર્ણ કરવું, એ મારું અન્ન છે"* (યોહાન 4:34). *"હું મારી જાતે કંઈ કરી શકતો નથી ... કેમ કે હું મારી પોતાની ઈચ્છા નહિ, પણ જેમણે મને મોકલ્યો છે, તેમની ઈચ્છા પૂરી કરવા ચાહું છું"* (યોહાન 5:30). *"જેમ જીવંત પિતાએ મને મોકલ્યો છે, અને હું પિતાને આશરે જીવું છું"* (યોહાન 6:57). *"જે કામ કરવાનું તમે મને સોંપ્યું છે તે પૂરું કરીને મેં તમને પૃથ્વી પર મહિમાવાન કર્યા છે"* (યોહાન 17:4).

**તેમણે પિતાના કામો કર્યા.** પિતા જે કરી રહ્યા હતા તે જોવા અને કરવા માટે તે સમર્પિત હતા (યોહાન 5:17,19).

**ઈસુ એ સમજતા હતા કે પિતાના જે કામો એમણે કર્યા તે એ વાતની સાક્ષી, પ્રમાણિત પુરાવો અને શાહેદી હતી કે તે પિતા તરફથી મોકલાયેલા હતા (યોહાન 5:36). તેમના જીવન પર પિતાની મંજૂરીની મહોરનો તેમને વિશ્વાસ હતો (યોહાન 6:27).**

**તેમણે કરેલા કામો પિતા સાથેની તેમની ઐક્યતાની અભિવ્યક્તિ હતી.** *"... તોપણ તે કામો પર વિશ્વાસ કરો; જેથી તમે જાણો ને સમજો કે, પિતા મારામાં છે, અને હું પિતામાં છું"* (યોહાન 10:38). *"... પણ પિતા મારામાં રહીને પોતાનાં કામ કરે છે"* (યોહાન 14:10). *"હું પિતામાં છું,અને પિતા મારામાં છે, એવો વિશ્વાસ મારા પર રાખો; નહિ તો કામોને લીધે જ મારા પર વિશ્વાસ રાખો"* (યોહાન 14:11).

**પિતાએ જે શીખવ્યું હતું એ તે બોલ્યા.** *"... જેમ પિતાએ મને શીખવ્યું છે, તેમ હું એ વાતો કહું છું"* (યોહાન 8:28). *"મેં [મારા] પિતાની પાસે જે જોયું છે, તે હું કહું છું"* (યોહાન 8:38). *"કેમ કે મેં મારા પોતાના તરફથી કહ્યું નથી; પણ મારે શું કહેવું, અને મારે શું બોલવું,એ વિષે જે પિતાએ મને મોકલ્યો છે તેમણે મને આજ્ઞા આપી છે...તે માટે જે કંઈ હું બોલું છું, તે જેવું પિતાએ મને કહ્યું છે તેવું જ હું બોલું છું"* (યોહાન 12:49,50). *"જે વાતો હું તમને કહું છું તે હું મારા પોતાના તરફથી નથી કહેતો ..."* (યોહાન 14:10). *"... જે વચન તમે સાંભળો છો તે મારું નથી, પણ પિતા જેમણે મને મોકલ્યો છે તેમનું છે"* (યોહાન 14:24).

**તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો કે જ્યારે એમણે પ્રાર્થના કરી ત્યારે પિતાએ તે સાંભળી હતી.** લાજરસની કબર આગળ ઊભા

રહીને ઈસુએ કહ્યું કે, *"હે પિતા, તમે મારું સાંભળ્યું છે, માટે હું તમારો આભાર માનું છું"* (યોહાન 11:41).

**તે જાણતા હતા કે તે એ હતા *"... જેમને પિતાએ અભિષિક્ત કરીને જગતમાં મોકલ્યા ..."* (યોહાન 10:36).**

**ઈસુ એ ખાતરી સાથે ચાલ્યા કે *"પિતા મને જે આપે છે તે સર્વ મારી પાસે આવશે"* (યોહાન 6:37).** જે લોકોને તેમની પાસે આવવા નીમવામાં આવ્યા હતા તેઓ તેમની પાસે આવશે. તે એ પણ જાણતા હતા તેઓ પિતાના હાથમાં સલામત હતા. *"મારા પિતા, જેમણે મને [તેઓને] આપ્યાં છે, તે સહુથી મોટા છે; અને પિતાના હાથમાંથી કોઈ [તેઓને] છીનવી લેવા સમર્થ નથી"* (યોહાન 10:29).

**પિતા સર્વ સમયે તેમની સાથે હતા તે બાબતની તેમને ખાતરી અને વિશ્વાસ હતો.** *"હું એકલો નથી, પણ હું તથા પિતા જેમણે મને મોકલ્યો છે [તે બન્‍ને છીએ]"* (યોહાન 8:16). *"વળી જેમણે મને મોકલ્યો છે તે મારી સાથે છે; તેમણે મને એકલો મૂક્યો નથી, ..."* (યોહાન 8:29). *"... તમે દરેક માણસ પોતપોતાનાંની તરફ વિખેરાઈ જશો, અને મને એકલો મૂકશો; તોપણ હું એકલો નથી, કેમ કે પિતા મારી સાથે છે"* (યોહાન 16:32).

**ઈસુ એવું જીવન જીવ્યા જે પિતાને હંમેશા પ્રસન્ન કરતું હતું** *"... જે કામો તેમને ગમે છે તે હું નિત્ય કરું છું"* (યોહાન 8:29). તે પિતાની આધીનતામાં ચાલ્યા. "મારા કરતાં પિતા મોટા છે" (યોહાન 14:28). *"... હું પિતા પર પ્રેમ રાખું છું, અને પિતાએ મને આજ્ઞા આપી છે, તેમ હું કરું છું "* (યોહાન 14:31). *"... હું મારા પિતાની આજ્ઞાઓ પાળીને તેમના પ્રેમમાં રહું છું "* (યોહાન 15:10).

**ઈસુ પિતાને મહિમા મળે તે માટે જીવ્યા.** તેમણે પ્રાર્થના કરી, *“હે પિતા, તમારા નામનો મહિમા [પ્રગટ] કરો”* (યોહાન 12:28). *“મેં તમને પૃથ્વી પર મહિમાવાન કર્યા છે”* (યોહાન 17:4).

## તમારું નામ પ્રગટ અને જાહેર કર્યું

યોહાન 17 માં પિતાને કરેલી તેમની પ્રાર્થનામાં, ઈસુએ પિતાના નામનો ઉપયોગ કરવાનો ઉલ્લેખ કર્યો. આ વિધાનોમાંથી આપણે કેટલાક વિચારો તારવી લઈએ.

**યોહાન 17:6,26**

**6 “જગતમાંથી જે માણસો તમે મને આપ્યાં છે, તેઓને મેં તમારું નામ પ્રગટ કર્યું છે. તેઓ તમારાં હતાં, ને તમે તેઓને મને આપ્યાં છે; અને તેઓએ તમારી વાત પાળી છે.**

**26 અને મેં તેઓને તમારું નામ જણાવ્યું છે, અને જણાવીશ; જેથી જે પ્રેમથી તમે મારા પર પ્રેમ રાખ્યો છે, તે તેઓમાં રહે, અને હું તેઓમાં રહું.”**

**યોહાન 17:6,26 (ધ પૅશન ટ્રાન્સલેશન)**

**6 “પિતા, જે પુરુષો અને સ્ત્રીઓ તમે મને આપ્યા છે તેઓની આગળ તમે ખરેખર કોણ છો તે મેં દર્શાવ્યું છે અને મેં તેઓની આગળ તમને પ્રગટ કર્યા છે. તેઓ તમારા હતા, અને તેઓને તમે મને આપ્યા હતા, અને તેઓએ તમારા વચનોને તેમનાં હૃદયોમાં જકડી રાખ્યા છે.**

**26 તમે કોણ છો તે મેં તેમને પ્રગટ કર્યું છે અને હું તેઓની આગળ તમને વધુ વાસ્તવિક બનાવવાનું ચાલુ રાખીશ, જેથી જેવો અનંત પ્રેમ તમને મારા માટે છે તેવા જ પ્રેમનો અનુભવ તેવો પણ કરે, જેથી જેમ હું તેઓમાં રહું છું, તેવી રીતે તમારો પ્રેમ તેઓમાં રહે!”**

જ્યારે ન્યુ કિંગ જેમ્સ વર્ઝન ઈસુના નિવેદનનો શાબ્દિક અનુવાદ કરે છે, *“તેઓને મેં તમારું નામ પ્રગટ કર્યું છે,”* ત્યારે ધ પૅશન ટ્રાન્સલેશન તે વિધાનનો અર્થ આ પ્રમાણે કરે છે, *“તેઓની આગળ તમે ખરેખર કોણ છો તે મેં દર્શાવ્યું છે અને મેં તેઓની આગળ તમને પ્રગટ કર્યા છે.”* આ એ વાતને સ્પષ્ટ કરે છે કે, ઈસુનો પિતાને નામે આવવાનો, બોલવાનો અને કાર્ય કરવાનો હેતુ, પિતા ખરેખર કોણ છે તે દર્શાવવાનો અને તેમને

પ્રગટ કરવાનો હતો. વળી, ઈસુના નામે જવાનો આપણો હેતુ પણ લોકોની આગળ ઈસુ ખરેખર કોણ છે તે દર્શાવવાનો અને તેમને પ્રગટ કરવાનો છે.

---

ઈસુનો પિતાને નામે
આવવાનો, બોલવાનો અને કાર્ય કરવાનો હેતુ,
પિતા ખરેખર કોણ છે
તે દર્શાવવાનો અને તેમને પ્રગટ કરવાનો હતો.
વળી, ઈસુના નામે
જવાનો આપણો હેતુ પણ
લોકોની આગળ ઈસુ ખરેખર કોણ છે
તે દર્શાવવાનો
અને તેમને પ્રગટ કરવાનો છે.

---

## તમારા નામ મારફતે સંભાળી રખાયેલા

**યોહાન 17:11,12**

**11 હવેથી હું જગતમાં [રહેવાનો] નથી, પણ તેઓ જગતમાં છે, અને હું તમારી પાસે આવું છું. હે પવિત્ર પિતા, તમારું નામ જે તમે મને આપ્યું છે, તે [નામ] દ્વારા આપણા જેવા એક થવા માટે તેઓને સંભાળી રાખો.**

**12 હું તેઓની સાથે હતો ત્યાં સુધી તમારું નામ જે તમે મને આપ્યું છે તેમાં મેં તેઓને સંભાળી રાખ્યાં; અને મેં તેઓનું રક્ષણ કર્યું, અને શાસ્ત્રવચન પૂર્ણ થવા માટે વિનાશના દીકરા સિવાય તેઓમાંના કોઈનો નાશ થયો નથી.**

ઈસુ, કલમ 11 અને 12 એમ બંનેમાં "સંભાળી રાખો" માટે એક જ પ્રકારનો (ગ્રીક–*ટેરેઓ*) શબ્દનો ઉપયોગ કરે છે, જેનો અર્થ, "ચોકી કરવી, રક્ષણ કરવું, નજર રાખવી" એવો થાય છે. જ્યારે ઈસુ, પિતાને નામે, એટલે કે, પિતાના અધિકારથી, શારીરિક રીતે શિષ્યોની સાથે હતા, ત્યારે ઈસુએ તેમને આપવામાં આવેલા માણસોને તેમની આત્મિક સુરક્ષા હેઠળ

આવરી લીધા હતા. અને હવે, તેમની વિદાય નજીક હતી તે વિષે તે સભાન હોવાથી, તેમના શિષ્યોનું સતત રક્ષણ કરવા અને નિરંતર તેમની ચોકી કરવા, એ જ આત્મિક સુરક્ષા કે જે પિતાના નામ દ્વારા મળે છે, તેની માંગણી કરે છે. આ આપણને એ શીખવે છે કે, આપણે જે લોકોની કાળજી લઈએ છીએ તેઓ પર અને જેઓની આપણને સોંપણી કરવામાં આવી છે તેઓને આપણે ઈસુના નામમાં આત્મિક સુરક્ષા હેઠળ આવરી લઈ શકીએ છીએ.

## પિતા સાથેની સંપૂર્ણ ઐકયતામાં જીવાયેલું જીવન

**યોહાન 20:21**

**તેથી ઈસુએ ફરી તેઓને કહ્યું કે, "તમને શાંતિ થાઓ; જેમ પિતાએ મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું."**

ઈસુએ પિતાને નામે કેવી રીતે કાર્ય કર્યું તેનું અવલોકન કરવાથી, શિષ્યો તરીકે આપણને ઈસુના નામનો ઉપયોગ કરવો એટલે શું તેની ઘણી સમજ પ્રાપ્ત થાય છે. આપણા માટે "ઈસુના નામમાં" બોલવું એ એક શબ્દસમૂહ કરતાં વિશેષ છે. ઈસુ માટે "મારા પિતાને નામે" વિધાન કરવાનો જે અર્થ થતો હતો, એ જ અર્થ આપણે માટે "ઈસુના નામમાં" બોલવાનો થવો જોઈએ. તે સર્વ બાબતોને સ્પર્શતું હતું. તે પૃથ્વી પર પિતાને નામે હતા તે હકીકત પ્રમાણે તેમનું અહીંનું આખું જીવન જિવાયું હતું. પિતા સાથેની સંપૂર્ણ ઐક્યતામાં જીવાયેલું તે જીવન હતું.

આપણે, *"હું મારા પિતાને નામે આવ્યો છું"* ઈસુના એ વિધાનને તેમની પિતા સાથેની વ્યક્તિગત સંગતથી અલગ કરી શકતા નથી. તે પિતાને નામે આવ્યા એ હકીકતનો અર્થ એ થયો કે એ પિતા સાથે એક ચોક્કસ રીતભાતમાં—પિતા સાથેની સંપૂર્ણ ઐક્યતામાં ચાલ્યા. વળી, આપણે પણ ઈસુના નામના આપણા ઉપયોગને પ્રભુ ઈસુ સાથેની આપણી વ્યક્તિગત સંગતથી અલગ કરવું જોઈએ નહિ. આપણે ઈસુમાં છીએ અને

તે આપણામાં છે. ઈસુ સાથેની આપણી ઐક્યતા અને આપણે પ્રતિદિન એ પ્રમાણે કેવી રીતે જીવીએ છીએ એ આપણા ઈસુના નામના ઉપયોગ માટે અગત્યનું છે.

ઈસુ, આ પૃથ્વી પર પિતા સાથેની ઐક્યતામાં કેવી રીતે જીવન જીવ્યા એ ઈસુ સાથેની ઐક્યતામાં આપણે કેવી રીતે જીવવું જોઈએ તેનો નમૂનો છે. *"જેમ જીવંત પિતાએ મને મોકલ્યો છે, અને હું પિતાને આશરે જીવું છું; તેમ જે મને ખાય છે, તે પણ મારે આશરે જીવશે"* (યોહાન 6:57). *"તે દિવસે તમે જાણશો કે, હું મારા પિતામાં છું, અને તમે મારામાં છો, અને હું તમારામાં છું"* (યોહાન 14:20). *"હું તેમનામાં રહું છું," એમ જે કહે છે, તેણે જેમ તે ચાલ્યા તેમ જ ચાલવું જોઈએ"* (1 યોહાનનો 2:6).

વિશ્વાસી દ્વારા ઈસુના નામનો ઉપયોગ, કે જે પ્રભુ ઈસુ દ્વારા આપણને સોંપવામાં આવેલ અધિકારની અભિવ્યક્તિ છે તે, એથી ઘણું વિશેષ છે. એ તો આપણે કોણ છીએ, કેવી રીતે આપણે આપણા જીવનો જીવીએ છીએ, આપણે શું કહીએ છીએ અને કરીએ છીએ તે વિષે છે. એ તો ઈસુ સાથેની સંપૂર્ણ ઐક્યતામાં જીવાયેલું જીવન છે. એ તો દરેક રીતે, બધી બાબતોમાં, સર્વ સમયે સંપૂર્ણ રીતે ઈસુનું પ્રતિનિધિત્વ કરવા વિષે છે.

---

ઈસુ પિતાને નામે આવ્યા.
તેમણે આપણને તેમના નામે મોકલ્યા છે.
જેમ ઈસુ પિતા સાથેની ઐક્યતામાં ચાલ્યા,
તેમ આપણે પણ ઈસુ સાથેની ઐક્યતામાં ચાલવું જોઈએ,
જેથી તેમના નામના ઉપયોગ વડે,
આપણે સંપૂર્ણ રીતે ઈસુનું પ્રતિનિધિત્વ કરીએ.

---

## સમીક્ષા

1) જ્યારે ઈસુએ કહ્યું કે, *“હું મારા પિતાને નામે આવ્યો છું”* (યોહાન 5:43) ત્યારે ઈસુને માટે તેનો અર્થ શું હતો તેની ફરીથી સમીક્ષા કરો. નીચે આપેલ શબ્દોમાં તેનો અર્થ શું થતો હતો.

- તેમના અધિકારનો સ્ત્રોત—પિતાએ મને અધિકાર આપ્યો છે
- તેમણે સોંપેલ જવાબદારીનો હેતુ—પિતાને પ્રગટ કરવા અને તેમનો મહિમા કરવો
- તેમના દૈનિક જીવનનું સંતુલન—પિતા સાથે સંપૂર્ણ ઐક્યતામાં જીવવું, અને
- સેવા પ્રત્યેનો અભિગમ—પિતા જે કહે છે તે કહેવું, પિતા જે કરે છે તે કરવું.

જ્યારે આપણે “ઈસુના નામે” બહાર જઈએ ત્યારે આપણે કેવી રીતે તેનું અનુકરણ કરી શકીએ?

# 5
# ઈસુના નામનો ઉપયોગ કરવાનો અધિકાર

જેમ આપણે અગાઉ ઉલ્લેખ કરી ગયા છીએ તેમ, પ્રભુ ઈસુએ તેમના 12 પ્રેરિતોને, અને ત્યારબાદ બીજા 70 શિષ્યોને, તેમનું પ્રતિનિધિત્વ કરવા અને તે જે પ્રચાર કરતા તે પ્રચાર કરવા અને તે જે—સાજાપણાં, છુટકારા, અને ચમત્કારો—કરતા, તે તેમના નામનો ઉપયોગ કરીને કરવા માટે મોકલ્યા. તેથી, આ લોકો, "નાસરેથના ઈસુ ખ્રિસ્તના નામમાં" પરાક્રમી કામો કરતા ગયા.

## પ્રથમ શિષ્યો

આપણી પાસે સુવાર્તાઓમાં, ઈસુએ 12 પ્રેરિતોને, તે જે કાર્યો કરતા હતા તે કરવા માટે જવાનો આદેશ આપ્યો તેનો અહેવાલ છે.

**માથ્થી 10:1,7,8 (માર્ક 6:7,12,13 પણ જુઓ)**

**1 પછી તેમણે પોતાના બાર શિષ્યોને પાસે તેડીને અશુદ્ધ આત્માઓને કાઢવાનો, તથા દરેક પ્રકારની માંદગી તથા હરેક જાતનો રોગ દૂર કરવાનો અધિકાર તેઓને આપ્યો.**

**7 અને તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ કરો કે, 'આકાશનું રાજ્ય પાસે આવ્યું છે.'**

**8 માંદાઓને સાજાં કરો, રક્તપિત્તીઓને શુદ્ધ કરો, મૂએલાંઓને ઉઠાડો, અશુદ્ધ આત્માઓને કાઢો : તમે મફત પામ્યા, મફત આપો.**

**લૂક 9:1,2,6,10અ**

**1 તેમણે [પોતાના] બાર [શિષ્યો] ને બોલાવીને તેઓને બધા દુષ્ટાત્માઓ પર, તથા રોગો મટાડવાને પરાક્રમ તથા અધિકાર આપ્યાં.**

**2 વળી ઈશ્વરનું રાજ્ય પ્રગટ કરવા તથા માંદાઓને સાજાં કરવા તેમણે તેઓને મોકલ્યા.**

**6 તેઓ [ત્યાંથી] નીકળ્યા, અને ગામેગામ સુવાર્તા પ્રગટ કરતા તથા સર્વ**

**ઠેકાણે રોગ મટાડતા ગયા.**
**[10] પ્રેરિતોએ પાછા આવીને તેઓએ જે જે કર્યું હતું તે તેમને કહી સંભળાવ્યું.**

ઈસુએ, 12 પ્રેરિતોને તેમના નામનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિશેનું સ્પષ્ટ શિક્ષણ આપ્યું હોય એવો કોઈ અહેવાલ આપણી પાસે નથી, તેમ છતાં આપણે એ જાણીએ છીએ કે, તેઓ જઈને ઈસુના નામનો ઉપયોગ કરવા લાગ્યા. આપણી પાસે, લૂકના અધ્યાય 9 માં પ્રેરિતોને મોકલ્યાના થોડા સમય પછીનો અહેવાલ છે, જે નીચે મુજબ છે.

**લૂક 9:49,50**
**[49] યોહાને તેમને કહ્યું કે, "સ્વામી, અમે એક માણસને તમારે નામે દુષ્ટાત્માઓને કાઢતાં જોયો; અને અમે તેને મના કરી, કારણ કે તે આપણી સાથે ચાલતો નથી."**
**[50] પણ ઈસુએ તેને કહ્યું કે, "તેને મના ન કરો; કેમ કે જે કોઈ તમારી વિરુદ્ધ નથી, તે તમારા પક્ષનો છે."**

તેથી સ્પષ્ટ રીતે, જે વ્યક્તિ 12 પ્રેરિતોમાંની એક નહોતી તેને પ્રેરિતો મારફતે જે બાબતો બની રહી હતી તે સમજાઈ. તે વ્યક્તિએ પણ ઈસુને જોયા અને સાંભળ્યા હશે, તેણે ઈસુ, મસીહા અને ઈશ્વર પુત્ર છે એવો વિશ્વાસ કર્યો હશે, અને પછી, દુષ્ટાત્માઓને કાઢવા અને ચમત્કારો કરવા માટે ઈસુના નામનો ઉપયોગ કર્યો હશે (માર્ક 9:38,39 પણ જુઓ). તેથી, આપણે જાણીએ છીએ કે 12 પ્રેરિતો હિંમતપૂર્વક નાસરેથના ઈસુ ખ્રિસ્તના નામનો ઉપયોગ તેમના કામો કરવા માટે કરી રહ્યા હતા, અને એવું જ અન્ય વ્યક્તિ પણ કરી રહી હતી.

ઈસુએ અન્ય 70 અનુયાયીઓની નિમણુક કરી, અને જેમ તેમણે 12 પ્રેરિતોને આજ્ઞા આપી હતી તેવી જ આજ્ઞા તેઓને આપી.

**લૂક 10:1,9,17-19**
**[1] આ બિનાઓ બન્યા પછી પ્રભુએ બીજા સિત્તેર શિષ્યોને ઠરાવ્યા, અને જે**

**પ્રત્યેક શહેર તથા જગામાં તે પોતે જવાના હતા, ત્યાં તેઓમાંના બબ્બેને પોતાની આગળ મોકલ્યા.**
**9 તેમાંનાં માંદાઓને સાજાં કરો, અને તેઓને કહો કે, ઈશ્વરનું રાજ્ય તમારી પાસે આવ્યું છે.**
**17 તે સિત્તેર હરખાતા હરખાતા પાછા આવ્યા, અને તેઓએ કહ્યું, "પ્રભુ, તમારા નામથી દુષ્ટાત્માઓ પણ અમારે તાબે થયા છે."**
**18 તેમણે તેઓને કહ્યું કે, "મેં શેતાનને વીજળીની જેમ આકાશમાંથી પડેલો જોયો.**
**19 જુઓ, મેં તમને સર્પો તથા વીંછીઓ પર પગ મૂકવાનો, તથા શત્રુના બધા પરાક્રમ પર અધિકાર આપ્યો છે; અને તમને કશાથી પણ ઈજા થશે નહિ.**

આ એ બાબતને બહુ સ્પષ્ટ કરે છે કે પ્રેરિતો અને શિષ્યો ઈસુના નામે પ્રચાર કરતા હતા અને સાજાપણાં અને છુટકારાનાં પરાક્રમી કામો કરતા હતા. ઈસુના નામનો ઉપયોગ કરવાથી મળતા પરિણામો જોઈને તેઓ ઉત્સાહિત થતાં હતા. *"પ્રભુ, તમારા નામથી દુષ્ટાત્માઓ પણ અમારે તાબે થયા છે"* (કલમ 17). ત્યારબાદ ઈસુ, તેઓને, તેમના નામના ઉપયોગ મારફતે તેઓની પાસે રહેલા અધિકારના કાર્યક્ષેત્ર વિષે ખુલાસો કરે છે. જે અધિકારમાં તેઓ ચાલવાના હતા તે તો *"શત્રુની બધી શક્તિ પર હતો."* અને શત્રુ તેઓની વિરુદ્ધ સફળતાપૂર્વક વળતો હુમલો કરશે એ વાતથી તેઓએ ડરવાની જરૂર નહોતી, કારણ કે ઈસુએ કહ્યું હતું કે, *"અને તમને કશાથી પણ ઈજા થશે નહિ."*

ઈસુનું નામ
આપણને સર્વ દુષ્ટાત્માઓ અને
શેતાનના બધી શક્તિ પર
અધિકાર આપે છે.

## ઈસુ તેમના નામનો ઉપયોગ કરવાનો અધિકાર સર્વ વિશ્વાસીઓને પ્રદાન કરે છે

ઈસુ તેમના શિષ્યોને, તેમના નામમાં તેમના કાર્યો કરવાના અને પ્રાર્થનામાં તેમના નામનો ઉપયોગ કરવાના સંદર્ભમાં જે શિક્ષણ આપે છે તેનો યોહાનની સુવાર્તામાં આપેલ અહેવાલ આપણી પાસે છે. આ શાસ્ત્રવચનોનો અમે અહીં ઉલ્લેખ કરીએ છીએ, અને પછીથી તે વિષે વિસ્તારથી ચર્ચા કરીશું.

**યોહાન 14:12-14**

**12 "હું તમને ખચીત ખચીત કહું છું કે, હું જે કામો કરું છું તે જ મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટાં કામ કરશે; કેમ કે હું પિતાની પાસે જાઉં છું.**
**13 અને જે કંઈ મારે નામે તમે માંગશો, તે હું કરીશ, જેથી પિતા દીકરામાં મહિમાવાન થાય.**
**14 જો તમે મારે નામે કંઈ મારી પાસે માંગશો, તો તે હું કરીશ.**

**યોહાન 16:23,24**

**23 "તે દિવસે તમે મને કંઈ પૂછશો નહિ. હું તમને ખચીત ખચીત કહું છું કે, જો તમે પિતા પાસે કંઈ માંગશો તો તે તમને મારે નામે તે આપશે.**
**24 હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી. તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે.**

કૃપા કરીને હવે પછીની બાબતો પર વિચાર કરો.

યોહાન 14:12-14માં, ઈસુએ તેમના સ્વર્ગારોહણ પછી, સર્વ વિશ્વાસીઓને સામર્થ્યવાન બનાવવા પવિત્ર આત્માને મોકલ્યા પછી, સર્વ વિશ્વાસીઓ, ઈસુ જે કાર્યો કરતા હતા તે, અને વળી તે કરતાં પણ મહાન કાર્યો કરે છે, તેનો સંદર્ભ છે. યોહાન 16:23,24 નો સંદર્ભ પણ *"તે દિવસે"* છે, જે તેમના પુનરુત્થાન પછીના સમયને, એટલે કે, જે સમયમાં આપણે છીએ, તેનું સૂચન કરે છે.

તેથી, ઈસુના નામનો ઉપયોગ કરવાનો, અને ઈસુએ જે કાર્યો કર્યા તે, વળી તે કરતાં પણ મહાન કાર્યો કરવાનો અધિકાર દરેક વિશ્વાસીને આપવામાં આવ્યો છે. પિતા પાસે આપણી અરજો સીધે સીધી લાવવા અને આપણી પ્રાર્થનાઓના જવાબો મેળવવા, ઈસુના નામનો ઉપયોગ કરવાનો અધિકાર દરેક વિશ્વાસીને આપવામાં આવ્યો છે.

પ્રભુ ઈસુએ તેમના શિષ્યોને તેમના નામનો ઉપયોગ કરવાના બીજા કેટલાક પાસાઓ પણ શીખવ્યા. આપણે, આ બાબતોને હવે પછીના ક્રમબદ્ધ અધ્યાયોમાં આવરી લઈશું.

તેમના પુનરુત્થાન પછી, મહાન આદેશમાં આપણે ફરી એકવાર એ જોઈએ છીએ કે, ઈસુના નામનો ઉપયોગ કરવાનો અધિકાર દરેક વિશ્વાસીને આપવામાં આવે છે.

**માર્ક 16:17,18**

**17 વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે: મારે નામે તેઓ દુષ્ટાત્માઓ કાઢશે, નવી બોલીઓ બોલશે;**

**18 સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ પણ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે."**

આ આદેશમાં એ હકીકત અંતર્ગત છે કે, જેઓ વિશ્વાસ કરે છે તે સર્વ, સર્વ વિશ્વાસીઓ, ઈસુએ ઉલ્લેખ કરેલ સર્વ બાબતો કરવા માટે ઈસુના નામનો ઉપયોગ કરી શકે છે. સર્વ વિશ્વાસીઓ દુષ્ટાત્માઓનો સામનો કરી શકે છે, તેમના પર અધિકાર ચલાવી શકે છે અને તેઓને હાંકી કાઢી શકે છે. જો એવી પરિસ્થિતિ ઊભી થાય કે જેમાં તેઓએ જોખમી બાબતો કરવી જ પડે, (દાખલા તરીકે, સર્પોને ઉઠાવી લેવા, પ્રાણઘાતક વસ્તુ પીવી, વગેરે) તો તેઓ ઈસુના નામમાં તેમાંથી સહીસલામત બહાર આવી જશે. તેઓ ઈસુના નામે માંદાઓ પર હાથ મૂકશે.

## સર્વ વિશ્વાસીઓને અપાયેલ અધિકાર પત્ર (પાવર ઓફ એટર્ની)

આજની ભાષામાં કહીએ તો, ઈસુએ આપણને પાવર ઓફ એટર્ની (અધિકાર પત્ર) આપ્યો છે, કે જે તેમણે દર્શાવેલ હેતુ પૂર્ણ કરવા તેમના નામનો ઉપયોગ કરવાનો અધિકાર છે.

ઘણી બધી કાયદાકીય વિગતોમાં ઉતર્યા વિના, સરળ ભાષામાં સમજીએ તો, પાવર ઓફ એટર્ની (અધિકાર પત્ર) નીચેની બાબતો પર આધાર રાખે છે ...

a) તે નામ પાછળ કોણ છે—તેઓને લગતી બાબતોમાં તમે તે વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો.

b) ઉપયોગનું ક્ષેત્ર—તમે જે બાબત કરવાની હોય તે કરવા અને પાવર ઓફ એટર્ની (અધિકાર પત્ર) જ્યાં સુધી અમલમાં હોય તે અવધિ કે સમયગાળા દરમિયાન તેનો ઉપયોગ કરી શકો છો.

ઈસુએ આપણને તેમના નામનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર અને હક આપ્યો છે. તે તેમના નામની પાછળ રહેલા છે. જે વ્યક્તિએ આપણને તેમના નામનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર આપ્યો છે તે વ્યક્તિની મહાનતાની ઝાંખી પ્રાપ્ત કરવામાં આપણે સમય લીધો છે. ઈસુના નામનો ઉપયોગ કરવાનો અધિકાર, કે જે આપણને ઈસુમાં મહાન વિશેષાધિકાર તરીકે આપવામાં આવેલો છે, તેનો તાગ કદાચ આપણા હૃદયો અને મન ક્યારેય નહિ મેળવી શકે, અને તેનું વર્ણન કરવા શબ્દો પણ પૂરતા નહિ નીવડે.

આપણે અહીં, ઈસુનું પ્રતિનિધિત્વ કરવા, તેમને પ્રગટ કરવા, તેમના રાજ્યને આગળ ધપાવવા, તેમની મંડળી બાંધવા, લોકોની સેવા કરવા, પિતાનો મહિમા કરવા અને

તેમના નામે તેમના કામો કરવા માટે છીએ. તેમણે આપણને સંપૂર્ણપણે તેમનું પ્રતિનિધિત્વ કરવા અધિકૃત કર્યા છે.

શાસ્ત્રમાંથી આપણને જેટલી જાણ છે તે પ્રમાણે, મંડળી, સંતો, આ વર્તમાન યુગ (જે "મંડળીનો યુગ" કહેવાય છે) અને સહસ્ત્રાબ્દી (ઈસુનું 1000 વર્ષનું રાજ્ય) એમ બન્ને યુગોમાં ઈસુનું પ્રતિનિધિત્વ કરશે. તેથી આપણો પાવર ઓફ એટર્ની (અધિકારપત્ર) એટલો વહેલો સમાપ્ત થવાનો નથી.

ઈસુએ દરેક વિશ્વાસીને, નાના બાળકથી માંડીને વયોવૃદ્ધ વ્યક્તિને પાવર ઓફ એટર્ની (અધિકારપત્ર), વિશેષાધિકાર, અને તેમનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરવા તેમના નામનો ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો છે. તેમનું નામ જે સામર્થ્ય અને અધિકારનું પ્રતિનિધિત્વ કરે છે, તેમાં આપણે પ્રત્યેક જણ ચાલી શકીએ છીએ. આપણી પાસે કેવો વિશેષાધિકાર છે! આપણા હૃદયો આ ગ્રહણ કરવા પામે! આપણે ઊઠીએ અને ઈસુના પરાક્રમી નામમાં જે સામર્થ્ય અને અધિકાર આપણો છે તેમાં ચાલીએ તેવું થાઓ!

---

ઈસુએ દરેક વિશ્વાસીને,
નાના બાળકથી માંડીને
વયોવૃદ્ધ વ્યક્તિને
પાવર ઓફ એટર્ની (અધિકારપત્ર),
વિશેષાધિકાર, અને તેમનું સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ કરવા
તેમના નામનો
ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો છે.

---

## સમીક્ષા

1) આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલા શાસ્ત્રવચનો, કે જે એ સ્પષ્ટ રીતે સૂચવે છે કે, દરેક વિશ્વાસીને પરાક્રમી કામો કરવા અને પ્રાર્થનામાં ઈસુના નામનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર અપાયો છે, તેની સમીક્ષા કરો.

2) જો વિશ્વાસીનો પાવર ઓફ એટર્ની (અધિકારપત્ર) હજુ પણ અમલમાં છે, તો પછી એવું કહેવું સાચું ગણાશે કે પ્રારંભિક મંડળીના અંત સાથે (અથવા જ્યારે છેલ્લા પ્રેરિત મરણ પામ્યા) મંડળી માટે ચમત્કારોના દિવસો વીતી ગયા? શું ઈસુએ ક્યારેય એવો નિર્દેશ આપ્યો છે કે, પવિત્ર શાસ્ત્ર લખાયા પછી પાવર ઓફ એટર્ની (અધિકારપત્ર)નું કાર્યક્ષેત્ર બદલાઈ જશે?

# 6
# ઈસુના નામમાં પ્રભુ પવિત્ર આત્મા અહીં હાજર છે

**યોહાન 14:16-18,26**
**16 અને હું પિતાને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા માટે આપશે,**
**17 એટલે સત્યનો આત્મા, જેને જગત પામી નથી શકતું તે; કેમ કે તેને તે જોતું નથી, અને તેને ઓળખતું નથી; [પણ] તમે તેને ઓળખો છો; કેમ કે તે તમારી સાથે રહે છે, અને તમારામાં વાસો કરશે.**
**18 હું તમને અનાથ નહિ મૂકીશ; હું તમારી પાસે આવીશ.**
**26 પણ સંબોધક, એટલે પવિત્ર આત્મા, જેને પિતા મારે નામે મોકલી આપશે, તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું તે બધું તે તમારા સ્મરણમાં લાવશે.**

**યોહાન 14:26 (ધ એમ્પ્લીફાઈડ બાઈબલ, ક્લાસિક આવૃત્તિ)**
**પણ દિલાસો આપનાર (સલાહકાર, સહાયક, મધ્યસ્થ, સંબોધક, મજબૂત કરનાર, હાજરાહજૂર મદદગાર) એટલે પવિત્ર આત્મા, જેને પિતા મારે નામે મોકલી આપશે [મારા સ્થાને, મારું પ્રતિનિધિત્વ કરવા અને મારા વતી કાર્ય કરવા], તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું તે (તમને યાદ કરાવશે, તમારા સ્મરણમાં લાવશે) બધું તે તમારા સ્મરણમાં લાવશે.**

પવિત્ર આત્માનો ઉલ્લેખ કરતાં, ઈસુએ કહ્યું કે પવિત્ર આત્મા "બીજો **સંબોધક**" છે (યોહાન 14:16) અથવા *'એલોસ પેરાક્લેટોસ.'* શબ્દ *'એલોસ'* નો અર્થ થાય છે "એક જ પ્રકારનું બીજું" (**ઉદાહરણ**: બે સફરજન). *'હેટેરોસ'* નો વિરોધી શબ્દ છે, જેનો અર્થ "એક અન્ય અલગ પ્રકારનું" થાય છે (**ઉદાહરણ**: એક સફરજન અને એક નારંગી). પવિત્ર આત્મા ઈશ્વર છે અને ઈશ્વરત્વમાં એક વ્યક્તિ છે (1 યોહાનનો 5:7). પવિત્ર આત્મા સંપૂર્ણપણે પિતા અને પુત્રનું પ્રતિનિધિત્વ કરે છે. પવિત્ર આત્મા

બિલકુલ ઈસુ જેવા છે અને સંપૂર્ણ રીતે ઈસુનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી જ ઈસુએ પવિત્ર આત્માને મોકલતી વખતે કહ્યું, *"હું તમારી પાસે આવીશ."* આમ પવિત્ર આત્મા સંપૂર્ણ રીતે ઈસુનું પ્રતિનિધિત્વ કરે છે કે, પવિત્ર આત્માને *"ખ્રિસ્તનો આત્મા"* (રોમનોને પત્ર 8:9; 1 પિતરનો 1:11) અને *"તેમના પુત્રનો આત્મા"* પણ કહેવામાં આવે છે (ગલાતીઓને પત્ર 4:6).

પવિત્ર આત્માને ઈસુના નામમાં મોકલવામાં આવ્યા છે. એમ્પ્લીફાઇડ બાઈબલ ક્લાસિક આવૃત્તિ સમજાવે છે કે *"મારા નામમાં"* નો અર્થ શું છે. તે જણાવે છે, *"મારા સ્થાને, મારું પ્રતિનિધિત્વ કરવા અને મારા વતી કાર્ય કરવા."* પવિત્ર આત્મા અહીં ઈસુના સ્થાને છે, તેમનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે અને તેમના વતી કાર્ય કરે છે. આનો અર્થ એ છે કે પવિત્ર આત્મા ઈસુને જાહેર કરશે અને પ્રગટ કરશે, અને જો ઈસુ પોતે અહીં હોત.

---

પવિત્ર આત્મા અહીં
ઈસુના નામમાં છે.
તે અહીં ઈસુનું સ્થાન લઈ રહ્યા છે,
સંપૂર્ણ રીતે તેમનું પ્રતિનિધિત્વ કરવા
અને તેમના વતી કાર્ય કરવા.

---

**યોહાન 15:26,27**

**26 પણ સંબોધક, એટલે સત્યનો આત્મા, જે પિતાની પાસેથી નીકળે છે, તેને હું પિતાની પાસેથી તમારી પાસે મોકલી દઈશ; તે જ્યારે આવશે, ત્યારે તે મારા સંબંધી સાક્ષી આપશે.**

**27 અને તમે પણ સાક્ષી આપશો, કેમ કે તમે આરંભથી મારી સાથે છો.**

પવિત્ર આત્મા સાક્ષી આપે છે, સાક્ષીરૂપ બને છે, ઈસુ વિષે બોલે છે અને તેમને પ્રગટ કરે છે. અને આપણને સાક્ષી

આપવા, સાક્ષીરૂપ બનવા, ઈસુ વિષે બોલવા અને તેમને પ્રગટ કરવાની સમાન કાર્યની સોંપણી કરવામાં આવી છે.

**યોહાન 16:14**
**તે મને મહિમાવાન કરશે, કેમ કે મારું જે છે તેમાંનું લઈને તે તમને કહી બતાવશે.**

પવિત્ર આત્મા અહીં ઈસુના નામમાં છે અને તેથી તે ઈસુને મહિમા આપે તે રીતે બોલે છે અને કાર્ય કરે છે. અને આ કાર્યની સોંપણી આપણને પણ કરવામાં આવી છે—જગતમાં ઈસુને મહિમા આપવો.

ધ્યાનમાં રાખવાનું એક મહત્વપૂર્ણ સત્ય એ છે કે પવિત્ર આત્મા વિશ્વાસી દ્વારા કાર્ય કરે છે. તેથી, ઈસુના નામમાં આવવાની તેમની ક્ષમતામાં, પવિત્ર આત્મા વિશ્વાસીના સહયોગથી તેમનું કાર્ય પૂર્ણ કરવા માંગે છે.

જેમ પવિત્ર આત્મા ઈસુના નામમાં આવ્યા છે, તેમ આપણને પણ ઈસુના નામમાં મોકલવામાં આવ્યા છે. તેથી, જ્યારે આપણે “ઈસુના નામમાં” કહીએ છીએ, ત્યારે આપણે એકલા ઊભા નથી. જ્યારે આપણે ઈસુના નામમાં બોલીએ છીએ અને કાર્ય કરીએ છીએ ત્યારે ઈશ્વરનો આત્મા આપણી સાથે છે. આપણે ઈસુના નામમાં જે કરીએ છીએ તેમાં તે આપણી સાથે છે. ઈસુના નામમાં આગળ વધનાર વિશ્વાસી, ઈશ્વરનો આત્મા તેની સાથે હોવાની ખાતરી રાખી શકે છે. ઈશ્વરનો આત્મા આપણામાં અને આપણા દ્વારા એવી રીતે કાર્ય કરશે કે જેથી ઈસુને મહિમા મળે અને આપણા દ્વારા ઈસુને સંપૂર્ણ રીતે પ્રગટ કરે. હકીકતમાં, આપણે ખાતરી રાખી શકીએ કે તે આ કરવા માટે તે આપણા કરતાં વધુ આતુર છે! આપણે અહીં ઈસુના નામમાં પવિત્ર આત્માની સાથે છીએ!

જેમ પ્રેરિતો કહે છે, *"અમે એ વાતોના સાક્ષી છીએ, અને ઈશ્વરે પોતાની આજ્ઞા માનનારાઓને જે પવિત્ર આત્મા આપ્યો છે તે પણ સાક્ષી છે"* (પ્રેરિતોનાં કૃત્યો 5:32).

## સમીક્ષા

1) પવિત્ર આત્મા અહીં ઈસુના નામમાં છે. વિશ્વાસીને પણ ઈસુના નામમાં મોકલવામાં આવ્યા છે. વિશ્વાસી માટે આ બધાનો અર્થ શું છે તે વિષે વિચાર કરો. આના પ્રકાશમાં, આપણે વ્યક્તિ પવિત્ર આત્મા સાથેનો આપણો વ્યવહાર, આપણી ક્રિયાપ્રતિક્રિયા અને સહકાર કેવી રીતે બદલવા જોઈએ?

# 7
# જ્યારે આપણે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ ત્યારે શું થાય છે

જ્યારે આપણે જાહેર કરીએ છીએ કે આપણે ઈસુના નામમાં કંઈક કહી રહ્યા છીએ અથવા કરી રહ્યા છીએ, ત્યારે આપણે ખરેખર શું કરી રહ્યા છીએ? ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ માંદા વ્યક્તિ પર હાથ મૂકીએ છીએ,અથવા કોઈ બીમાર વ્યક્તિની ઈસુના નામમાં બીજી કોઈ રીતે સેવા કરીએ છીએ, તો આપણે ખરેખર શું કરી રહ્યા છીએ? જ્યારે આપણે દુષ્ટાત્માઓને ઈસુના નામમાં નીકળી જવાની આજ્ઞા આપીએ છીએ, ત્યારે આત્મિક ક્ષેત્રમાં તે ખરેખર શું સૂચવે છે? જ્યારે આપણે ઈસુના નામમાં તોફાન (આ કોઈ સંજોગો, પરિસ્થિતિ હોઈ શકે છે) અથવા પહાડ (આ અવરોધ, પડકાર હોઈ શકે છે) સાથે વાત કરીએ છીએ, ત્યારે આપણે શું અપેક્ષા રાખવી જોઈએ? જ્યારે આપણે ઈસુના નામમાં કંઈક કરવા માટે પિતાને પ્રાર્થના કરીએ છીએ, ત્યારે તેમની સમક્ષ મૂકવામાં આવેલી આ વિનંતીને પિતા કેવી રીતે જુએ છે? આત્મિક ક્ષેત્રમાં, જ્યારે આપણે વિશ્વાસીઓ તરીકે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ ત્યારે કયું બળ પ્રભાવિત થાય છે?

જ્યારે આપણે વિશ્વાસીઓ તરીકે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણે એ કાયદાકીય અધિકારનો ઉપયોગ કરીએ છીએ જે ઈસુએ આપણને આપ્યો છે. આપણે કંઈક કરી રહ્યા છીએ જે કરવા માટે આપણને પ્રભુ ઈસુ દ્વારા અધિકૃત કરવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ વિષે વિચાર કરો. રસ્તા પર વાહનોની ભીડ હોઈ શકે છે. પરંતુ જ્યારે તેના ગણવેશમાં સજ્જ ટ્રાફિક પોલીસ “થોભો” નો સંકેત આપતા હાથ ઊંચો કરે

છે, ત્યારે તમામ વાહનો થંભી જાય છે. તેના માટે શારીરિક રીતે વાહનોને રોકવાનું અશક્ય હશે. પરંતુ તેને સ્થાનિક સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવ્યો છે, અને તે તેના ગણવેશમાં તેની સત્તાનો ઉપયોગ કરી રહ્યો છે (તેને જે કરવા માટે અધિકૃત કરવામાં આવ્યો છે તે કરી રહ્યો છે), વાહનચાલકો તેના અધિકારને માન્ય રાખે છે અને તેમના વાહનોને રોકે છે. સરખામણી કરતા, આપણે કહી શકીએ કે જ્યારે આપણે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ, આત્મિક રીતે કહીએ તો, આપણે આપણા ગણવેશમાં, આપણી સ્વર્ગીય અધિકૃતતામાં પ્રવેશીએ, અને તે હુકમનામું બહાર પાડીએ છીએ જેને આત્મિક ક્ષેત્ર સમજે છે અને તેનો પ્રતિસાદ આપે છે.

જ્યારે આપણે “ઈસુના નામમાં” એમ બોલીએ છીએ, ત્યારે આપણે હિંમતભેર સંકેત આપીએ છીએ કે આપણે જે કરી રહ્યા છીએ તે ઈસુના સ્થાને, તેમના વતી, તેમનું પ્રતિનિધિત્વ કરવા માટે કરી રહ્યા છીએ, જે જો ઈસુ તેમના સઘળા અધિકાર અને પરાક્રમ સહિત આપણને સમર્થન આપતા હોત તો તેમણે કર્યું હોત.

જ્યારે આપણે “ઈસુના નામમાં” એમ બોલીએ છીએ,
ત્યારે આપણે હિંમતભેર સંકેત આપીએ છીએ કે
આપણે જે કરી રહ્યા છીએ તે ઈસુના સ્થાને, તેમના વતી,
તેમનું પ્રતિનિધિત્વ કરવા માટે કરી રહ્યા છીએ,
જે જો ઈસુ તેમના સઘળા અધિકાર અને પરાક્રમ સહિત
આપણને સમર્થન આપતા હોત
તો તેમણે કર્યું હોત.

તેમનું નામ તેમને એ બાબતમાં હાજર કરે છે. ઈસુ હવે ત્યાં જ છે. તે, ઈસુ, તેમના નામમાં છે. તેમના નામમાં, તે

હાજર છે (માથ્થી 18:20). હવે જાણે કે તે બીમાર વ્યક્તિ પર તે તેમનો હાથ મૂકે છે જેના પર આપણે હાથ મૂકી રહ્યા છીએ. હવે જાણે કે ઈસુ એ આજ્ઞા કરે છે જે આપણે તેમના નામમાં બોલી રહ્યા છીએ. ઈસુ આપણા દ્વારા કાર્ય કરે છે. હવે તે જે છે તે સઘળાં દ્વારા એ પરિસ્થિતિને સંભાળે છે.

તેમના નામથી સ્વર્ગની તમામ સત્તા આ પરિસ્થિતિ પર કાર્ય કરે છે. તેમના નામમાં જે રાજવીપણું છે, તે જ રાજ્યનું પરાક્રમ, આધિપત્ય અને તેમના નામની સત્તા હવે પરિસ્થિતિ પર પ્રભાવ પાડે છે. હવે કશું જ અશક્ય નથી. તમામ સત્તા તેમના નામમાં છે. જ્યારે આપણે માંદગી સામે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે માંદગીનો કોઈ અધિકાર નથી. જ્યારે આપણે શેતાની શક્તિઓ સામે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે દુષ્ટાત્માઓ પાસે કોઈ સત્તા નથી. તેઓ એ નામ સામે શક્તિહીન છે. ઈસુના નામમાં, રાજ્યનું પ્રભુત્વ પરિસ્થિતિ પર કાર્ય કરે છે.

તેમના નામમાં, તેમનું સામર્થ્ય હાજર છે (1 કરિંથીઓને 5:4). જ્યારે આપણે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે પવિત્ર આત્મા, જે ખ્રિસ્તનો આત્મા છે, જેને તેમના નામમાં મોકલવામાં આવ્યો છે, તે ત્યાં હાજર હોય છે. સર્વશક્તિમાન ઈશ્વરનું પરાક્રમ મુક્ત થાય છે. આપણે ઈસુના નામમાં જારી કરેલા આદેશના શબ્દો સાથે આત્માનું સામર્થ્ય મુક્ત થાય છે.

જ્યારે આપણે ઈસુના નામમાં પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે તેમના સ્થાને, તેમના વતી ઊભા રહીએ છીએ અને પિતાને વિનંતી કરીએ છીએ. એવું લાગે છે કે ઈસુ પોતે તે વિનંતી કરી રહ્યા હોય. તે અન્ય કોઈ રીતે હોઈ શકે નહીં. આપણી પ્રાર્થના હવે આપણી સાથે તેમનું નામ વહન કરે છે. "ઈસુના નામમાં" પ્રાર્થના કરવી અને આપણી પ્રાર્થનામાં તેમનું નામ ન હોય એવી અપેક્ષા રાખવી તે અર્થહીન હશે! જ્યારે

આપણે આપણી પ્રાર્થનામાં "ઈસુના નામમાં" નો ઉલ્લેખ કરીએ છીએ, ત્યારે આપણે વ્યક્ત કર્યું છે કે આપણે આ પ્રાર્થના ઈસુની જગ્યાએ, તેમના વતી, તેમનું પ્રતિનિધિત્વ કરવા માટે કરી રહ્યા છીએ, જો ઈસુ તેમની તમામ સત્તા અને પરાક્રમ સહિત આપણને સમર્થન આપતા હોત તો તેમણે જે માંગ્યું હોત તે માંગી રહ્યા છીએ.

## તેમનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરવું

તેમના નામમાં, આપણે તે જે કહે અને કરે તે કહેવા અને કરવામાં તેમનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. તેથી તે મહત્વપૂર્ણ છે કે આપણે ઈસુ જે કહેશે અને કરશે તે કહીને અને કરીને તેમનું સચોટ પ્રતિનિધિત્વ કરીએ.

તેથી, એ જાણવું અગત્યનું છે કે ઈસુ કોઈ પણ પરિસ્થિતિમાં શું કહેશે અથવા શું કરશે.આપણે આપણા મનનું નવીનીકરણ કરવું જોઈએ, એટલે કે આપણી વિચારસરણીનું, જેમ આપણે સુવાર્તાઓમાં ઈસુને જોઈએ છીએ તેમ આપણે વિચારવું જોઈએ. દાખલા તરીકે, અહીં કેટલીક બાબતો છે જે સુવાર્તાઓ પ્રમાણે ઈસુ કેવી રીતે વિચારતા હતા, બોલતા હતા અને ચાલતા હતા તે દર્શાવે છે.

જ્યારે તેઓની હોડી પવનના તોફાનમાં લગભગ ડૂબી જઈ રહી હતી, ત્યારે ઈસુ શાંતિમાં હતા. જ્યારે તે જાગ્યા, ત્યારે તેમણે તોફાનનો સામનો કરતા, પવન અને મોજાંને શાંત થવાનો આદેશ આપ્યો.

જ્યારે બાબતો બદથી બદતર થતી જાય છે, જેમ કે યાઈરસની દીકરીના કિસ્સામાં બન્યું કે ઈસુ હજી યાઈરસના ઘરે જઈ રહ્યા હતા ત્યારે તે મરણ પામી હતી. ત્યારે ઈસુએ ફક્ત કહ્યું, *"બી નહિ, માત્ર વિશ્વાસ રાખ,"* અને દીકરીને જીવિત

કરવામાં આવી.

જ્યારે તેમને, પુરુષો, સ્ત્રીઓ અને બાળકો સહીત 5000 થી વધુ લોકોને ખવડાવાની જરૂરિયાતનો સામનો કરવો પડ્યો, ત્યારે ઈસુએ તેમના શિષ્યોને કહ્યું કે તેઓને ખાવાનું આપો. તે સ્વાભાવિક રીતે અશક્ય હતું અને તેમ છતાં, તેમણે એક નાના છોકરાના બપોરના ભોજનમાંની પાંચ રોટલી અને બે માછલી લીધી અને પ્રાર્થના કરી, તેમાં વધારો કરીને તે વહેચ્યું.

જ્યારે તે એવા માણસને મળ્યા કે જેણે હમણાં જ ઈસુના શિષ્યોની આત્મિક નિષ્ફળતાનો અનુભવ કર્યો હતો જેઓ તેના દીકરામાંથી દુષ્ટાત્માને બહાર કાઢી શક્યા નહોતા, ત્યારે ઈસુએ તેને કહ્યું, *"જો તું કરી શકે! વિશ્વાસ રાખનારને તો સર્વ શક્ય છે"* (માર્ક 9:23).

જ્યારે લાજરસ મરણ પામ્યો અને ચાર દિવસથી કબરમાં હતો, એવી નિરાશાજનક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો, ત્યારે ઈસુએ કહ્યું, *"... જો તું વિશ્વાસ કરશે, તો તું ઈશ્વરનો મહિમા જોશે"* (યોહાન 11:40).

આ ખ્રિસ્તનું મન છે. આ ઈસુનો પરિપ્રેક્ષ્ય છે. આ રીતે ઈસુએ કાર્ય કર્યું અને પરિસ્થિતિઓને પ્રતિભાવ આપ્યો. આ તેમણે પિતા પાસેથી જોયું હતું અને સાંભળ્યું હતું

## પવિત્ર આત્માનું સાંભળો

**યોહાન 16:13-15**

**13 તોપણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે; કેમ કે તે પોતાના તરફથી બોલશે નહિ; પણ જે કંઈ તે સાંભળશે તે જ તે બોલશે; અને જે જે થનાર છે તે તમને કહી બતાવશે.**

**14 તે મને મહિમાવાન કરશે, કેમ કે મારું જે છે તેમાંનું લઈને તે તમને કહી બતાવશે.**

**15 જે પિતાનાં છે, તે સર્વ મારાં છે; અને તેટલા માટે મેં કહ્યું કે, મારું જે છે તેમાંનું લઈને તે તમને કહી બતાવશે.**

પવિત્ર આત્મા અહીં ઈસુના નામમાં છે. તે આપણામાં છે. તે એ છે જે આપણને સર્વ સત્યમાં દોરી જાય છે. ઈસુ જે કહે છે તે તે સાંભળે છે અને તે આપણને કહે છે. તેથી, આપણે ઈસુને યોગ્ય રીતે રજૂ કરવા માટે, આપણે ઈશ્વરના આત્માનું સાંભળવાનું પણ શીખવું જોઈએ. તે આપણને ખ્રિસ્તનું મન પ્રગટ કરે છે (1 કરિંથીઓને 2:9-16) તેથી શું કહેવું અને શું કરવું તે આપણે જાણીશું કે જેથી આપણે ઈસુનું ચોક્કસપણે પ્રતિનિધિત્વ કરી શકીએ.

## સમીક્ષા

1) જ્યારે આપણે "ઈસુના નામમાં" પ્રાર્થના કરીએ, બોલીએ અથવા કાર્ય કરીએ ત્યારે અમલમાં આવતા વિવિધ આત્મિક બળો પર વિચાર કરો. આ પ્રકટીકરણ તમારી પ્રાર્થના કરવાની, વ્યક્તિગત જીવનની પરિસ્થિતિઓનો સામનો કરવાની અને જરૂરિયાતમંદ લોકોની સેવા કરવાની તમારી રીતને કેવી રીતે બદલશે?
2) ખ્રિસ્તનું સચોટ પ્રતિનિધિત્વ કરવા માટે, જ્યારે આપણે તેમના નામમાં પ્રાર્થના કરીએ છીએ, બોલીએ છીએ અથવા કાર્ય કરીએ છીએ, ત્યારે આપણે ખ્રિસ્તના મનને નીચે મુજબ જાણવાની જરૂર છે

- સુવાર્તાઓમાં તેમનું નજીકથી નિરીક્ષણ કરીને અને
- પવિત્ર આત્માનું સાંભળીને

આ બે ક્ષેત્રોમાં તમારું પોતાનું મૂલ્યાંકન કરો.

- શું તમને લાગે છે કે સુવાર્તાઓમાં આપણા માટે નોંધાયેલી

વિવિધ પરિસ્થિતિઓમાં ઈસુએ કેવી રીતે વિચાર્યું અને પ્રતિભાવ આપ્યો તેની તમને સારી સમજ છે?

- શું રોજિંદા જીવનની પરિસ્થિતિઓમાં પવિત્ર આત્મા પાસેથી માંગવું, સાંભળવું અને ધ્યાન આપવું તમારે માટે સરળ છે?

(વધુ અભ્યાસ માટે, કૃપા કરીને **apcwo.org/books** પર મફત ડાઉનલોડ્સ તરીકે ઉપલબ્ધ APC પુસ્તકો, "રિસિવિંગ ગૉડ્સ ગાઈડન્સ," "ધ ગિફ્ટ્સ ઑફ ધ હોલી સ્પિરિટ" અને "ધ વન્ડરફુલ બેનિફિટ્સ ઓફ સ્પીકિંગ ઇન ટંગ્સ" જુઓ.)

# 8
# ઈસુના નામમાં વિશ્વાસ કરો

ઈસુના નામનો ઉપયોગ કરવો એ તાવીજ, "ખુલ્લ જા સીમસીમ" જેવા જાદુઈ શબ્દસમૂહ અથવા મંત્ર બોલવું, ધાર્મિક વિધિ અથવા આત્મિક પરંપરા જેનો ઉપયોગ સારી બાબતો થાય તે માટે કરવામાં આવે છે તે નથી. તે નામનું અર્થહીન રીતે નિરર્થક પુનરાવર્તન આપણને પ્રભુએ જે વચન આપ્યું છે તે જોવા સક્ષમ નહિ બનાવે. તે નામને અસરકારક રીતે બોલવા માટે, આપણે વ્યક્તિ ઈસુમાં વિશ્વાસ કરવો જોઈએ અને તેમના નામના અધિકારમાં વિશ્વાસ કરવો જોઈએ.

## તેમનામાં વિશ્વાસ કરો, તેમના નામમાં વિશ્વાસ કરો

શાસ્ત્રમાં અસંખ્ય સ્થાનો છે જ્યાં આપણને ઈસુના નામ પર વિશ્વાસ કરવા તેમજ વ્યક્તિ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવા માટે કહેવામાં આવે છે.

થોડા ધ્યાનમાં લો.

**યોહાન 1:12**
**પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરના છોકરાં થવાનો અધિકાર આપ્યો.**

**યોહાન 3:18 (યોહાન 20:31; 1 યોહાનનો 5:13 પણ જુઓ)**
**તેમના પર જે વિશ્વાસ કરે છે; તે અપરાધી ઠરતો નથી; પણ જે વિશ્વાસ નથી કરતો, તે અપરાધી ઠરી ચૂકયો છે, કેમ કે ઈશ્વરના એકાકીજનિત દીકરાના નામ પર તેણે વિશ્વાસ કર્યો નથી.**

**યોહાન 6:28,29**
**28 ત્યારે તેઓએ તેમને પૂછયું કે, "અમે ઈશ્વરનાં કામ કરીએ તે માટે અમારે શું કરવું જોઈએ?"**

**[29] ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, "જેને તેમણે મોકલ્યો છે તેના પર તમે વિશ્વાસ કરો, એ જ ઈશ્વરનું કામ છે."**

જેમ આપણે અગાઉના પ્રકરણોમાં જાણ્યું કે, તેમના નામમાં વિશ્વાસ કરવો એ તેમનામાં, વ્યક્તિમાં વિશ્વાસ કરવો છે. ઈસુના નામમાં વિશ્વાસ કરવા માટે, તે નામ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે વ્યક્તિ ઈસુને જાણવા  જોઈએ અને તેમનામાં વિશ્વાસ કરવો જોઈએ.

## નામમાં વિશ્વાસ કરીને નામનો ઉપયોગ કરો

વિશ્વાસને ઈસુના નામના ઉપયોગ સાથે જોડવો જોઈએ. ઈસુના નામનો ઉપયોગ કરતી વખતે આ શાસ્ત્રવચનોનો વિચાર કરો જે આપણને વિશ્વાસનું મહત્વ શીખવે છે.

**માથ્થી 17:19-21**

**[19] ત્યારે શિષ્યોએ એકાંતમાં ઈસુની પાસે આવીને કહ્યું કે, "અમે તેને કેમ કાઢી ન શક્યા?"**

**[20] ત્યારે તેમણે તેઓને કહ્યું કે, "તમારા અવિશ્વાસને લીધે; કેમ કે હું તમને ખચીત કહું છું કે, તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ હોય તો તમે આ પહાડને કહેશો કે, 'તું અહીંથી ત્યાં ખસી જા, ને તે ખસી જશે;' અને તમને કંઈ અશક્ય થશે નહિ.**

**[21] પણ પ્રાર્થના તથા ઉપવાસ વગર એ જાત નીકળતી નથી."**

આપણે પ્રકરણ 5 માં અગાઉ સ્થાપિત કર્યું છે કે પ્રેરિતો ઈસુના નામમાં કાર્ય કરતા હતા, માંદાઓને સાજા કરતા હતા, દુષ્ટાત્માઓને બહાર કાઢતા હતા અને ચમત્કારો કરતા હતા. તેઓ સારા પરિણામો જોઈ રહ્યા હતા. જો કે, અહીં માથ્થી 17 માં, આપણે એવી પરિસ્થિતિ જોઈએ છીએ જ્યાં શિષ્યો એક છોકરામાંથી દુષ્ટાત્માને કાઢવામાં નિષ્ફળ ગયા. જેમ તેઓએ અગાઉ ઘણી વખત કર્યો હતો તેમ ચોક્કસ તેઓએ ઈસુના નામનો ઉપયોગ કર્યો હશે તેમ છતાં તેઓ છોકરાને મુક્ત કરી શક્યા નહોતા. ઈસુ પાછળથી આવ્યા અને છોકરાને મુક્ત કર્યો.

જ્યારે શિષ્યોએ પૂછ્યું કે તેઓ શા માટે દુષ્ટાત્માને બહાર કાઢી શક્યા નહિ, ત્યારે ઈસુએ એક મુખ્ય સમસ્યા તરફ ધ્યાન દોર્યું **—અવિશ્વાસ.** ઉકેલ તરીકે, તેમણે માત્ર રાઈના દાણા જેટલા વિશ્વાસના સામર્થ્ય તરફ ધ્યાન દોર્યું. ઈસુના નામમાં સોંપવામાં આવેલ અધિકારના ઉપયોગ સાથે વિશ્વાસને જોડવો જોઈએ. પ્રાર્થના અને ઉપવાસ અવિશ્વાસને આપણા માર્ગમાંથી દૂર કરવામાં મદદ કરે છે જેથી કરીને આપણા હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન થાય અને આ પ્રકારના દુષ્ટાત્માનો સામનો કરી શકાય.

ઈસુના નામમાં
સોંપવામાં આવેલ અધિકારના ઉપયોગ સાથે
વિશ્વાસને જોડવો જોઈએ.

મંદિરના દરવાજે જ્યારે પિતર અને યોહાને તે માણસને, જે 40 વર્ષથી અપંગ હતો, તેને સંપૂર્ણ તંદુરસ્તીમાં ઊભો કર્યો, ત્યારે બધા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. પિતરે મંદિરમાં તેઓને આપેલા સંદેશમાં આ જણાવ્યું.

**પ્રેરિતોનાં કૃત્યો 3:16**
**તેમના નામ પરના વિશ્વાસથી આ માણસ જેને તમે જુઓ છો અને ઓળખો છો, તેને ઈસુના નામે શક્તિમાન કર્યો; હા, તેમના પરના વિશ્વાસે તમો સર્વની આગળ તેને આ પૂરું આરોગ્ય આપ્યું છે.**

જેનાથી અપંગ માણસ સાજો થયો હતો, તે ઈસુના નામ તરફ અને ઈસુના નામમાં વિશ્વાસ તરફ પિતરે ધ્યાન દોર્યું. આ આપણને ભારપૂર્વક જણાવે છે કે ઈસુનું નામ એ, વ્યક્તિ ઈસુ જે છે તે અને તે પરિસ્થિતિમાં જે વિશેષ કરવા સમર્થ છે, તેનામાં વિશ્વાસ સાથે બોલવું જોઈએ.

આપણે યાકૂબના પત્રમાં આપણા માટે આ ફરી એકવાર પુનરાવર્તિત થયેલું જોઈએ છીએ.

**યાકૂબનો પત્ર 5:14,15**
**14 તમારામાં શું કોઈ માંદો છે? [જો હોય] તો તેણે મંડળીના વડીલોને બોલાવવા; અને તેઓએ પ્રભુના નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી;**
**15 અને વિશ્વાસ [સહિત કરેલી] પ્રાર્થના માંદાને બચાવશે, ને પ્રભુ તેને ઉઠાડશે; અને જો તેણે પાપ કર્યાં હશે તો તે તેને માફ કરવામાં આવશે.**

આપણે ઈસુના નામમાં માંદા લોકોની સેવા કરવી જોઈએ અને વિશ્વાસની પ્રાર્થના કરવી જોઈએ. એ તો વિશ્વાસ સહિત કરવામાં આવેલી અને ઈસુના નામમાં કરવામાં આવેલી પ્રાર્થના છે જે માંદાઓને સાજા કરશે—ફરી એકવાર સ્પષ્ટપણે શીખવે છે કે માંદી વ્યક્તિની સેવા કરતી વખતે પ્રાર્થનામાં ઈસુના નામનો ઉપયોગ કરતી વખતે આપણે વિશ્વાસનો ઉપયોગ કરવો જોઈએ. ફક્ત યાદ કરાવવા  માટે, યાકૂબ જે વિશ્વાસનો ઉલ્લેખ કરે છે તે આપણા માટે પ્રકરણ 1 માં વર્ણવવામાં આવ્યો છે, *"કોઈ શંકા વિનાનો, ડગમગ્યા વિનાનો, એકનિષ્ઠ, સંપૂર્ણ નિશ્ચિત, પ્રકારનો વિશ્વાસ," "પરંતુ કંઈ પણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી માંગવું; કેમ કે જે કોઈ સંદેહ રાખે છે, તે પવનથી ઊછળતા તથા અફળાતા સમુદ્રના મોજાના જેવો છે. એવા માણસે પ્રભુ તરફથી તેને કંઈ મળશે એવું ન ધારવું. બે મનવાળું માણસ પોતાના સર્વ કાર્યમાં અસ્થિર છે"* (યાકૂબનો પત્ર 1:6-8).

જ્યારે આપણે પ્રાર્થનામાં ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ અથવા જ્યારે પરિસ્થિતિઓ, માંદગી, દુષ્ટાત્માઓ, કુદરતી તત્વો વગેરે પર અધિકારનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણે તે ઈસુમાં "**કોઈ શંકા વિના, ડગમગ્યા વિના, એકનિષ્ઠ, સંપૂર્ણ નિશ્ચિત, પ્રકારના વિશ્વાસ સાથે કરવો જોઈએ.**"

જ્યારે આપણે પ્રાર્થનામાં
ઈસુના
નામનો ઉપયોગ કરીએ છીએ,
અથવા જ્યારે પરિસ્થિતિઓ, માંદગી,
દુષ્ટાત્માઓ, કુદરતી તત્વો વગેરે
પર અધિકારનો ઉપયોગ કરીએ છીએ,
ત્યારે આપણે તે ઈસુમાં
"કોઈ શંકા વિના, ડગમગ્યા વિના,
એકનિષ્ઠ, સંપૂર્ણ નિશ્ચિત,
પ્રકારના વિશ્વાસ સાથે કરવો જોઈએ."

## સમીક્ષા

1) કલ્પના કરો કે તમે **માથ્થી** 17:14-21 ના પ્રેરિતોમાંના એક છો અને છોકરામાંથી દુષ્ટાત્મા બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છો. તમે, અન્ય પ્રેરિતો સાથે, નાસરેથના ઈસુ ખ્રિસ્તના નામમાં તમને સોંપવામાં આવેલ અધિકારનો ઉપયોગ કરીને ઘણી વખત દુષ્ટાત્માઓને બહાર કાઢ્યા છે પરંતુ તમે આ કિસ્સામાં સકારાત્મક પરિણામો જોઈ રહ્યા નથી. આવી પરિસ્થિતિમાં વિશ્વાસને રદ્દ કરતા અવિશ્વાસના કેટલાક કારણો શું હોઈ શકે?
2) આપણે વ્યક્તિ ઈસુ અને તેમના નામમાં આપણા વિશ્વાસને કેવી રીતે વિકસાવી શકીએ અને મજબૂત કરી શકીએ?

# 9
# ઈસુના નામમાં

જ્યારે તેમણે આપણને તેમના નામનો ઉપયોગ કરવા માટે અધિકૃત કર્યા અને તેમના નામમાં આપણને મોકલ્યા ત્યારે વિશ્વાસીઓ તરીકે, એ આદેશ જે પ્રભુએ આપણા પર મૂક્યો છે તે આપણે સમજવો જોઈએ અને તેમાં ચાલવું જોઈએ. કારણ કે તે ઈશ્વર છે જેમણે આપણને તેમના નામનો ઉપયોગ કરવાનો અપાર વિશેષાધિકાર અને હક્ક આપવા માટે અધિકૃત કર્યા છે, તે નામનો ઉપયોગ કરવાની અને તે જે કરવા માંગે છે તે કરવાની આપણી જવાબદારી છે. આપણે તેમના નામમાં કાર્ય કરવા માટે, તેમનું ચોક્કસ પ્રતિનિધિત્વ કરવા માટે બહાર નીકળવા, તેમના સ્થાને કાર્ય કરવા, તેમના વતી કાર્ય કરવા માટે, જો તેઓ હાજર હોય તો તેઓ જે કરશે તે કરવા માટે કોઈ બહાના આપવાના નથી. “ઈસુ જેવા બનવાનો પ્રયત્ન” કરવામાં આપણામાં કોઈ શરમની લાગણી ન હોવી જોઈએ કારણ કે તેવા જ બનવા માટે આપણને તેડવામાં આવે છે! *“કેમ કે જેવા તે છે, તેવા આપણે આ જગતમાં છીએ”* (1 યોહાનનો 4:17). આપણે ઈસુની રીત પ્રમાણે જીવન જીવીએ છીએ—આપણે ઈસુની જેમ જીવીએ છીએ—ઈસુની જેમ વિચારીએ છીએ, બોલીએ છીએ, કાર્ય કરીએ છીએ, પ્રતિક્રિયા આપીએ છીએ અને વર્તીએ છીએ (1 યોહાનનો 2:6). અને આપણે આ ઈસુના નામમાં કરીએ છીએ!

પ્રારંભિક મંડળી તે સમજી હતી. આ સરળ, સામાન્ય લોકો હતા પરંતુ તેઓ જાણતા હતા કે ઈસુના નામમાં કાર્ય કરવાનો અર્થ શું છે. આજે વિશ્વાસીઓ તરીકે, આપણે પણ એ સમજવું જોઈએ કે જ્યારે ઈસુએ આપણને તેમના નામનો ઉપયોગ

કરવાનો અધિકાર આપ્યો ત્યારે તે આપણા માટે શું ઈરાદા રાખતા હતા.

## તમારી પાસે ઈસુના નામમાં શું છે તે જાણો અને તેના પર કાર્ય કરો

**પ્રેરિતોનાં કૃત્યો 3:6,7**

**6 પણ પિતરે કહ્યું કે, "સોનુંરૂપું તો મારી પાસે નથી; પણ મારી પાસે જે છે તે હું તને આપું છું. ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા."**

**7 તેણે તેનો જમણો હાથ પકડીને તેને ઉઠાડ્યો; એટલે તરત તેના પગમાં તથા ઘૂંટીઓમાં જોર આવ્યું.**

પિતરે કહ્યું, *"મારી પાસે જે છે તે હું તને આપું છું."* પિતર જાણતો હતો કે તેની પાસે કંઈક છે. તે જાણતો હતો કે તેની પાસે નાસરેથના ઈસુ ખ્રિસ્તનું નામ છે. પિતર જાણતો હતો કે તે નામમાં જે હતું તેનો ઉપયોગ કરવા માટે તેને અધિકૃત કરવામાં આવ્યો હતો. તે જાણતો હતો કે એ નામમાં જ સાજાપણું છે. તે જાણતો હતો કે જન્મથી 40 વર્ષથી અપંગ આ માણસને સાજા કરવાનું સામર્થ્ય આ નામમાં છે. અને તે દિવસે, પિતર જાણતો હતો કે ઈશ્વર ઈચ્છે છે કે તે આ અપંગ માણસની સેવા કરે અને ઈસુના નામમાં જે કંઈ હતું તે તેને આપે.

તોપણ, પિતરને કંઈક કરવું પડ્યું હતું. તેણે બોલવું પડ્યું અને તેણે ઈસુના નામમાં કાર્ય કરવાનું હતું. નહિંતર, જે નામ પિતર પાસે હતું, અને તે નામમાં જે હતું તે આ અપંગ માણસ માટે કોઈ મૂલ્ય વિનાનું હોત. તેથી, પિતર હિંમતભેર આગળ વધ્યો, ઈસુના નામમાં બોલ્યો, જે લંગડો માણસ ક્યારેય ચાલ્યો ન હતો અને તેને ચાલવા માટે આદેશ આપ્યો. તેણે ઈસુના નામમાં હિંમતભેર કાર્ય કર્યું અને તે માણસને ઊભો કર્યો. એ નામ નિષ્ફળ થયું નહિ. એ નામમાં રહેલ સામર્થ્ય એ આ માણસને તંદુરસ્ત બનાવી દીધો.

**પ્રેરિતોનાં કૃત્યો 4:7**
**તેઓએ તેઓને વચમાં ઊભા રાખીને પૂછયું કે, "કેવા પરાક્રમથી કે, કેવા નામથી તમે એ કર્યું છે?"**

**પ્રેરિતોનાં કૃત્યો 4:10**
**તો તમો સર્વને તથા સર્વ ઈસ્રાએલી લોકોને માલૂમ થાય કે, ઈસુ ખ્રિસ્ત નાઝારી, જેમને તમે વધસ્તંભ પર મારી નાખ્યા, અને જેમને ઈશ્વરે મૂએલાંમાંથી ઉઠાડ્યા, તેમના નામથી આ માણસ સાજો થઈને અહીં તમારી આગળ ઊભો રહ્યો છે.**

તે જોવાનું રસપ્રદ છે કે કેવી રીતે પિતર અને યોહાનને અપંગ માણસના ચમત્કારિક સાજાપણાં વિષે ધાર્મિક આગેવાનો દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો. તેમને પૂછવામાં આવ્યું કે તમે આ કયા પરાક્રમથી કે *"કયા નામથી"* કર્યું છે? *"પરાક્રમ"* માટેનો ગ્રીક શબ્દ *'ડુનામિસ'* છે અને તેનો ઉપયોગ અલૌકિક સામર્થ્ય માટે થાય છે. એ તે જ શબ્દ છે જેનો ઉપયોગ પવિત્ર આત્માના સામર્થ્યનો સંદર્ભ આપવા માટે થાય છે (પ્રેરિતોનાં કૃત્યો 1:8). "કયા નામથી" પૂછવાની બીજી રીત, *"કોના અધિકારથી?"* અથવા "જ્યારે તમે આ કરો છો ત્યારે તમે કોનું પ્રતિનિધિત્વ કરો છો?" છે. પિતરનો જવાબ ખૂબ જ સ્પષ્ટ છે. પરાક્રમ અને અધિકાર *"નાસરેથના ઈસુ ખ્રિસ્તના નામથી"* આવ્યા. ઈસુના નામમાં આપણી પાસે જે સામર્થ્ય અને અધિકાર ઉપલબ્ધ છે તે આપણે જાણવું જોઈએ. ઈસુ આપણી પાસે જે કરાવવા માંગે છે તે કરવા માટે જ્યારે આપણે ઈસુના નામમાં હિંમતભેર બહાર નીકળીએ છીએ ત્યારે ઈશ્વરનું સામર્થ્ય અને અધિકાર મુક્ત થાય છે.

ઈસુ જે કરાવવા માંગે છે તે કરવા માટે
જ્યારે આપણે ઈસુના નામમાં
હિંમતભેર બહાર નીકળીએ છીએ
ત્યારે ઈશ્વરનું સામર્થ્ય અને અધિકાર મુક્ત થાય છે.

## ખ્રિસ્તમાં તમે કોણ છો તે જાણો

આપણને જે અધિકાર સોંપવામાં આવ્યો છે તેનો ઉપયોગ કરવામાં વિશ્વાસ વિકસાવવાનો એક ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ એ છે કે આપણે ખ્રિસ્તમાં આપણી ઓળખ જાણીએ. દુષ્ટાત્માઓ, રોગ, સંજોગો અને પરિસ્થિતિઓ પર પ્રભુત્વ મેળવવા માટે આત્મિક અધિકારનો ઉપયોગ કરવાની આપણી ક્ષમતા, ખ્રિસ્તમાં આપણી આત્મિક ઓળખની આપણી સમજણ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. ખ્રિસ્તમાં આપણી પાસે રહેલી બીજી બધી બાબતોમાં, આપણે જાણવું જોઈએ કે આપણે ઈશ્વરના બાળકો તરીકે *"ઈશ્વરના વારસ છીએ, અને ખ્રિસ્તની સાથે વારસાના ભાગીદાર"* (રોમનોને પત્ર 8:17) બન્યા છીએ. ઈશ્વરે આપણને *"ખ્રિસ્ત ઈસુમાં સ્વર્ગીય સ્થાનોમાં તેમની સાથે બેસાડયા છે"* (એફેસીઓને પત્ર 2:6). ઈશ્વરની પુષ્કળ કૃપા અને ખ્રિસ્તમાં ન્યાયીપણાના દાનના પ્રાપ્તકર્તાઓ તરીકે, આપણે આ જીવનમાં રાજ કરવા, શાસન કરવા અને આધિપત્ય મેળવવા માટે હકદાર છીએ (રોમનોને પત્ર 5:17). જ્યારે આપણે ઈસુના નામમાં કાર્ય કરીએ છીએ, ત્યારે આપણે બધા સ્થાનોમાં સર્વોચ્ચ રાજ્યાસન પર, પિતાના જમણા હાથે ઈસુ સાથે બેઠેલા હોવાની આપણી જગ્યાએથી કાર્ય કરીએ છીએ.

આપણે આ સત્યોને સ્વીકારવું જોઈએ અને તેના પર કાર્ય કરવું જોઈએ. જ્યારે આપણે ઈસુના નામમાં બહાર નીકળીએ ત્યારે આપણે હિંમતવાન અને નિર્ભય બનવું જોઈએ!

## આ પુસ્તકમાં હવે પછી

પુસ્તકના આ ભાગ સુધી, ઈસુના નામના ઉપયોગ દ્વારા આપણા માટે શું ઉપલબ્ધ છે તે સમજવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આપણે એક નક્કર આત્મિક પાયો સ્થાપિત કરવામાં ઘણો સમય પસાર કર્યો છે જેથી આપણે જાણી શકીએ કે ઈસુના નામનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર

મેળવવાનો અર્થ શું છે.

આપણે ઈસુના નામનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ તેના વિષે નવો કરાર શું શીખવે છે તે શીખવા માટે આ પુસ્તકના બાકીના ભાગને ટૂંકાણમાં, વાંચવા માટે સરળ પ્રકરણોમાં એકત્રિત કરવામાં આવ્યું છે. જેમ આપણા માટે નવા કરારમાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે તેમ ચાલો આપણે આપણા જીવનના તમામ પાસાઓમાં ઈસુના નામનો ઉપયોગ કરીએ.

## સમીક્ષા

1) તમારા અંગત જીવનમાં અથવા અન્યની સેવા કરતી વખતેકે—ટલાક અવરોધક પરિબળોને ઓળખો—જે તમને ઈસુના નામમાં હિંમતભેર બહાર નીકળવાથી રોકે છે. આના પર તમે કેવી રીતે જીત મેળવી શકો?

# 10
# ઈસુના નામમાં માફી

**લૂક 24:47**
**અને યરૂશાલેમથી માંડીને બધી પ્રજાઓને તેમના નામમાં પસ્તાવો તથા પાપનિવારણ પ્રગટ કરાવાં જોઈએ.**

**પ્રેરિતોનાં કૃત્યો 10:43**
**તેમને વિષે સર્વ પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે.**

**1 યોહાનનો 2:12**
**બાળકો, હું તમને લખું છું, કારણ કે તેમના નામની ખાતર તમારાં પાપ માફ થયાં છે.**

ઈસુના નામમાં પાપો માફ કરવામાં આવે છે.

પ્રથમ, વ્યક્તિગત સ્તરે, જાણો કે આપણને તેમના નામ ખાતર અથવા તેમના નામને કારણે માફ કરવામાં આવ્યા છે. “ઈસુ” નામ એ એમનું નામ છે જેમણે આપણા બધા પાપો માટે ચૂકવણી કરી છે. પાપો માટે તેમનું એક જ વખતનું, સંપૂર્ણ બલિદાન હતું. જ્યારે આપણે તેમનામાં વિશ્વાસ કરીએ છીએ અને તેમના નામે પાપોની ક્ષમા પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે આપણા પાપોની માફી મેળવવા માટે આપણે બીજું કંઈ કરવાની જરૂર નથી. તેમણે જે કર્યું છે તેમાં, તે કોણ છે તેમાં અને તેમના નામમાં આપણો વિશ્વાસ, એ જ જરૂરી છે.

આ એટલું સરળ અને છતાં એટલું રોમાંચક છે કે ઈસુના નામમાં પાપો માફ કરવામાં આવે છે. વિશ્વાસીઓ તરીકે, જો આપણે પાપ કરીએ, તો આપણે ઈસુના નામમાં કબૂલાત કરીને ક્ષમા પ્રાપ્ત કરીએ છીએ. જ્યારે આપણે કહીએ છીએ, “પિતા,

કૃપા કરીને મને ઈસુના નામમાં માફ કરો," ત્યારે આપણે તે વ્યક્તિના નામમાં વિનંતી કરીએ છીએ જેમણે આપણા પાપોની કિંમત ચૂકવી દીધી છે. વળી પસ્તાવો મહત્વપૂર્ણ છે, ઈશ્વર આપણને આપણા આંસુ, દુ:ખ, અપરાધ અથવા પસ્તાવાના કારણે માફ કરતા નથી પરંતુ એમના કારણે માફ કરે છે જેમના નામે આપણે ક્ષમા માંગી છે. જેમણે આપણા બધા પાપો માટે ચૂકવણી કરી છે તે આપણા વતી પિતાની હાજરીમાં ત્યાં જ છે (1 યોહાનનો 2:1,2). *"જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે"* (1 યોહાનનો 1:9) કારણ કે *"... તેમના પુત્ર ઈસુનું રક્ત આપણને સર્વ પાપથી શુદ્ધ કરે છે"* (1 યોહાનનો 1:7).

બીજું, આપણે ઈસુના નામમાં પસ્તાવા અને પાપોની માફી વિષે ઉપદેશ (વહેંચવું, અન્યને જણાવવું) આપવાનો છે. જ્યારે આપણે સુવાર્તા રજૂ કરીએ છીએ, ત્યારે આપણે અન્ય લોકોને જણાવીએ છીએ કે ઈસુના નામમાં વિશ્વાસ દ્વારા અને વધસ્તંભ પર તેમણે તેમના માટે જે કર્યું છે તેના દ્વારા તેમના પાપો માફ થઈ શકે છે. આપણે અન્ય કોઈ આવશ્યકતાઓ તેમની સમક્ષ મૂકવી જોઈએ નહિ જેમ કે આપણી સ્થાનિક મંડળીમાં જોડાવું અથવા બીજું કંઈપણ કરવું કે જેના દ્વારા તેઓ માફી ખરીદી શકે. કોઈપણ જે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરે છે તે તેમના નામ દ્વારા પાપોની માફી મેળવે છે.

(**સમીક્ષા** પ્રકરણ 14 પછી આપવામાં આવી છે.)

# 11
# ઈસુના નામમાં તારણ

**માથ્થી 1:21**
**અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે."**

આપણે પ્રકરણ 1 માં જોયું કે "ઈસુ" નામનો અર્થ "તારણહાર" અથવા "ઈશ્વર જે તારણ છે." અમે એ પણ સમજાવ્યું કે નવા કરારમાં, "તારણ" એક વ્યાપક અર્થ ધરાવતો શબ્દ *'સોઝો'* છે, જેમાં અનંત તારણ, પાપોની માફી, પાપ ઉપર વિજય, માંદગીમાંથી સાજાપણું, સંઘર્ષમાં વિજય, શત્રુના દરેક કામથી છુટકારો, હાનીથી બચાવ, જોખમથી સુરક્ષા, અને સંપૂર્ણ સર્વાંગીપણું એ સર્વ બાબતોનો સમાવેશ થાય છે. એનો અર્થ "તારણ પામેલ, સાજા થયેલ, છુટકારો પામેલ, વિજયવંત, છોડાવાયેલ, સુરક્ષિત અને સંપૂર્ણ કરાયેલ એવો થાય છે." ઈસુના નામમાં તારણ છે.

**પ્રેરિતોનાં કૃત્યો 4:12**
**બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ નીચે માણસોમાં આપેલું નથી."**

બાઈબલ આ વિષે ખૂબ જ ભારપૂર્વક જણાવે છે—ફક્ત ઈસુના નામમાં જ તારણ છે. તેથી જ આપણે ઈસુની વાત જણાવવી જોઈએ જેથી લોકો તેમને ઓળખે અને તેમના નામે વિનંતી કરી શકે.

**રોમનોને પત્ર 10:13**
**કેમ કે "જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે."**

સુસમાચાર એ છે કે કોઈ પણ વ્યક્તિ ઈસુના નામે વિનંતી કરી શકે છે અને તારણ પામી શકે છે.

યાદ રાખો કે તારણમાં ફક્ત પાપોની માફી કરતાં ઘણું વધારે શામેલ છે. વિશ્વાસીઓ તરીકે, આપણે સાજાપણાં માટે, છુટકારા માટે, સલામતી માટે, રક્ષણ માટે—તે નામમાં જે છે તે બધા માટે—વિનંતી કરી શકીએ છીએ અને શાસ્ત્ર જણાવે છે કે આપણે તારણ પામીશું. યાદ રાખો, એ નામમાં જ તારણ છે. આપણે ઈસુમાં વિશ્વાસ સાથે તે નામની ઘોષણા કરી શકીએ છીએ, ઉલ્લેખ કરી શકીએ છીએ, અને આપણે તારણ પામીશું.

(**સમીક્ષા** પ્રકરણ 14 પછી આપવામાં આવી છે.)

# 12
# ઈસુના નામમાં અનંતજીવન

**યોહાન 1:12**
**પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરના છોકરાં થવાનો અધિકાર આપ્યો.**

**યોહાન 3:18**
**તેમના પર જે વિશ્વાસ કરે છે, તે અપરાધી ઠરતો નથી; પણ જે વિશ્વાસ નથી કરતો, તે અપરાધી ઠરી ચૂકયો છે, કેમ કે ઈશ્વરના એકના એક દીકરાના નામ પર તેણે વિશ્વાસ કર્યો નથી.**

**યોહાન 20:30,31**
**30 ઈસુએ પોતાના શિષ્યોની રૂબરૂ બીજા ઘણા ચમત્કારો કર્યા કે, જેનું વર્ણન આ પુસ્તકમાં કરેલું નથી.**
**31 પણ ઈસુ તે જ ખ્રિસ્ત, ઈશ્વરના દીકરા છે, એવો તમે વિશ્વાસ કરો; અને વિશ્વાસ કરીને તેમના નામથી જીવન પામો, માટે આટલી વાતો લખેલી છે.**

**1 યોહાનનો 5:13**
**તમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર, એટલે ઈશ્વરના પુત્રના નામ પર વિશ્વાસ રાખનારા ઉપર, મેં આ વાતો લખી છે.**

જ્યારે આપણે ઈસુ ખ્રિસ્તે જે કહ્યું કે તે કોણ છે તેના પર વિશ્વાસ કરીએ છીએ અને તેમના નામનો સ્વીકાર કરીએ છીએ, ત્યારે આપણે નવો જન્મ પામીએ છીએ, ઈશ્વરના કુટુંબમાં તેમના પુત્રો અને પુત્રીઓ તરીકે જન્મ પામીએ છીએ. જ્યારે આપણે તેમના નામમાં વિશ્વાસ કરીએ છીએ, ત્યારે આપણી પાસે અહીં અને અત્યારે જ અનંતજીવન છે. આપણે જાણી શકીએ છીએ, ચોક્કસ હોઈ શકીએ છીએ, વિશ્વાસ રાખી શકીએ છીએ કે આપણી પાસે અનંતજીવન છે. અને આ તે છે જે વિષે ઈશ્વર આપણને આજ્ઞા કરે છે—તેમના પુત્ર ઈસુ ખ્રિસ્તના નામ

પર આપણે વિશ્વાસ રાખવો જોઈએ (1 યોહાનનો 3:23).

"ઈસુ" નામ આપણા માટે અનંતજીવન, ઈશ્વરનું જીવન, (ગ્રીક *ઝો*) ઈશ્વર જેવું જીવન લાવે છે. ઈસુ આપણને પુષ્કળ પ્રમાણમાં અનંતજીવન આપવા આવ્યા. આ જીવન આપણને પ્રકાશથી ભરે છે અને આપણા જીવનમાંથી અંધકારને દૂર કરે છે (યોહાન 1:4,5). "ઈસુ" નામનો ઉલ્લેખ, ઈસુ એટલે જીવનને, પરિસ્થિતિમાં લાવે છે. જ્યાં તેમનું જીવન છે, ત્યાં જે મરણનું છે તે દૂર થઈ જાય છે. જ્યાં તેમનું જીવન છે, ત્યાં જે અંધકારનું છે તે દૂર થઈ જાય છે. તે નામ બોલો, તે નામ જાહેર કરો, તે નામ ગાઓ, અને મરણ અને અંધકારને દૂર થતા જુઓ કારણ કે તેમનું નામ જીવન અને પ્રકાશ છે, ઈશ્વરના જેવું જીવન અને ઈશ્વરનો પ્રકાશ છે.

(**સમીક્ષા** પ્રકરણ 14 પછી આપવામાં આવી છે.)

# 13
# ઈસુના નામમાં ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવાયેલ

**1 કરિંથીઓને 6:9-11**

**9 શું તમે જાણતા નથી કે અધર્મીઓને ઈશ્વરના રાજ્યનો વારસો મળશે નહિ? ભૂલ ન ખાઓ; વ્યભિચારીઓ, મૂર્તિપૂજકો, લંપટો, વિષયીઓ, પુંમૈથુનીઓ,**
**10 ચોરો, લોભીઓ, છાકટા, નિંદકો તથા જુલમથી પૈસા પડાવનારા, એઓને ઈશ્વરના રાજ્યનો વારસો મળશે નહિ.**
**11 વળી તમારામાંના કેટલાક એવા હતા; પણ તમે પ્રભુ ઈસુને નામે તથા આપણા ઈશ્વરના આત્માથી શુદ્ધ થયા, અને પવિત્રીકરણ તથા ન્યાયીકરણ પામ્યા.**

**પ્રેરિતોનાં કૃત્યો 22:16**
**હવે તું કેમ ઢીલ કરે છે? ઊઠ, અને તેમના નામની પ્રાર્થના કરીને બાપ્તિસ્મા લે, અને તારાં પાપ ધોઈ નાખ.'**

કરિંથમાંના વિશ્વાસીઓની જેમ, આપણા બધા પાસે આપણા ભૂતકાળની એવી બાબતો છે જે ઈશ્વરને નારાજ કરે છે. અદ્ભુત સમાચાર એ છે કે હવે, આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે અને આપણા ઈશ્વરના આત્મા દ્વારા ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવાયેલ છીએ.

"ધોવાયેલ" (ગ્રીક *એપોલુઓ*) શબ્દનો અર્થ "ધોઈ નાખવું, વ્યક્તિને સંપૂર્ણ રીતે ધોવી" થાય છે. જ્યારે આપણે પ્રભુ ઈસુના નામે વિનંતી કરીએ છીએ, ત્યારે આપણે ઈશ્વરની દયા દ્વારા ઈસુ ખ્રિસ્તના લોહી દ્વારા આપણા પાપોમાંથી ધોવાઈ જઈએ છીએ. આપણે ઈસુના નામે શુદ્ધ થઈએ છીએ. આપણાં પાપોના કોઈ ડાઘ આપણા પર દેખાતા નથી!

"પવિત્ર કરાયેલ" (ગ્રીક *હાગિયાઝો*) શબ્દનો અર્થ "પવિત્ર કરવું, અલગ કરવું, અભિષેક કરવો, ઈશ્વરને આધીન થવા પાપથી અલગ કરવું" થાય છે. આપણને અલગ કરવામાં આવે છે, જગતથી દૂર અને ઈશ્વરને આધીન થવા, અને ઈસુના નામમાં તેમના પોતાના બનાવવામાં આવે છે.

"ન્યાયી ઠરાવાયેલ" (ગ્રીક *ડિકાઇઓ*) શબ્દનો અર્થ "પ્રામાણિક અથવા ન્યાયી જાહેર કરવા, તમામ દોષ, શરમ, ન્યાયચુકાદા અને આરોપોથી મુક્ત કરવા" થાય છે. આપણને ઈસુના નામમાં વિશ્વાસ દ્વારા ઈશ્વરની કૃપાથી મુક્તપણે ન્યાયી ઠરાવવામાં આવ્યા છે.

આપણે હિંમતભેર ઘોષણા કરવી જોઈએ કે આપણે ઈસુના નામમાં ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવાયેલ છીએ. શેતાનની એક વ્યૂહરચના એ છે કે તે આપણને ખરાબ, પાપી, અપવિત્ર, અયોગ્ય, અપરાધી, દોષિત હોવાનો અને શરમનો અનુભવ કરાવે છે. જો શત્રુ આપણને આમાંથી કોઈ એક બાબતની હેઠળ લાવે છે, તો આપણે અસમર્થ થઈએ છીએ અને ઈશ્વરની સેવા કરવા માટે પોતાને અયોગ્ય અનુભવીએ છીએ. પરંતુ ઈસુના નામમાં જે આપણું છે તે આપણે હિંમતભેર જાહેર કરવાની જરૂર છે. પ્રભુ ઈસુએ પોતે જ આપણને ધોવા, પવિત્ર કરવા અને ન્યાયી ઠરાવવા માટે પ્રદાન કર્યું છે.

જ્યારે આપણે લોકોને પાપમાં ઊંડે ડૂબેલા જોઈએ છીએ, ત્યારે આપણે હંમેશા તેમની તરફ આશાની નજરથી જોવું જોઈએ. પ્રભુ ઈસુ તેમને ધોઈ શકે છે, પવિત્ર કરી શકે છે અને ન્યાયી ઠરાવી શકે છે જેમ તેમણે આપણા માટે કર્યું હતું! પ્રાર્થના કરો અને તેમની સાથે આવું થાય તેવી અપેક્ષા રાખો. લોકોને તમામ પ્રકારના પાપમાંથી બહાર લાવી શકાય છે—ઈસુના નામમાં અને પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા ધોવાયેલ,

પવિત્ર કરાયેલ (પવિત્ર) અને ન્યાયી ઠરાવાયેલ (ન્યાયી) બની શકે છે. અપેક્ષા સહિત તેમના પર ઈસુના નામની ઘોષણા કરો.

(**સમીક્ષા** પ્રકરણ 14 પછી આપવામાં આવી છે.)

# 14
# ઈસુના નામમાં બાપ્તિસ્મા પામેલ

**માથ્થી 28:19**
**એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ;**

**પ્રેરિતોનાં કૃત્યો 2:38**
**ત્યારે પિતરે તેઓને [કહ્યું કે,] "પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે.**

મહાન આદેશમાં, પ્રભુ ઈસુએ શિષ્યોને *"પિતા અને પુત્ર અને પવિત્ર આત્માના નામે"* બાપ્તિસ્મા આપવાની આપણને સૂચના આપી. અન્ય બાબતોની સાથે, પાણીનું બાપ્તિસ્મા એ તમે જેમની સાથે (અથવા જેમાં) બાપ્તિસ્મા લીધું છે તેમની સાથે ઓળખાવાની અને તેમને સમર્પિત થવાની એક શક્તિશાળી અભિવ્યક્તિ છે. આ કિસ્સામાં, આપણે બાઈબલના ઈશ્વર, ત્રિએક ઈશ્વર—પિતા, પુત્ર અને પવિત્ર આત્માની સાથે પોતાને ઓળખાવીએ છીએ અને તેમને સમર્પિત થઈએ છીએ.

પ્રભુના સ્વર્ગારોહણ પછી, પચાસમાના દિવસથી શરૂ કરીને (પ્રેરિતોનાં કૃત્યો 2:28), આપણી પાસે સમરૂનમાંના (પ્રેરિતોનાં કૃત્યો 8:16), કર્નેલ્યસના ઘરના લોકો (પ્રેરિતોનાં કૃત્યો 10:48), એફેસસમાંના (પ્રેરિતોનાં કૃત્યો 19:5) નવા વિશ્વાસીઓની નોંધ છે, અને ઘણા વધુ લોકો ઈસુના નામે બાપ્તિસ્મા પામ્યા. પિતા અને પુત્ર અને પવિત્ર આત્માના નામે તેઓ "બાપ્તિસ્માના સૂત્ર"ને અનુસરતા હોવાની કોઈ નોંધ નથી. અલબત્ત આ એક મોટી ચિંતાનો વિષય છે. જો કે, આપણે સુરક્ષિત રીતે માની શકીએ છીએ કે પ્રેરિતો અને જેઓએ તેમના પછી કાર્ય ચાલુ

રાખ્યું તેઓએ સૂચનાઓનું સખતપણે પાલન કર્યું હશે અને જેમ તેઓને પ્રભુ ઈસુ દ્વારા સૂચના આપવામાં આવી હતી તેમ તેઓએ ખરેખર "બાપ્તિસ્માના સૂત્ર" સાથે બાપ્તિસ્મા આપ્યું હશે.

નવા વિશ્વાસીઓને ઈસુના નામે બાપ્તિસ્મા લેવા માટે આમંત્રણ આપતા અને પછી તેમને બાપ્તિસ્મા આપતા પ્રેરિતોની નોંધ બે મહત્વપૂર્ણ બાબતો દર્શાવવા માટે સમજી શકાય છે.

1) નવા વિશ્વાસીઓએ વિશ્વાસ કરવાનો હતો અને પોતાની જાતને ઈસુ ખ્રિસ્ત તે કોણ છે તે વિષે તેમણે જે કહ્યું, તેની સાથે ઓળખાવાની જરૂર હતી. કે તે ખરેખર સદેહ ઈશ્વર, ઈશ્વર પુત્ર જે પિતા પાસેથી આવ્યા, તેમણે આપણા તારણ માટે સંપૂર્ણ કિંમત ચૂકવી, પવિત્ર આત્મા દ્વારા ઊંચા કરવામાં આવ્યા, અને પિતાને જમણે હાથે બેઠેલા છે.

2) લોકોને ઈસુના નામે બાપ્તિસ્મા આપવામાં, પાણીનું બાપ્તિસ્મા આપતી વ્યક્તિ આ કરી રહી છે, ઈસુને તેમના સ્થાને રજૂ કરે છે, તેમના વતી કાર્ય કરે છે, અને તેમની ઈચ્છા મુજબ કરે છે. તેથી આજે, જ્યારે આપણે પાણીનું બાપ્તિસ્મા લઈએ છીએ, ત્યારે આપણે ઉચ્ચારણ કરીએ છીએ, "ઈસુના નામે, હું તમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે બાપ્તિસ્મા આપું છું" અને પછી વ્યક્તિને સંપૂર્ણપણે પાણીમાં ડૂબાડીએ છીએ.

જ્યારે આપણે ઈસુના નામે પાણીનું બાપ્તિસ્મા લઈએ છીએ, ત્યારે આપણે ઈસુ ખ્રિસ્ત સાથે આપણી આત્મિક ઓળખ (આત્મિક રીતે ડૂબી જવાથી, તેમની સાથે એકતામાં લાવવામાં આવી રહ્યા છીએ) ની જાહેર ઘોષણા કરીએ છીએ. જેમ ગલાતીઓને પત્ર 3:27 જણાવે છે, *"કેમ કે તમારામાંના જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધા."* આપણે ખ્રિસ્તને પહેરી લીધા છે અને તે ઈસુ છે જે આપણા દ્વારા સંપૂર્ણ રીતે દેખાવા જોઈએ. પૅશન ટ્રાન્સલેશન આ કલમને

આ રીતે રજૂ કરે છે, *“વિશ્વાસે તમને ખ્રિસ્તમાં ડૂબાડી દીધા, અને હવે તમે તેમના જીવનથી ઢંકાયેલા અને પહેરેલા છો.”* તેને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, આપણે ખ્રિસ્તની જેમ જીવીને, બોલીને અને તે જે કરતા તે કરીને આ જગતમાં સંપૂર્ણ અને સચોટ રીતે ઈસુ ખ્રિસ્તનું પ્રતિનિધિત્વ કરવા માટે “હા” કહ્યું છે. આપણે અહીં તેમના નામે છીએ.

ઈસુના નામમાં
માફી, તારણ અને અનંતજીવન છે.
આપણે ઈસુના નામમાં
ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવાયેલ છીએ.
આપણે ઈસુના નામમાં
બાપ્તિસ્મા પામેલા છીએ.

## સમીક્ષા

આ પ્રકરણ 10-14 માટે છે.

1) એ સત્ય પર મનન કરો કે ઈસુના નામમાં પાપોની માફી, તારણ અને અનંતજીવન છે. આનો તમારા માટે વ્યક્તિગત રીતે શું અર્થ છે? જ્યારે તમે બીજાઓની સેવા કરો છો ત્યારે તમે આ સત્યને કેવી રીતે લાગુ કરો છો?

2) એ સત્ય પર મનન કરો કે તમે ઈસુના નામમાં ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવાયેલ છો. આનો તમારા માટે વ્યક્તિગત રીતે શું અર્થ છે? જ્યારે તમે બીજાઓની સેવા કરો છો ત્યારે તમે આ સત્યને કેવી રીતે લાગુ કરો છો?

3) જ્યારે *"પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે"* (માથ્થી 28:19) નું "બાપ્તિસ્માનું સૂત્ર" ઈસુએ આપણને આપેલા મહાન આદેશની સૂચના મુજબ ઉચ્ચારવામાં આવે છે, ત્યારે ઈસુના નામે પાણીનું બાપ્તિસ્મા લેવાનો અર્થ (આત્મિક મહત્વ) શું છે?

# 15
# ઈસુના નામમાં પ્રાર્થના કરો

**યોહાન 14:13,14**

**13 અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ, જેથી પિતા દીકરામાં મહિમાવાન થાય.**

**14 જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો, તો તે હું કરીશ.**

**યોહાન 15:7,16**

**7 જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે.**

**16 તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે; જેથી તમે મારે નામે જે કંઈ પિતાની પાસે માગો તે તમને તે આપે.**

**યોહાન 16:23,24,26,27**

**23 તે દિવસે તમે મને કંઈ પૂછશો નહિ. હું તમને ખચીત ખચીત કહું છું કે, જો તમે પિતા પાસે કંઈ માંગશો તો તે તમને મારે નામે તે આપશે.**

**24 હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી; તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે.**

**26 તે દિવસે મારે નામે તમે માગશો; અને હું તમને એમ નથી કહેતો કે હું તમારે માટે પિતાને વિનંતી કરીશ.**

**27 કેમ કે પિતા પોતે તમારા પર પ્રેમ રાખે છે, કેમ કે તમે મારા પર પ્રેમ રાખ્યો છે, અને હું ઈશ્વરની પાસેથી આવ્યો છું, એવો વિશ્વાસ પણ તમે કર્યો છે.**

ઈસુએ આપણને તેમના નામનો ઉપયોગ કરવાનું શીખવ્યું તે ક્ષેત્રોમાંનું એક પ્રાર્થનાનું ક્ષેત્ર છે. તેમણે આપણને સીધા પિતાને તેમના નામમાં વિનંતી કરવાની સૂચના આપી. તેમણે આપણને ખાતરી આપી કે જ્યારે આપણે આ કરીશું, ત્યારે આપણે જે માંગ્યું છે તે પ્રાપ્ત કરીશું જેથી આપણો આનંદ સંપૂર્ણ થશે.

હવે ચાલો જોઈએ કે ઈસુના નામમાં પ્રાર્થના કરવાનો અર્થ શું છે. જ્યારે આપણે ઈસુના નામમાં પ્રાર્થના કરીએ છીએ, ત્યારે એવું લાગે છે કે જાણે ઈસુ પોતે પૃથ્વી પર પ્રાર્થના કરી રહ્યા હોય. આપણે તેમના સ્થાને ઊભા છીએ, તેમનું પ્રતિનિધિત્વ કરીએ છીએ, તેમના વતી કાર્ય કરીએ છીએ, અને પ્રાર્થનાને ઊંચી ઉઠાવીએ છીએ કે જેમ, જો ઈસુ અહીં પૃથ્વી પર હોત તો તે તેમણે ઊંચી ઉઠાવી હોત. અને સ્વર્ગમાં, એવું લાગે છે કે ઈસુ પોતે પિતા સમક્ષ આ અરજી મૂકી રહ્યા છે, જે પિતા ક્યારેય નકારશે નહીં. આ બાબત પ્રાર્થનાને સંપૂર્ણપણે અલગ સ્તર પર મૂકે છે જે ઈસુના નામમાં આપણી પ્રાર્થનાને ખૂબ મહત્વપૂર્ણ અને નોંધપાત્ર બનાવે છે. આપણે ઈસુના નામમાં જે પ્રાર્થના કરીએ છીએ તે દરેક પ્રાર્થના પર જાણે કે ઈસુની સહી છે. આપણને ખાતરી છે કે આપણે ઈસુના નામમાં જે કંઈ માંગીએ છીએ તે પિતા આપણને આપશે. “પ્રાર્થનામાં આવા સામર્થ્ય”નું રહસ્ય એ છે કે તેમનું વચન આપણામાં રહે છે અને આપણે તેમની સાથે મહત્વપૂર્ણ જોડાણમાં રહીએ છીએ (યોહાન 15:7). ઈસુના નામમાં આપણી પ્રાર્થનાઓ તેમની સાથેના આપણા સંપૂર્ણ જોડાણમાંથી વહેવી જોઈએ. આવી પ્રાર્થનાઓ પિતા ક્યારેય નકારશે નહીં.

આ પ્રકરણની શરૂઆતમાં અમે જે શાસ્ત્રવચનોની યાદી આપી છે, તેમાં આપણે જોઈએ છીએ કે પિતાને આપણા જીવનમાં મહિમા મળે, આપણને કાયમી ફળ મળે, અને આપણો આનંદ સંપૂર્ણ થાય તેની સાથે ઉત્તરિત પ્રાર્થનાઓ કેવી રીતે જોડાયેલી છે. પિતા ઈચ્છે છે કે આપણે ઈસુના નામમાં તેમને પ્રાર્થના કરીને આપણી બધી પ્રાર્થનાઓનો જવાબ મેળવીને આ વિશેષાધિકારોનો આનંદ માણીએ.

(**સમીક્ષા** પ્રકરણ 17 પછી આપવામાં આવી છે.)

# 16
# ઈસુના નામમાં આભારસ્તુતિ અને આરાધના કરો

1 કરિંથીઓને 1:1
કરિંથમાંની ઈશ્વરની મંડળી, જેઓને ખ્રિસ્ત ઈસુમાં પવિત્ર કરવામાં આવેલા છે, જેઓને સંતો થવાને તેડવામાં આવેલા છે, તેઓ તથા જેઓ હરકોઈ સ્થળે આપણા પ્રભુ, એટલે તેઓના તથા આપણા પ્રભુ, ઈસુ ખ્રિસ્તને નામે પ્રાર્થના કરે છે તે સર્વ જોગ,

એફેસીઓને પત્ર 5:18-21
18 મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે, પણ [પવિત્ર] આત્માથી ભરપૂર થાઓ;
19 ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજાની સાથે વાતો કરીને તમારાં હૃદયોમાં પ્રભુનાં ગાયનો તથા ભજનો ગાઓ;
20 આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે ઈશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો.
21 ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો.

કલોસીઓને પત્ર 3:16,17
16 ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે; ગીતો, સ્તોત્રો તથા આત્મિક ગાયનોથી એકબીજાને શીખવો તથા બોધ કરો, અને કૃપાસહિત તમારાં હૃદયોમાં પ્રભુની આગળ ગાઓ.
17 વચનથી કે કાર્યથી જે કંઈ તમે કરો, તે સર્વ પ્રભુ ઈસુને નામે કરો, અને તે દ્વારા ઈશ્વર પિતાની આભારસ્તુતિ કરો.

હિબ્રૂઓને પત્ર 13:15
માટે તે દ્વારા આપણે ઈશ્વરને સ્તુતિરૂપ યજ્ઞ, એટલે તેમનું નામ કબૂલ કરનારા હોઠોના ફળનું અર્પણ, નિત્ય કરીએ.

આપણને પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે આપણો આભાર, આપણી સ્તુતિ, આપણી આરાધના ઊંચે ઉઠાવવાની સૂચના આપવામાં

આવી છે. જ્યારે આપણે ભજન કરવાનું શરૂ કરીએ છીએ, ત્યારે આપણે કહીએ છીએ, "પિતા, અમે ઈસુના નામે તમારું ભજન કરીએ છીએ." આ નામ જ આપણને પિતાની હાજરીમાં પ્રવેશ આપે છે. તે આ નામ છે જેણે આપણને ઈશ્વરની હાજરીમાં સ્વીકાર્ય, ધોવાયેલ, પવિત્ર કરાયેલ અને ન્યાયી ઠરાવેલા બનાવ્યા છે. તે આ નામ છે જે આપણા અર્પણોને ઈશ્વરને પ્રસન્ન કરનાર અને સ્વીકાર્ય બનાવે છે કારણ કે આ નામ તે વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરે છે જેમણે આપણને તેમના પોતાના રક્તથી ધોયા છે અને આપણને આપણા ઈશ્વર માટે રાજાઓ અને યાજકો બનાવ્યા છે. તે એકનું પ્રતિનિધિત્વ કરે છે જેમણે વધસ્તંભ પરના તેમના બલિદાન દ્વારા આપણા માટે એક નવો અને જીવંત માર્ગ ખોલ્યો છે, અને જેમનું રક્ત આપણને પવિત્રસ્થાનમાં પ્રવેશ કરવાની હિંમત આપે છે. ફક્ત આ નામ અને આ નામમાં જ આપણે આપણી સ્તુતિ, આરાધના અને આભારના  અર્પણ કરીએ છીએ.

તેથી, જ્યારે આપણે આપણા ઈશ્વરની સ્તુતિ અને આરાધના કરીએ છીએ, ત્યારે આપણે આ સત્યમાં વિસામો લઈએ છીએ. આપણા અર્પણો આપણી યોગ્યતાના કારણે, આપણા પોતાના ન્યાયપણાને લીધે અથવા આપણે કરેલા કોઈ મહાન કાર્યને કારણે સ્વીકારવામાં આવતા નથી. સ્તુતિ, આરાધના અને આભારસ્તુતિના આપણા અર્પણો ઈશ્વર સમક્ષ એક સુવાસિત હોમયજ્ઞ છે કારણ કે તે ઈસુ ખ્રિસ્તના નામે અર્પણ કરવામાં આવે છે.

જૂના કરારમાં, યાજકો પવિત્રસ્થાનમાં સેવકો હતા જેઓ લોકો દ્વારા લાવવામાં આવેલ અર્પણો સ્વીકારતા હતા અને તેને ઈશ્વરને અર્પણ કરતા હતા. આ યાજકો માણસો હતા, તેઓ પોતે અયોગ્ય હતા અને ઈશ્વર દ્વારા નકારી શકાય તેવા હતા. જો કે, ઈસુ આપણા પ્રમુખયાજક છે, સ્વર્ગીય પવિત્રસ્થાનમાં

સેવક છે. *"હવે જે વાત અમે કહીએ છીએ, તેનો સાર એ છે કે આપણને એવા પ્રમુખયાજક મળ્યા છે કે, જે આકાશમાં મહત્વના રાજયાસનની જમણી તરફ બેઠેલા છે, અને પવિત્રસ્થાનનો તથા જે ખરો મંડપ માણસોએ નહિ પણ પ્રભુએ ઊભો કરેલો છે, તેના તે સેવક છે"* (હિબ્રૂઓને પત્ર 8:1,2). જ્યારે આપણે આપણી સ્તુતિ, આરાધના, આભારસ્તુતિ, આપણા દશાંશ અને અર્પણો ઈસુના નામે અર્પણ કરીએ છીએ, ત્યારે તે આપણી પાસેથી આપણા મહાન પ્રમુખયાજક, સ્વર્ગીય પવિત્રસ્થાનના સેવક સુધી જાય છે અને પિતા સમક્ષ અર્પણ કરવામાં આવે છે. જ્યારે આપણે ઈસુના નામે આપણા આત્મિક અર્પણો આપીએ છીએ ત્યારે આવું થાય છે!

(**સમીક્ષા** પ્રકરણ 17 પછી આપવામાં આવી છે.)

# 17
# ઈસુના નામમાં સઘળું કરો

**કલોસીઓને પત્ર 3:16,17**
**16 ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે; ગીતો, સ્તોત્રો તથા આત્મિક ગાયનોથી એકબીજાને શીખવો તથા બોધ કરો, અને કૃપાસહિત તમારાં હ્રદયોમાં પ્રભુની આગળ ગાઓ.**
**17 વચનથી કે કાર્યથી જે કંઈ તમે કરો, તે સર્વ પ્રભુ ઈસુને નામે કરો, અને તે દ્વારા ઈશ્વર પિતાની આભારસ્તુતિ કરો.**

આપણે જે કંઈ પણ કરીએ, દરેક પ્રવૃત્તિ, દરેક વિગત, શાસ્ત્ર આપણને આપણા પ્રભુ ઈસુના નામે બધું જ કરવાની સૂચના આપે છે! ચાલો આ કરીએ. જ્યારે આપણે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ ત્યારે શું થાય છે તે યાદ કરો જે આપણે પહેલેથી જ પ્રકરણ 7 માં જાણી લીધું છે. જ્યારે આપણે "ઈસુના નામમાં" એમ જાહેર કરીએ છીએ, ત્યારે તે ઈસુને એ પરિસ્થિતિમાં લાવે છે. તેમની હાજરી, તેમનું સામર્થ્ય, તેમનો અધિકાર અને તેમનો આત્મા હવે આ બાબતમાં સામેલ છે. તે જે છે તે સઘળું હવે તે પરિસ્થિતિમાં આવે છે કારણ કે આપણે તેમના નામે વિનંતી કરી છે, જાહેર કર્યું છે કે આપણે તેમના નામમાં કાર્ય કરી રહ્યા છીએ.

- જ્યારે તમે સવારે ઉઠો અને તમારા પગ જમીન પર મૂકો, ત્યારે જાહેર કરો, "હું આ દિવસ ઈસુના નામમાં પસાર કરું છું. હું ઈસુના નામમાં મારા તમામ માર્ગો પર વિજય, આશીર્વાદ, શાંતિ, આનંદ, જ્ઞાન અને સમૃદ્ધિ જાહેર કરું છું."
- જ્યારે તમે રસોડામાં રસોઈ બનાવતા હોવ, ત્યારે જાહેર કરો, "હું આજે મારી રસોઈ ઈસુના નામમાં કરું છું."

- જ્યારે તમે વાહન ચલાવવા માટે તમારા વાહનમાં જાવ, ત્યારે જાહેર કરો, "હું આજે ઈસુના નામમાં વાહન ચલાવું છું."
- જ્યારે તમે બિઝનેસ મીટિંગમાં જાઓ છો, ત્યારે જાહેર કરો, "હું આ મીટિંગમાં ઈસુના નામમાં જાઉં છું."
- જ્યારે તમે કોઈની મદદ કરી રહ્યાં હોવ, કોઈની સેવા કરી રહ્યાં હોવ, કોઈના માટે પ્રાર્થના કરી રહ્યાં હોવ, તેમની જરૂરિયાતો માટે સેવા આપી રહ્યા હોવ, તેમની જરૂરિયાતો પૂરી પાડી રહ્યા હોવ, સાજાપણા અથવા છુટકારાની સેવા આપી રહ્યા હોવ, તે ઈસુના નામમાં કરો.

તમે જે પણ કરો છો, જાહેર કરો કે તમે તે ઈસુના નામમાં કરી રહ્યા છો. પછી ઈસુને સચોટ રીતે રજૂ કરો. જેમ ઈસુ વિચારતા, બોલતા અને કરતા તેમ કરો. આ કરવા માટે તમને મદદ કરવા પવિત્ર આત્માને વિનંતી કરો. *"તમારા જીવનની દરેક પ્રવૃત્તિ અને તમારા મુખમાંથી આવતા દરેક શબ્દ આપણા પ્રભુ ઈસુ, જે અભિષિક્ત છે, તેમની સુંદરતામાં ભીંજાયેલા હો"* (કલોસીઓને પત્ર 3:17, ધ પૅશન ટ્રાન્સલેશન).

---

ઈસુના નામમાં
આપણી પ્રાર્થનાઓનો જવાબ આપવામાં આવે છે.
ઈસુના નામમાં
આપણી સ્તુતિ, આરાધના, અને આભારસ્તુતિ
સ્વીકારવામાં આવે છે.
આપણે જે કહીએ છીએ અને કરીએ છીએ તે બધું જ
ઈસુના નામમાં કરીએ છીએ.

---

## સમીક્ષા

આ પ્રકરણો 15-17 માટે છે.

1) ઈસુના નામમાં પિતાને પ્રાર્થના કરવાના મહત્વ પર મનન કરો. તમારી બધી પ્રાર્થનાઓનો જવાબ મળે તે જોવા માટે તમે "પ્રાર્થનામાં સામર્થ્ય" ને કેવી રીતે વિકસાવી શકો અને તમારા પ્રાર્થના જીવન માટે ઈસુએ જે કહ્યું તે તમારું હોઈ શકે છે તેમાં કેવી રીતે ચાલી શકો?

2) જ્યારે તમે ઈસુના નામમાં તમારા આત્મિક અર્પણો આપો ત્યારે શું થાય છે તેના પર મનન કરો. તમે ઈશ્વરને જે અર્પણ કરો છો તેનાથી ઈશ્વર પ્રસન્ન છે કે નહિ એ બધા પ્રશ્નો અને શંકાઓને દૂર કરવામાં આ કેવી રીતે મદદ કરી શકે?

3) જ્યારે તમે જાહેર કરો છો કે તમે ઈસુના નામમાં કંઈક કરી રહ્યા છો, તે ગમે તે હોય—ઘરે, કાર્યસ્થળ પર અથવા અન્ય જગ્યાએ ત્યારે તેનો અર્થ શું છે તેના પર મનન કરો. પ્રકરણ 7 માંની જાણકારીને લાગુ કરો જ્યાં અમે સમજાવ્યું કે જ્યારે આપણે ઈસુના નામનો ઉપયોગ કરીએ છીએ ત્યારે શું થાય છે.

# 18
# આપણે ઈસુના નામમાં એકઠા થઈએ છીએ

**માથ્થી 18:18-20**

**18 હું તમને ખચીત કહું છું કે, જે કંઈ તમે પૃથ્વી પર બાંધશો, તે આકાશમાં બંધાશે; અને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં છોડાશે.**

**19 વળી હું તમને કહું છું કે, જો પૃથ્વી પર તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈને માગશો, તો મારા આકાશમાંના પિતા તેઓને માટે તે પ્રમાણે કરશે.**

**20 કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકત્ર થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું."**

**1 કરિંથીઓને 5:4**

**કે, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સામર્થ્ય સહિત, તમે મારા આત્મા સાથે એકઠા મળીને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે,**

પ્રભુ ઇસુએ પ્રગટ કર્યું કે જ્યાં બે કે ત્રણ તેમના નામે એકત્ર થયેલા હોય છે, ત્યાં તેઓની વચમાં તે હાજર હોય છે. આપણે અગાઉ કહ્યું તેમ, તેમનું નામ તેમને હાજર કરે છે! તે, ઈસુ, તેમના નામમાં હાજર છે. જ્યારે આપણે વિશ્વાસીઓ તરીકે તેમના નામમાં એકત્ર થઈએ છીએ, ત્યારે આપણે સાથે મળીને ઘણી બાબતો કરી શકીએ છીએ. આપણે આરાધના કરી શકીએ છીએ, પ્રાર્થના કરી શકીએ છીએ, તેમના વચનનો અભ્યાસ કરી શકીએ છીએ, સંગત કરી શકીએ છીએ, પ્રોત્સાહન આપી શકીએ છીએ, એકબીજાની સેવા કરી શકીએ છીએ, વગેરે. માથ્થીના ઉલ્લેખિત ફકરામાં, આપણે ખાસ કરીને જોઈએ છીએ કે ઈશ્વર આપણી વચમાં હાજર હોવાને કારણે, આપણે તેમના અધિકાર અને તેમના સામર્થ્યમાંથી મેળવીએ છીએ અને સંમતિની

પ્રાર્થના દ્વારા (ઈસુના નામે એકત્ર થયેલા લોકો પ્રાર્થનામાં સાથે સંમત થાય છે) અને "બાંધવા અને છોડવા" દ્વારા તેને પૃથ્વી પરના મુદ્દાઓ પર ભાગીદાર થવાનું કારણ આપીએ છીએ.

પ્રેરિત પાઉલ આ વાતની પુષ્ટિ કરે છે જ્યારે તેણે કહ્યું કે જયારે વિશ્વાસીઓ આપણા પ્રભુ ઈસુના નામે એકત્ર થાય છે, ત્યારે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું સામર્થ્ય પણ ત્યાં હાજર હોય છે.

જ્યારે આપણે ઈસુના નામે વિશ્વાસીઓ તરીકે એકત્ર થઈએ છીએ, પછી ભલે તે આપણે બે હોઈએ, આપણે ત્રણ હોઈએ કે આપણે ઘણા બધાં હોઈએ, ઈસુ હાજર હોય છે. તેમનું સામર્થ્ય આપણે મેળવી શકીએ માટે ઉપલબ્ધ છે અને જે બાબતો આપણને ચિંતિત કરતી હોય તેને તે સંભાળે છે. આપણે સંમત થવું જોઈએ, એક હૃદય અને એક મનના થવું જોઈએ અને સંમતિની પ્રાર્થના દ્વારા, આપણે જે પરિસ્થિતિઓ વિષે પ્રાર્થના કરીએ છીએ તેના પર આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સામર્થ્યને કાર્ય કરવા દેવું જોઈએ. આપણે પિતાની ઈચ્છા અનુસાર પૃથ્વી પરની બાબતોને મંજૂરી આપીને અને પ્રતિબંધિત કરીને પૃથ્વી પર બાંધીએ છીએ અને છોડીએ છીએ, અને સ્વર્ગ તેને સમર્થન આપે છે. આપણે ઈસુના નામમાં એકત્ર થઈએ છીએ ત્યારે આપણા માટે સામર્થ્ય, આધિપત્ય અને અધિકારના મહાન ક્ષેત્રો ઉપલબ્ધ છે. ચાલો આપણે ઈસુએ આપણા માટે જે ઉપલબ્ધ કરાવ્યું છે તેનો લાભ ઉઠાવીએ.

(**સમીક્ષા** પ્રકરણ 19 પછી આપવામાં આવી છે.)

# 19
# ઈસુના નામમાં એકબીજાનો આવકાર કરો, માન આપો અને આશીર્વાદ આપો

માથ્થી 10:41,42
41 પ્રબોધકને નામે પ્રબોધકનો આવકાર જે કરે છે, તે પ્રબોધકનું ફળ પામશે; અને ન્યાયીને નામે ન્યાયીનો આવકાર જે કરે છે તે ન્યાયીનું ફળ પામશે.
42 અને હું તમને ખચીત કહું છું કે શિષ્યને નામે કોઈ આ નાનામાંના એકને માત્ર ઠંડા પાણીનું પ્યાલું પીવાને આપે, તે તેનું ફળ પામ્યા વિના રહેશે જ નહિ."

માર્ક 9:37 (માથ્થી 18:5; લૂક 9:48 પણ જુઓ)
"જે કોઈ મારે નામે એવાં બાળકોમાંના એકનો સ્વીકાર કરે તે મારો સ્વીકાર કરે છે; અને  જે કોઈ મારો સ્વીકાર કરે છે તે કેવળ મારો જ નહિ, પણ જેમણે મને મોકલ્યો છે તેમનો સ્વીકાર કરે છે."

હિબ્રૂઓને પત્ર 6:10
કેમ કે ઈશ્વર તમારા કામને તથા તેમના નામ પ્રત્યે તમે જે પ્રેમ બતાવ્યો છે, અને સંતોની જે સેવા કરી છે, અને હજુ કરો છો, તેને વીસરે એવા અન્યાયી નથી.

3 યોહાનનો 1:5-8
5 વહાલા, ભાઈઓને માટે, હા, પારકા ભાઈઓને માટે પણ, તું જે કંઈ કામ કરે છે તે તું વિશ્વાસ [કરનારને] યોગ્ય કામ કરે છે;
6 તે [ભાઈ] ઓએ તારા પ્રેમ વિષે મંડળીની આગળ સાક્ષી પૂરી છે. ઈશ્વર પ્રસન્‍ન થાય એવી રીતે તું તેઓને આગળ વળાવશે તો તું સારું કરશે.
7 કેમ કે તેઓ તેમના નામની ખાતર બહાર નીકળ્યા છે, ને વિદેશીઓ પાસેથી કંઈ લેતા નથી.
8 આપણે સત્ય [ફેલાવવા]માં તેઓના સહકારીઓ થઈએ, માટે આપણે એવા માણસોનો સ્વીકાર કરવો જોઈએ.

જ્યારે આપણે ઈસુના નામને લીધે કોઈને માન આપીએ છીએ, ત્યારે આપણે ઈસુને જ માન આપીએ છીએ. પછી ભલે તે અન્ય શિષ્ય હોય, નાનું બાળક હોય, અથવા સુવાર્તાના સેવક હોય, જ્યારે આપણે ઈસુના નામને કારણે તેમને માન આપીએ છીએ, ત્યારે આપણે પ્રભુ ઈસુને અને પિતાને માન આપીએ છીએ. ઈસુના નામમાં આપણે જે સારું કરીએ છીએ, ઠંડા પાણીનો પ્યાલો આપવા જેવું સરળ હોય અથવા અન્ય કોઈપણ કાર્ય અને પ્રેમનો શ્રમ, તે ઈશ્વર માટે જ કરવામાં આવે છે. જ્યારે આપણે પ્રભુના નામે સેવાકાર્ય માટે જે જાય છે તેઓને માન આપીએ છીએ, તેમને આશીર્વાદ આપીએ છીએ અને ટેકો આપીએ છીએ, ત્યારે આપણે ઈશ્વરના રાજ્ય માટે તેમના કાર્યમાં સહભાગી થઈએ છીએ. અને પ્રભુ આને યાદ રાખશે અને આપણને બદલો આપશે.

આપણે ઈસુના નામે એકબીજાને આવકારવાના અને માન આપવાના મહત્વને સમજવું જોઈએ. હકીકત એ છે કે આપણે જે પણ વ્યક્તિને મળીએ છીએ તે બધા આપણને હંમેશા ગમતા હોતા નથી. આપણે દરેક વ્યક્તિ સાથે દરેક બાબતમાં સહમત ન હોઈ શકીએ. પણ છતાં આપણે ઈસુ ખ્રિસ્તના નામે પ્રેમમાં ચાલી શકીએ, માન આપી શકીએ અને એકબીજાને આશીર્વાદ આપી શકીએ છીએ.

જ્યારે શાસ્ત્ર આપણને *“જેઓ ઉપદેશ કરવામાં તથા શિક્ષણ આપવામાં શ્રમ લે છે”* તેઓને *“બમણા માનપાત્ર”* (1 તિમોથીને 5:17) ગણવાનું શીખવે છે, ત્યારે આપણે ઈશ્વરના સંતોમાંના સૌથી નાનાઓને આશીર્વાદ આપવાના કાર્યને ઓછા મહત્વનું ન સમજવું જોઈએ. યાદ રાખો કે ઈસુએ કહ્યું હતું, *“...આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું”* (માથ્થી 25:40). આપણે જે કંઈ પણ કરીએ છીએ, નાનું કે મોટું, જ્યારે આપણે તે ઈસુના

નામમાં ઈશ્વરના નાના સંત અથવા ઈશ્વરના પ્રખ્યાત સેવકને માટે કરીએ છીએ, ત્યારે આપણે તે ઈસુને માટે કરીએ છીએ. તે જ બાબત મહત્વની છે. જ્યારે આપણે આ કરીએ છીએ ત્યારે આપણે ઈસુને સચોટ રીતે દર્શાવીએ છીએ.

[**વધારાની નોંધ**: સાવધાનીની નોંધ તરીકે, આપણે પણ *"સાપ જેવા હોશિયાર"* બનવું જોઈએ અને બીજાઓને આપણી દયાનો દુરુપયોગ કરવાની અને ઈશ્વરે આપેલા આપણા સમય, શક્તિ અને નાણાં જેવા સંસાધનોનો "શિષ્યના નામમાં" વ્યય કરવાની પરવાનગી આપવી જોઈએ નહિ.]

---

જ્યારે આપણે ઈસુના નામમાં એકત્ર થઈએ છીએ,
ત્યારે ઈસુ ત્યાં હોય છે
અને તેમનું સામર્થ્ય ઉપલબ્ધ છે!
જ્યારે આપણે ઈસુના નામમાં
એકબીજાને માન અને આશીર્વાદ આપીએ છીએ,
ત્યારે આપણે ઈસુને  અને પિતાને માન આપીએ છીએ!

---

## સમીક્ષા

આ પ્રકરણ 18 અને 19 માટે છે.

1) આ સત્ય પર મનન કરો કે જ્યારે આપણે ઈસુના નામે એકત્ર થઈએ છીએ, ત્યારે ઈસુ હાજર હોય છે અને તેમનું સામર્થ્ય ઉપલબ્ધ હોય છે. માથ્થી 18:18-20 માં ઈસુએ આપણને કઈ સૂચનાઓ આપી છે જે આપણને શીખવે છે કે આપણે તેમની હાજરી અને સામર્થ્યમાંથી કેવી રીતે મેળવી શકીએ અને પૃથ્વી પરની બાબતોને અસર કરી શકીએ?

2) તમે કેવી રીતે ઈસુના નામમાં બીજાઓને માન આપવા અને આશીર્વાદ આપવાને તમારી જીવનશૈલીનો સામાન્ય, સ્વાભાવિક અને સુસંગત ભાગ બનાવી શકો છો? જો આંતરિક સમસ્યાઓ (ઉદાહરણ તરીકે, માફી, દ્વેષ, પૂર્વગ્રહ, ઝઘડો, ઈર્ષ્યા, સ્પર્ધા, અસુરક્ષા, વગેરે) તમને એક અથવા વધુ લોકોને માન આપતા રોકે છે, તો તે ઈશ્વરની આગળ કબૂલ કરો અને તમને તેમાંથી મુક્ત કરવા માટે તેમને વિનંતી કરો. ઈસુના નામે બધા લોકોને માન આપવા અને આશીર્વાદ આપવા માટે તમારું હૃદય શુદ્ધ અને મુક્ત રાખો.

# 20
# ઈસુના નામમાં પ્રચાર કરો, બોધ આપો અને સેવા કરો

**પ્રેરિતોનાં કૃત્યો 4:17,18**
**17 પણ લોકોમાં તે વધારે ફેલાય નહિ, માટે આપણે તેઓને એવી ધમકી આપીએ કે હવે પછી તમારે કોઈ પણ માણસની સાથે વાત કરતાં એ નામ લેવું નહિ."**
**18 પછી તેઓએ તેઓને બોલાવીને તાકીદ આપી કે, "વાત કરતાં તેમ જ બોધ કરતાં પણ તમારે ઈસુનું નામ બિલકુલ લેવું નહિ."**

**પ્રેરિતોનાં કૃત્યો 5:28**
**"અમે તમને સખત મના કરેલી હતી કે તમારે બોધ કરતાં એ નામ લેવું નહિ; તે છતાં જુઓ, તમે તો તમારા બોધથી યરૂશાલેમને ગજાવી મૂક્યું છે, અને એ માણસનું લોહી [પાડવાનો દોષ] અમારા ઉપર મૂકવા માગો છો."**

પ્રારંભિક મંડળી વિષે ધાર્મિક આગેવાનોને જે બાબતોનો ભય હતો તેમાંની એક ઈસુ ખ્રિસ્તના નામમાં તેઓનો પ્રચાર, બોધ અને સેવા હતી. તેઓને એ નામનો ભય હતો! આ આપણા જમાનામાં પણ એટલું જ સાચું છે. જ્યાં સુધી આપણે "ઈસુ ખ્રિસ્ત" નામનો ઉલ્લેખ ન કરીએ ત્યાં સુધી લોકો સારા બોધ, ઉપદેશો અને પ્રેરણાત્મક વાતોનો વાંધો ઉઠાવતા નથી. જો કે, બાહ્ય દબાણ અને ધમકીઓએ પ્રેરિતોને ઈસુના નામમાં બોધ આપતા, પ્રચાર કરતા અને સેવા કરતા રોક્યા ન હતા. તેઓ એ નામમાં સેવા આપતા રહ્યા, અને આપણે પણ એમ જ કરવું જોઈએ. આપણા જીવન અને સેવાકાર્યનો આધાર, આપણે જે પ્રચાર કરીએ છીએ અને બોધ આપીએ છીએ, તે બધું તે નામમાં છે.

ઈસુના નામમાં પ્રચાર કરવાથી જીવનો બદલાય છે, સાજાપણું, ચમત્કારો અને ઉદ્ધાર થાય છે. આ તે છે જે શરૂઆતના દિવસોમાં યરૂશાલેમમાં બન્યું હતું.

**પ્રેરિતોનાં કૃત્યો 8:5-8,12**

**5 ફિલિપે સમરૂન શહેરમાં જઈને તેઓને ખ્રિસ્ત વિષે બોધ કર્યો.**

**6 તેણે કહેલી વાતો સાંભળીને તથા તેણે કરેલા ચમત્કારો જોઈને લોકોએ તેની વાતો પર એક ચિત્તે ધ્યાન આપ્યું.**

**7 કેમ કે જેઓને અશુદ્ધ આત્માઓ વળગ્યા હતા તેઓમાંના ઘણાંમાંથી તેઓ મોટી બૂમ પાડતાં બહાર નીકળ્યા, અને ઘણા પક્ષઘાતીઓને તથા લંગડાઓને સાજા કરવામાં આવ્યા.**

**8 તે શહેરમાં બહુ આનંદ થઈ રહ્યો.**

**12 પણ ફિલિપ ઈશ્વરના રાજ્ય તથા ઈસુ ખ્રિસ્તના નામ વિષે સુવાર્તા પ્રગટ કરતો હતો તેવામાં તેઓનો વિશ્વાસ તેના પર બેઠો, અને પુરુષોએ તેમ જ સ્ત્રીઓએ પણ બાપ્તિસ્મા લીધું.**

ફિલિપનો ઉછેર અને તાલીમ યરૂશાલેમની સ્થાનિક મંડળીમાં થયા હતા. સમરૂનમાં, તેણે ખ્રિસ્ત વિષે બોધ કર્યો, જેમાં ઈશ્વરના રાજ્ય અને ઈસુ ખ્રિસ્તના નામ વિષે પ્રચારનો સમાવેશ થયો હતો. ફિલિપે પ્રેરિતને જે કરતા જોયા હતા, તે તેણે કર્યું અને તેને તે જ પરિણામો મળ્યા. લોકો ઈસુ તરફ વળ્યા, ચમત્કારો થયા, અશુદ્ધ આત્માઓને બહાર કાઢવામાં આવ્યા, લોકો સાજા થયા, અને તેઓએ બહુ આનંદનો અનુભવ કર્યો! આ તે છે જે ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રચાર કરવાથી થાય છે.

આજે જ્યારે આપણે પ્રચાર કરીએ, બોધ આપીએ અને સેવા કરીએ, ત્યારે આપણે તે ઈસુના નામમાં કરવું જોઈએ. આનો અર્થ એ છે કે આપણે તે ઈસુનું પ્રતિનિધિત્વ કરવા અને ઈસુ ખરેખર કોણ છે તે ચોક્કસ રીતે પ્રગટ કરવાના ઉદ્દેશ્યથી કરીએ છીએ. ઈસુના નામે તેનું કોઈ સામર્થ્ય ગુમાવ્યું નથી, અને જો આપણે તેમના નામનો પ્રચાર, બોધ અને સેવા યોગ્ય રીતે

કરી રહ્યા છીએ, તો આપણે પ્રારંભિક મંડળીના જેવા પરિણામો જોઈશું.

ઈસુના નામમાં પ્રચાર કરવામાં આપણે હિંમતવાન બનવું જોઈએ. શાઉલ એક ઉચ્ચ શિક્ષિત ફરોશી હતો જે સંપૂર્ણપણે ઈસુ ખ્રિસ્તના નામની વિરુદ્ધ હતો. દમસ્ક જવાના રસ્તે, ઈસુ સાથેની તેની શક્તિશાળી મુલાકાત પછી તરત જ, તેણે *"દમસ્કમાં ઈસુને નામે હિંમતથી ઉપદેશ કર્યો હતો"* (પ્રેરિતોનાં કૃત્યો 9:27,29).

આપણામાંના દરેકે સમજવું જોઈએ કે આપણને જે કૃપા અને તેડું આપવામાં આવ્યું છે તે તેમના નામ માટે પ્રજાને સ્પર્શ કરવા માટે છે. પ્રેરિત પાઉલે રોમનોને પત્ર 1:5 માં લખ્યું છે તેમ, *"સર્વ પ્રજાઓ તેમના નામની ખાતર વિશ્વાસને આધીન થાય, એ માટે અમે તેમની મારફતે કૃપા તથા પ્રેરિતપદ પામ્યા છીએ."*

પ્રભુ ઈસુ, જે મંડળીના શિર છે, જ્યારે આપણે તેમના નામમાં પ્રચાર કરીએ છીએ, બોધ આપીએ છીએ અને સેવા કરીએ છીએ ત્યારે તે આપણને જુએ છે. તે તેના નામની ખાતર આપણી ધીરજ, સહનશક્તિ અને અથાક શ્રમનું અવલોકન કરે છે (પ્રકટીકરણ 2:3).

તેથી, ચાલો આપણા પ્રચાર કરવામાં, બોધ આપવામાં અને સેવાકાર્યમાં ઈસુ ખ્રિસ્તના નામમાં ખરા રહીએ. જો આપણે તેમને અને તેમના નામને મોટેથી, હિંમતભેર અને મજબૂત રીતે જાહેર ન કરીએ, તો આપણે તેમને નિષ્ફળ કરી રહ્યા છીએ, જેમણે આપણને તેમના નામનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર આપ્યો છે.

(**સમીક્ષા** પ્રકરણ 24 પછી આપવામાં આવી છે.)

# 21
# ઈસુના નામમાં માંદાઓને સાજા કરો

માર્ક 16:17,18

17 વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે: મારે નામે તેઓ
દુષ્ટાત્માઓ કાઢશે, નવી બોલીઓ બોલશે;

18 સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને
કંઈ પણ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા
થશે."

પ્રેરિતોનાં કૃત્યો 3:6,12,16

6 પણ પિતરે કહ્યું કે, "સોનુંરૂપું તો મારી પાસે નથી; પણ મારી પાસે જે છે તે
હું તને આપું છું. ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા."

12 તે જોઈને પિતરે લોકોને ઉત્તર આપ્યો કે, "ઈસ્રાએલી માણસો, આને
જોઈને તમે કેમ અજાયબ થાઓ છો? અને જાણે અમે અમારા પોતાના
સામર્થ્યથી અથવા ધાર્મિકપણાથી તેને ચાલતો કર્યો હોય તેમ શા માટે
અમને ધારી ધારીને જોઈ રહ્યા છો?

16 તેમના નામ પર વિશ્વાસથી આ માણસ જેને તમે જુઓ છો અને ઓળખો
છો, તેને ઈસુના નામે શક્તિમાન કર્યો; હા, તેમના પરના વિશ્વાસે તમો
સર્વની આગળ તેને આ પૂરું આરોગ્ય આપ્યું છે.

પ્રેરિતોનાં કૃત્યો 4:7,10

7 તેઓએ તેઓને વચમાં ઊભા રાખીને પૂછયું કે, "કેવા પરાક્રમથી કે, કેવા
નામથી તમે એ કર્યું છે?"

10 તો તમો સર્વને તથા સર્વ ઈસ્રાએલી લોકોને માલૂમ થાય કે, ઈસુ
ખ્રિસ્ત નાઝારી, જેમને તમે વધસ્તંભ પર મારી નાખ્યા, અને જેમને ઈશ્વરે
મૂએલાંમાંથી ઉઠાડ્યા, તેમના નામથી આ માણસ સાજો થઈને અહીં તમારી
આગળ ઊભો રહ્યો છે.

યાકૂબનો પત્ર 5:14,15

14 તમારામાં શું કોઈ માંદો છે? [જો હોય] તો તેણે મંડળીના વડીલોને
બોલાવવા; અને તેઓએ પ્રભુના નામથી  તેને તેલ ચોળીને તેને માટે
પ્રાર્થના કરવી;

**[15] અને વિશ્વાસ [સહિત કરેલી] પ્રાર્થના માંદાને બચાવશે, ને પ્રભુ તેને ઉઠાડશે; અને જો તેણે પાપ કર્યાં હશે તો તે તેને માફ કરવામાં આવશે.**

ઈસુ મહાન ચિકિત્સક, પરાક્રમી સાજા કરનાર છે, અને તેમના નામમાં સાજાપણું છે. ઈસુએ બધા વિશ્વાસીઓને તેમના નામનો ઉપયોગ માંદાઓને સાજા કરવા માટે સોંપ્યો છે. અલૌકિક સાજાપણાની સેવા આપવા માટે કોઈ એક પદ્ધતિ અથવા અભિગમ નથી. આપણે માંદા પર હાથ મૂકી શકીએ છીએ, દૂરથી તેમની સેવા કરી શકીએ છીએ, ફોન પર તેમની સેવા કરી શકીએ છીએ, પ્રાર્થના કરેલું કપડું મોકલી શકીએ છીએ (જે કપડાં પર પ્રાર્થના કરવામાં આવી છે), તેલનો અભિષેક વગેરે કરી શકીએ છીએ. મહત્વની બાબત એ છે કે આપણે ઈસુના નામમાં સેવા કરીએ છીએ. “ઈસુ” નામનો ઉલ્લેખ ઈસુને એ પરિસ્થિતિમાં લાવે છે. જ્યારે આપણે ઈસુના નામમાં બોલીએ છીએ અને માંદગી અને રોગને નીકળી જવા અને બીમાર વ્યક્તિને સાજા થવાનો આદેશ આપીએ છીએ, ત્યારે આપણે જાણવું જોઈએ કે આપણે ઈસુના સ્થાને ઊભા છીએ, તેમનું પ્રતિનિધિત્વ કરીએ છીએ, અને તે જાણે ઈસુ પોતે તે વ્યક્તિની સેવા કરી રહ્યા છે તેના જેવું જ છે. જો ઈસુ શારીરિક રીતે તે વ્યક્તિની સેવામાં હાજર હોત તો જે થાત તેના કરતાં આપણી અપેક્ષા કંઈપણ રીતે ઓછી હોવી જોઈએ નહીં. ઈસુના નામમાં માંદાઓને સાજા કરવાની સેવા આપવાનો અર્થ આ છે. આપણે આપણી પોતાની શક્તિ અથવા પવિત્રતાના આધારે સેવા આપતા નથી. ઈસુના નામમાં જે અધિકાર અને સામર્થ્ય છે તેમાં આપણે સેવા આપીએ છીએ.

(**સમીક્ષા** પ્રકરણ 24 પછી આપવામાં આવી છે.)

# 22
# ઈસુના નામમાં ચમત્કારો કરો

માર્ક 9:38,39
[38] યોહાને તેમને કહ્યું કે, "ઉપદેશક, અમે કોઈએકને તમારે નામે દુષ્ટાત્મા કાઢતાં જોયો; અને અમે તેને મના કરી, કારણ કે તે આપણી સાથે ચાલતો નથી."
[39] પણ ઈસુએ તેને કહ્યું, "તેને મના કરો નહિ; કેમ કે એવો કોઈ નથી કે જે મારે નામે ચમત્કાર કરે, ને સહેજ મારી નિંદા કરી શકે.

માર્ક 16:17,18
[17] વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે: મારે નામે તેઓ દુષ્ટાત્માઓ કાઢશે, નવી બોલીઓ બોલશે;
[18] સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ પણ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે."

પ્રેરિતોનાં કૃત્યો 4:29-31,33
[29] હવે, હે પ્રભુ, તમે તેઓની ધમકીઓ ધ્યાનમાં લો, અને તમારા સેવકોને તમારી વાત પૂરેપૂરી હિંમતથી કહેવાનું [સામર્થ્ય] આપો;
[30] તે દરમિયાન તમે લોકોને નીરોગી કરવાને તમારો હાથ લાંબો કરો; અને તમારા પવિત્ર સેવક ઈસુને નામે ચમત્કારો તથા અદ્‌ભુત કામો કરાવો."
[31] તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા થયા હતા તે હાલ્યું; તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને ઈશ્વરની વાત હિંમતથી બોલવા લાગ્યા.
[33] પ્રેરિતોએ મહા પરાક્રમથી પ્રભુ ઈસુના પુનરુત્થાનની સાક્ષી પૂરી; અને તેઓ સર્વના ઉપર ઘણી કૃપા હતી.

ઈસુના નામમાં ચમત્કારો, ચિહ્નો અને અજાયબીઓ છે. ઈસુના નામે અલૌકિક, અસામાન્ય, અણધારી અને અશક્ય બાબતો થઈ શકે છે. કુદરતી નિયમોને અસ્થાયીરૂપે સ્થગિત કરી શકાય છે. કુદરતી ક્ષેત્રની બાબતો—સજીવ અને નિર્જીવ—

ઈસુના નામની સત્તાને આધીન છે. બધા વિશ્વાસીઓને ઈસુના નામે ચમત્કારો, ચિહ્નો અને અજાયબીઓ કરવાની પરવાનગી છે.

કુદરતી ક્ષેત્રમાં સંજોગો, પરિસ્થિતિઓ, ભૌતિક વસ્તુઓ વગેરે આપણે ઈસુના નામે જે આદેશ જારી કરીએ છીએ તેનો પ્રતિસાદ આપશે. અલબત્ત, આપણે આ બાબતોને આપણા મનના તરંગો અનુસાર નિયંત્રિત કરવા અને નિર્ધારિત કરવા માટે વગર વિચાર્યું અથવા મનસ્વી રીતે બોલતા નથી. આપણે આવી બાબતો કરી શકતા નથી. પરંતુ જ્યારે આપણા પોતાના જીવનમાં અથવા બીજા કોઈ માટે પિતાની ઈચ્છાને અમલમાં મૂકવાની જરૂર હોય, ત્યારે આપણે આપણા હૃદયમાં વિશ્વાસ સાથે ઊભા થઈ શકીએ છીએ, અને ઈસુના નામે આદેશનો શબ્દ બોલી શકીએ છીએ અથવા પ્રાર્થના કરી શકીએ છીએ અને ચમત્કારિક બાબતો બનતા જોઈ શકીએ છીએ. ઈસુ ચમત્કાર કર્તા છે. તે તે જ છે જે ચમત્કારો, ચિહ્નો અને અજાયબીઓ કરે છે. જો તે અહીં હોત તો તેમણે જે કર્યું હોત તે કરવા માટે તેમણે આપણને તેમના નામનો ઉપયોગ કરવા અધિકૃત કર્યા છે. પ્રારંભિક મંડળીએ આ માટે પ્રાર્થના કરી. તેઓએ ઈસુના નામમાં ચિહ્નો અને અજાયબીઓ થતી જોવા માટે વિનંતી કરી. અને તેઓએ તે થતા જોઈ. હવે આપણો વારો છે!

(**સમીક્ષા** પ્રકરણ 24 પછી આપવામાં આવી છે.)

# 23
# ઈસુના નામમાં દુષ્ટાત્માઓને હાંકી કાઢો

લૂક 10:17-19

[17] તે સિત્તેર હરખાતા હરખાતા પાછા આવ્યા, અને તેઓએ કહ્યું કે, "પ્રભુ, તમારા નામથી દુષ્ટાત્માઓ પણ અમારે તાબે થયાં છે."
[18] તેમણે તેઓને કહ્યું કે, "મેં શેતાનને વીજળીની જેમ આકાશમાંથી પડેલો જોયો.
[19] જુઓ, મેં તમને સર્પો તથા વીંછીઓ પર પગ મૂકવાનો, તથા શત્રુના બધા પરાક્રમ પર અધિકાર આપ્યો છે; અને તમને કશાથી પણ ઈજા થશે નહિ.

માર્ક 16:17,18

[17] વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે: મારે નામે તેઓ દુષ્ટાત્માઓ કાઢશે, નવી બોલીઓ બોલશે;
[18] સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ પણ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે."

પ્રેરિતોનાં કૃત્યો 16:16-18

[16] અમે પ્રાર્થનાસ્થાને જતા હતા, ત્યારે એક જુવાન દાસી અમને મળી, તેને અગમસૂચક આત્મા વળગ્યો હતો, અને તે ભવિષ્યકથન કરીને પોતાના માલિકોને ઘણો લાભ કરતી હતી.
[17] તેણે પાઉલની તથા અમારી પાછળ આવીને બૂમ પાડીને કહ્યું કે, "આ માણસો પરાત્પર ઈશ્વરના સેવકો છે કે, જેઓ તમને તારણનો માર્ગ પ્રગટ કરે છે."
[18] તે ઘણા દિવસ સુધી એમ કર્યા કરતી હતી. ત્યારે પાઉલે બહુ કાયર થઈને પાછા ફરીને તે આત્માને કહ્યું કે, "ઈસુ ખ્રિસ્તને નામે હું તને આજ્ઞા કરું છું કે, એનામાંથી નીકળી જા." એટલે તે ને તે જ ઘડીએ તે નીકળી ગયો.

ઈસુના નામે, દરેક વિશ્વાસી પાસે દુષ્ટાત્માઓ ("સાપ અને વીંછી") પર અને શેતાનની બધી શક્તિ (ગ્રીક *ડ્યુનામિસ* જેનો અર્થ "અલૌકિક શક્તિ") પર અધિકાર (ગ્રીક *એક્ઝોસિયા* જેનો

અર્થ છે “પ્રતિનિયુક્ત અધિકાર”) છે. શત્રુની તમામ ક્ષમતાઓ પર આપણો અધિકાર છે. ઈસુએ આપણને તેમના નામે જે અધિકાર આપ્યો છે તેનો ઉપયોગ કરીને દુષ્ટાત્માઓને બહાર કાઢવાનું કામ સોંપ્યું છે. પ્રેરિતોનાં કૃત્યો 16 માં, આપણે આ કેવી રીતે કરીએ છીએ તેનું ઉદાહરણ જોઈએ છીએ. આપણે ઈસુ ખ્રિસ્તના નામે દુષ્ટાત્મા(ઓ) ને બહાર આવવા, અથવા નીકળી જવા અથવા તેઓ જે કરી રહ્યા છે તે કરવાનું બંધ કરવાનો આદેશ આપીએ છીએ. અને તેઓ પાલન કરશે.

એવા સમય હોઈ શકે છે જ્યારે દુષ્ટાત્માઓ આપણા જીવનમાં દખલ કરે છે, જીવનના અમુક ક્ષેત્રમાં આપણને મુશ્કેલી, પજવણી, જુલમ અથવા ત્રાસ આપવાનો પ્રયાસ કરે છે. આપણે તેમના કાર્યને કડક અને હિંમતભેર ઠપકો આપવો જોઈએ, તેમને ઈસુ ખ્રિસ્તના નામે થોભવાનો અને નીકળી જવાનો આદેશ આપવો જોઈએ. જ્યારે આપણે ઈશ્વરને આધીન થઈએ છીએ અને શેતાનની સામા થઈએ છીએ, ત્યારે શાસ્ત્ર જણાવે છે કે તે આપણી પાસેથી ગભરાઈને નાસી જશે (યાકૂબનો પત્ર 4:7). જ્યારે આપણે એવા અન્ય લોકોની સેવા કરીએ છીએ જેઓ કોઈ રીતે દુષ્ટાત્માઓથી પરેશાન હોઈ શકે છે, ત્યારે આપણે એ જ કરીએ છીએ.

જ્યારે તમે ઈસુના નામે દુષ્ટાત્માઓની સામા થાવ છો ત્યારે આત્મિક ક્ષેત્રમાં શું થઈ રહ્યું છે તેની કલ્પના કરવાનો પ્રયાસ કરો. આત્મિક ક્ષેત્રમાં, તમે ખ્રિસ્તમાં છો, ઈશ્વરના વારસ છો, અને ખ્રિસ્ત, જે શેતાન અને દરેક દુષ્ટાત્માને તમારું પાયાસન કરીને પિતાના જમણા હાથે બેઠા છે તેમની સાથે વારસાના ભાગીદાર છો. તમે ઈસુના રક્તથી ઢંકાયેલા છો અને પવિત્ર આત્મા દ્વારા અભિષિક્ત છો. તમારી પાસે તમારા હાથમાં આત્માની તલવાર છે અને ઈશ્વરનું બખ્તર તમારું રક્ષણ કરે છે. તમારી પાસે તમારા માટે નિયુક્ત કરેલા દૂતો છે જે તમને મદદ

કરે છે. અને હવે તમે ઈસુના નામમાં આગળ વધો છો. તમે ઘોષણા કરો છો કે તમે ઈસુનું પ્રતિનિધિત્વ કરો છો, જો તેઓ ત્યાં હોત તો તે જે કરતા તે કરવા માટે તેમના સ્થાને કાર્ય કરી રહ્યાં છો. જ્યારે તમે ઈસુના નામે ઘોષણા કરો છો, ત્યારે ઈસુ ત્યાં છે. પવિત્ર આત્મા ત્યાં છે. અને પછી તમે દુષ્ટાત્માઓને નીકળી જવાનો આદેશ આપો છો. શું દુષ્ટાત્માઓ સામા ઊભા રહી શકે એવી શક્યતા છે? તેઓ હઠીલા હોઈ શકે છે અને પ્રતિકાર કરવાનો પ્રયાસ કરે પરંતુ તમે સારી રીતે જાણો છો કે તેઓને કોઈ તક મળતી નથી. બિલકુલ નહીં! ઈસુના નામે, તમે અજેય છો. તેમણે નાસવું પડશે.

જ્યાં સુધી વિશ્વાસીનો સંબંધ છે ત્યાં સુધી, જ્યારે આપણે ઈસુના નામે આપણા આત્મિક અધિકારને જાણીએ છીએ અને તેનો ઉપયોગ કરીએ છીએ ત્યારે દુષ્ટાત્માઓ આપણાથી ડરી જાય છે. વિશ્વાસીઓ તરીકે, આપણને તેઓને બહાર કાઢી નાખવાના બદલામાં દુષ્ટાત્માઓ દ્વારા હુમલો થવાનો અને તેઓનો આપણા પર કાબૂ મેળવવાનો કોઈ ડર ન હોવો જોઈએ. ઈસુએ દુષ્ટાત્માઓ સાથેના વ્યવહારમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે *"તમને કશાથી પણ ઈજા થશે નહિ"* (લૂક 10:19). તે આ બાબતમાં અંતિમ શબ્દ છે. કોઈ પણ દુષ્ટાત્મા આપણને ઈજા પહોંચાડી શકે નહિ. *"આપણે જાણીએ છીએ કે જે કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી; પણ ઈશ્વરથી જે જન્મ્યો છે તે તેને સંભાળે છે, અને દુષ્ટ તેને સ્પર્શ કરતો નથી"* (1 યોહાનનો 5:18).

*"શેતાનનાં કામનો નાશ કરવા માટે ઈશ્વરના પુત્ર પ્રગટ થયા"* (1 યોહાનનો 3:8). ઈસુએ આપણને એજ કરવા માટે તેમના નામે મોકલ્યા છે. હિંમતથી દુષ્ટાત્માઓ પર અધિકારનો ઉપયોગ કરો અને ઈસુના નામે તેમના કાર્યોનો નાશ કરો.

(**સમીક્ષા** પ્રકરણ 24 પછી આપવામાં આવી છે.)

# 24
# ઈસુના નામમાં અતિ મહાન કાર્યો કરો

**યોહાન 14:11-14**
**11 હું પિતામાં છું, અને પિતા મારામાં છે, એવો વિશ્વાસ મારા પર રાખો; નહિ તો કામોને લીધે જ મારા પર વિશ્વાસ રાખો.**
**12 હું તમને ખચીત ખચીત કહું છું કે, હું જે કામો કરું છું તે જ મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટાં કામ કરશે; કેમ કે હું પિતાની પાસે જાઉં છું.**
**13 અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ, જેથી પિતા દીકરામાં મહિમાવાન થાય.**
**14 જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો, તો તે હું કરીશ.**

પ્રભુ ઈસુએ પિતાના નામે કરેલા ચમત્કારિક કાર્યો પર ખૂબ ભાર મૂક્યો. તેમણે તેમના સાજાપણા, છુટકારા, ચિહ્નો અને અજાયબીઓના તેમના ચમત્કારિક કાર્યો દ્વારા એ સાબિતી તરફ ધ્યાન દોર્યું કે તેઓ ખરેખર પિતા દ્વારા મોકલવામાં આવ્યા હતા. જેમ પચાસમાના દિવસે પિતરે તેના પ્રથમ ઉપદેશમાં પ્રગટ કર્યું હતું, *"હે ઈસ્રાએલી માણસો, તમે આ વાતો સાંભળો: ઈસુ નાઝારી, જેની મારફતે ઈશ્વરે તમારામાં જે પરાક્રમો તથા આશ્ચર્યો તથા ચમત્કારો કરાવ્યાં, જે વિષે તમે પોતે પણ જાણો છો, તેઓ વડે તે માણસ ઈશ્વરને પસંદ પડેલા છે, એવું તમારી આગળ [સાબિત થયું] છતાં"* (પ્રેરિતોનાં કૃત્યો 2:22).

પ્રભુ ઈસુએ જાહેર કર્યું કે તેમના વિશ્વાસીઓ તેમણે કરેલા ચમત્કારો કરશે અને એના કરતાં પણ મોટા ચમત્કારો કરશે. અને આ ઘોષણા પછી તરત જ, તેમણે તેમના નામે વિનંતી કરનાર વિશ્વાસીઓ વિષે વાત કરી. તેમના નામનો ઉપયોગ કરવાના આપણા વિશેષાધિકારનો ઉપયોગ કરીને, આપણે

તેમણે કરેલા ચમત્કારો અને એના કરતાં પણ મોટા ચમત્કારો કરીશું.

એના કરતાં પણ મોટા ચમત્કારો સૂચવે છે કે આપણે ફક્ત બાઈબલમાં આપણા માટે નોંધાયેલા ચમત્કારો સુધી મર્યાદિત નથી. ઉદાહરણ તરીકે, લોકોના શરીરમાં ધાતુના પ્રત્યારોપણ અદૃશ્ય થઈ ગયાનો, અથવા લોકોના શરીરમાંથી બહાર કાઢવામાં આવેલા અંગો તેમના શરીરમાં ફરી દેખાવાનો, લોકોના શરીરમાં રાસાયણિક અસંતુલન પુનઃસ્થાપિત થયાની કોઈ નોંધ નથી. મુદ્દો એ છે કે આજે આપણે એવા ચમત્કારો જોવા માટે તૈયાર હોવા જોઈએ, જેની બાઈબલના ચમત્કારો સાથે સમાનતા નથી અથવા સમાંતર નથી. ઈસુએ કહ્યું, *"એના કરતાં પણ મોટાં કામ"* (યોહાન 14:12) અને આ તમામ પ્રકારના ચમત્કારો, ચિહ્નો અને અજાયબીઓનું ક્ષેત્ર ખોલે છે જે ઈસુના નામે ઈશ્વર આપણા દ્વારા કરશે.

ચાલો હિંમતવાન બનીએ! ચાલો આપણે ઈસુના નામે એના કરતાં પણ મોટાં કામ કરવાની અપેક્ષા રાખીએ! ઈસુએ કહ્યું કે આપણે કરી શકીએ છીએ!

---

ઈસુના નામે તેનું કોઈ
સામર્થ્ય ગુમાવ્યું નથી.
ઈસુના નામમાં
સાજાપણાં, ચમત્કારો અને ઉદ્ધાર છે.
ઈસુના નામમાં
વધુ મોટાં ચમત્કારો થઈ શકે છે.

---

## સમીક્ષા

આ પ્રકરણ 20-24 માટે છે.

1) આજે ઈસુના નામમાં પ્રચાર કરવાનું અને સેવા કરવાનું પરિણામ પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકના જેવું જ હોવું જોઈએ કારણ કે ઈસુના નામે તેનું કોઈ સામર્થ્ય ગુમાવ્યું નથી. જ્યારે આપણે ઈસુના નામનો પ્રચાર કરીએ અને બોધ કરીએ ત્યારે વધુ ચમત્કારો, સાજાપણાં, ઉદ્ધાર, ચિહ્નો અને અજાયબીઓ જોવા માટે આપણે કયા ફેરફારો કરવા જોઈએ?

2) વિશ્વાસી તરીકે, તમારી આસપાસના લોકોને અલૌકિક સાજાપણું, છુટકારો અને ચમત્કારોની સેવા આપવા માટે તમે ઈસુના નામમાં તમારા વિશેષાધિકાર અને સત્તાનો ઉપયોગ કઈ રીતે કરી શકો છો?

# 25
# ઈસુના નામનો અનઅધિકૃત ઉપયોગ

માથ્થી 7:21-23

21 જેઓ મને 'પ્રભુ, પ્રભુ,' કહે છે, તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ
તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના પિતાની ઈચ્છા પ્રમાણે કરે છે [તેઓ
જ પેસશે].
22 તે દિવસે ઘણા મને કહેશે કે, 'પ્રભુ, પ્રભુ, શું અમે તમારે નામે પ્રબોધ
કર્યો નથી? અને તમારે નામે ભૂતોને કાઢયાં નથી? અને તમારે નામે ઘણાં
પરાક્રમી કામો કર્યાં નથી?'
23 ત્યારે હું તેઓને સાફ કહીશ કે, મેં તમને કદી પણ ઓળખ્યા નથી, ઓ
ભૂંડું કરનારાઓ, તમે મારી પાસેથી દૂર જાઓ.'

માથ્થી 24:5

કેમ કે, હું તો ખ્રિસ્ત છું, એમ કહેતા ઘણા મારે નામે આવશે, ને તેઓ ઘણાને
ભુલાવશે.

પ્રેરિતોનાં કૃત્યો 19:11-20

11 ઈશ્વરે પાઉલના હાથથી એવા અસાધારણ ચમત્કારો કર્યા કે,
12 તેણે વાપરેલાં રૂમાલો તથા વસ્ત્રો તેઓ માંદાઓની પાસે લઈ જતા, અને
તેમને સ્પર્શ કરાવતા, એટલે તેઓના રોગ દૂર થતા, અને તેઓમાંથી અશુદ્ધ
આત્માઓ નીકળી જતા.
13 કેટલાક ભટકતા યહૂદી ભૂવા પણ અશુદ્ધ આત્મા વળગેલા માણસો ઉપર
ઈસુનું નામ ઉચ્ચારીને કહેવા લાગ્યા કે, "જે ઈસુને પાઉલ પ્રગટ કરે છે, તેની
દુવાઈ હું તમને દઉં છું."
14 સ્કેવા નામે એક યહૂદી મુખ્ય યાજકના સાત દીકરા એમ કરતા હતા.
15 પણ અશુદ્ધ આત્માએ તેઓને ઉત્તર આપ્યો કે, "ઈસુ વિષે હું જાણું છું, અને
પાઉલને હું ઓળખું છું; પણ તમે કોણ છો?"
16 ત્યારે જે માણસમાં અશુદ્ધ આત્મા હતો તે તેઓના પર કૂદી પડ્યો, અને
બન્નેને હરાવીને તેઓના પર જય મેળવ્યો કે તેઓ ઘાયલ થઈને ઘરમાંથી
નવસ્ત્રા નાસી ગયા.
17 એફેસસમાં જે યહૂદીઓ તથા ગ્રીકો રહેતા હતા તેઓ સર્વને એ વાતની
ખબર પડી; ત્યારે તેઓ સર્વને ડર લાગ્યો, અને પ્રભુ ઈસુનું નામ મોટું

**મનાયું.**
**[18] વિશ્વાસી થયેલાંઓમાંનાં પણ ઘણાં આવ્યાં, અને પોતાનાં કૃત્યો કબૂલ કરીને ખુલ્લાં કહી દેખાડયાં.**
**[19] ઘણા જાદૂગરોએ પોતાનાં પુસ્તકો એકત્ર કરીને સર્વના જોતાં તેઓને બાળી નાખ્યાં; તેઓનું મૂલ્ય ગણી જોતાં તે પચીસ હજાર રૂપિયા થયું.**
**[20] એ રીતે પ્રભુની વાત પરાક્રમથી પ્રસરતી ગઈ ને પ્રબળ થઈ.**

પ્રભુ ઈસુએ તેમના નામના અનધિકૃત ઉપયોગ વિષે ચેતવણી આપી હતી. પ્રથમ, એવા લોકો છે જેમની પાસે આત્મિક શક્તિ છે, પરંતુ તે ખોટા સ્ત્રોતમાંથી છે. દુષ્ટાત્મા આવા લોકોને, છેતરામણા ચિહ્નો અને અજાયબીઓ કરવાની શક્તિ આપે છે (1 તિમોથીને 4:1; 2 થેસ્સાલોનિકીઓને 2:9; 2 કરિંથીઓને 11:13-15). તેઓ લોકોને છેતરવા માટે, ઈસુના નામે આ કથિત રીતે કરી શકે છે (યાદ રાખો કે નકલી વસ્તુ અસલી જેવી જ લાગે છે). ખરી કસોટી એ છે કે શું ઈસુ ખ્રિસ્તને ખરેખર મહિમા આપવામાં આવે છે, શું લોકોને ઈસુ ખ્રિસ્ત પરના વ્યક્તિગત વિશ્વાસમાં લાવવામાં આવે છે, શું આ લોકોનો ખરેખર પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે વ્યક્તિગત સંબંધ છે, અને શું તેઓ ઈશ્વરીય જીવનશૈલીનું પાલન કરે છે (જેમ કે અધર્મ આચરવાનું વિરોધી). આપણે તેમને તેમના ફળો દ્વારા ઓળખીશું (માથ્થી 7:16). બીજું, સ્કેવાના સાત દીકરાઓની જેમ, એવા લોકો પણ છે જેઓ ઈસુના નામનો ઉપયોગ ફક્ત કેટલાક લાભો મેળવવા માટે કરવા માંગે છે પરંતુ ઈસુ સાથે સંબંધ રાખ્યા વિના, અને તેઓ તેમ કરી શકતા નથી.

બનાવટી વસ્તુઓ હશે એ હકીકતથી આપણને ચિંતા ના થવી જોઈએ. જ્યારે કોઈ બાબત ખૂબ મૂલ્યવાન હોય ત્યારે જ આપણને તેની બનાવટ જોવા મળે છે. બનાવટીને ઓળખવા માટે, આપણે અસલીને સંપૂર્ણ રીતે સમર્પિત હોવા જોઈએ અને તેનાથી સંપૂર્ણપણે પરિચિત હોવા જોઈએ. બનાવટીના ડરથી આપણે અસલીનો ત્યાગ કરતા નથી. તેના બદલે આપણે

સત્યમાં સ્થાપિત થઈએ છીએ. આપણે પોતે જ ઈસુના નામના અધિકાર અને સામર્થ્યમાં ચાલવાનું શરૂ કરીએ છીએ. આપણે ઈસુ સાથેની આત્મીયતાના સ્તરમાં વૃદ્ધિ પામીએ છીએ જેથી કરીને આપણે તેમની સાથે ઐકયતામાં ચાલી શકીએ અને તેમને ચોક્કસાઈપૂર્વક પ્રદર્શિત કરી શકીએ. આપણે આપણા હેતુઓને જાળવીએ અને તેમના નામનો ઉપયોગ કરીને ઈસુને પ્રગટ કરવાનો અને મહિમા આપવાનો પ્રયત્ન કરીએ.

(**સમીક્ષા** પ્રકરણ 29 પછી આપવામાં આવી છે.)

# 26
# ઈસુના નામમાં સતાવણી પામેલ

**માથ્થી 10:22**
**અને મારા નામને માટે સહુ તમારો દ્વેષ કરશે, તોપણ જે કોઈ અંત સુધી ટકશે તે તારણ પામશે.**

**લૂક 21:12,17**
**12 પણ એ સર્વ થયા પહેલાં મારા નામને લીધે તેઓ તમારા પર હાથ નાખશે, અને તમને સતાવીને સભાસ્થાનો તથા બંદીખાના[ના અધિકારીઓ] ને હવાલે કરશે, અને રાજાઓ તથા હાકેમોની આગળ લઈ જશે.**
**17 વળી મારા નામને લીધે સર્વ તમારો દ્વેષ કરશે.**

પ્રભુ ઈસુએ આપણને ચેતવણી આપી હતી કે તેમના નામની ખાતર આપણો દ્વેષ કરવામાં આવશે અને સતાવણી કરવામાં આવશે. જેઓ આપણને સતાવે છે તેઓ વિચારશે કે તેઓ કંઈક ઉમદા અને સારું કરી રહ્યા છે.

**પ્રેરિતોનાં કૃત્યો 5:40-42**
**40 તેઓએ તેનું માન્યું; પછી તેઓએ પ્રેરિતોને પોતાની પાસે પાછા બોલાવીને માર માર્યો; અને વાત કરતાં ઈસુનું નામ લેવું નહિ, એવી આજ્ઞા કરીને તેઓએ તેમને છોડી દીધા.**
**41 તેઓ તે નામને લીધે અપમાન પામવા યોગ્ય ગણાયા, તેથી હરખાતા હરખાતા તેઓ સભામાંથી ચાલ્યા ગયા.**
**42 તેઓએ નિત્ય મંદિરમાં તથા ઘરે ઈસુ તે જ ખ્રિસ્ત છે તે વિષે શીખવવાનું તથા પ્રગટ કરવાનું છોડ્યું નહિ.**

ઈસુના સ્વર્ગારોહણને બહુ લાંબો સમય થયો ન હતો કે પ્રેરિતોને ધાર્મિક આગેવાનોની ધમકીઓ, વિરોધ અને સતાવણીનો સામનો કરવાનું શરૂ થઈ ગયું હતું. જો કે, પ્રેરિતો માનતા હતા કે ઈસુના નામ માટે શરમ સહન કરવી એ

સન્માનની વાત છે. આ રીતે તેઓ પ્રભુ ઈસુ અને તેમના નામને પ્રેમ કરતા હતા. પ્રારંભિક મંડળીને તીવ્ર સતાવણીનો સામનો કરવો પડયો, તેમ છતાં તેઓ તેમના વિશ્વાસમાં અને ઈસુ ખ્રિસ્તની સેવામાં નીડર રહ્યા. દાખલા તરીકે જ્યારે પાઉલે કૈસરિયામાં વિશ્વાસીઓ સાથે વાત કરી, ત્યારે પ્રભુ ઈસુ અને ઈસુના નામ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો વિચાર કરો. જયારે પાઉલ યરૂશાલેમ જશે ત્યારે તેનું શું થશે તે વિષે કૈસરિયાના વિશ્વાસીઓ તેની ખૂબ ચિંતા કરતા હતા, "ત્યારે પાઉલે તેમને ઉત્તર આપ્યો કે, *"તમે શું કરવા રડો છો, અને મારું દિલ દુખાવો છો? હું તો એકલો બંધાવાને નહિ, પણ પ્રભુ ઈસુના નામની ખાતર યરૂશાલેમમાં મરવાને પણ તૈયાર છું"* (પ્રેરિતોનાં કૃત્યો 21:13).

આપણે પ્રભુ ઈસુને એટલો પ્રેમ કરીએ અને તેમના નામને એટલો પ્રેમ કરીએ કે આપણે આપણા પ્રભુના નામ માટે સતાવણી અને ઉપહાસ સહન કરવામાં શરમ ન અનુભવીએ અને ડરીએ નહિ. પ્રેરિત પિતરે સતાવણી સહન કરનારા વિશ્વાસીઓને જણાવવા માટે લખ્યું કે, *"જો ખ્રિસ્તના નામને લીધે તમારી નિંદા થતી હોય, તો તમને ધન્ય છે; કેમ કે મહિમાનો તથા ઈશ્વરનો આત્મા તમારા પર રહે છે. તેમના તરફથી તેમની નિંદા કરવામાં આવી છે, પરંતુ તમારા તરફથી તે મહિમાવાન થયા છે"* (1 પિતરનો 4:14). જ્યારે આપણે તેમના નામને વળગી રહીએ છીએ અને જ્યારે સતાવણી કરવામાં આવે ત્યારે તેમનામાં અને તેમના નામ પરના વિશ્વાસને નાકબૂલ કરતા નથી ત્યારે પ્રભુ ઈસુ તેની નોંધ લે છે (પ્રકટીકરણ 2:13; પ્રકટીકરણ 3:8).

(**સમીક્ષા** પ્રકરણ 29 પછી આપવામાં આવી છે.)

# 27
# ઈસુના નામ ખાતર બલિદાન

**માથ્થી 19:29**
**અને જે કોઈએ ઘરોને કે, ભાઈઓને કે, બહેનોને કે, બાપને કે, માને કે, છોકરાંને કે, ખેતરોને, મારા નામને લીધે મૂકી દીધાં છે, તે સોગણાં પામશે, ને અનંતજીવનનો વારસો પામશે.**

**પ્રેરિતોનાં કૃત્યો 9:16**
**કેમ કે મારા નામને લીધે તેને કેટલું બધું દુ:ખ સહન કરવું પડશે, એ હું તેને બતાવીશ."**

**પ્રેરિતોનાં કૃત્યો 15:26**
**કે, જેઓએ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામને માટે પોતાના જીવ જોખમમાં નાખ્યા છે, તેઓની સાથે તમારી પાસે મોકલવા.**

એવા સમય હોય છે જ્યારે આપણે સ્વેચ્છાએ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામ માટે બલિદાન આપવાનું પસંદ કરવું જોઈએ. કેટલાક દુન્વયી લાભ છોડી શકે છે. કેટલાક પૃથ્વી પરના સંબંધો છોડી શકે છે. કેટલાકને પ્રભુએ સોંપેલ કાર્ય પૂરું કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. કેટલાક ઈસુની સેવા કરવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકી શકે છે. કેટલાક રાજ્યના કામને આગળ વધારવા માટે મોટી જવાબદારી ઉપાડી શકે છે. એવા તમામ પ્રકારના બલિદાનો છે કે જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામ ખાતર કરવા માટે આપણને પ્રોત્સાહન મળી શકે છે, દોરવણી પામી શકીએ છીએ અથવા તેડું મળી શકે છે.

આ બધામાં, ઈસુ માટેના આપણા પ્રેમથી, તેમના નામ માટેના આપણા પ્રેમથી અને જે લોકોની સેવા કરવા માટે ઈશ્વરે આપણને તેડ્યા છે તે દ્વારા આપણને પ્રેરણા મળી શકે છે. *"કેમ કે ખ્રિસ્તનો પ્રેમ અમને ફરજ પાડે છે; કારણ કે અમે એવું*

*[ચોક્કસ] સમજીએ છીએ કે, એક સર્વને માટે મર્યા માટે સર્વ મર્યા; અને જેઓ જીવે છે તેઓ હવેથી પોતાને અર્થે નહિ, પણ જે તેઓને માટે મર્યા તથા પાછા ઊઠયા, તેમને અર્થે જીવે, માટે તે સર્વને વાસ્તે મર્યા"* (2 કરિંથીઓને 5:14,15). આપણો હેતુ શુદ્ધ રહેવો જોઈએ. આપણે માણસો સમક્ષ પવિત્ર દેખાવા માટે, ખોટી નમ્રતાથી, અથવા લોકો સમક્ષ ઢોંગ કરવા માટે બલિદાન આપતા નથી. ઈશ્વર આપણું હૃદય જુએ છે અને આપણે જે જીવન જીવીએ છીએ તે તે જુએ છે.

જ્યારે આપણે તેમના નામની ખાતર બલિદાન આપીએ છીએ, ત્યારે ઈશ્વરે કહ્યું કે આ જીવનમાં, આપણે સોગણું (માર્ક 10:29,30) પ્રાપ્ત કરીશું અને આવતા કાળમાં આશીર્વાદ પામીશું. ઈશ્વર કોઈ માણસના દેવાદાર નથી અને તે આપણને આ જીવનમાં પૈસાથી જે ખરીદી શકાય તેના કરતાં વધુ આપશે.

ચાલો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામ માટે બલિદાન આપવામાં પૂરો આનંદ માનીએ અને તેને એક મહાન લહાવો ગણીએ કારણ કે દરેકને આપણા ઈશ્વર દ્વારા તેડવામાં આવે છે.

(**સમીક્ષા** પ્રકરણ 29 પછી આપવામાં આવી છે.)

# 28
# આપણે ઈસુનું નામ ધારણ કર્યું છે

**પ્રેરિતોનાં કૃત્યો 9:15**
**પણ પ્રભુએ તેને કહ્યું કે, "તું ચાલ્યો જા; કેમ કે વિદેશીઓ, રાજાઓ તથા ઈસ્રાએલપુત્રોની આગળ મારું નામ પ્રગટ કરવા માટે એ મારું પસંદ કરેલું પાત્ર છે.**

**પ્રેરિતોનાં કૃત્યો 15:14**
**પહેલાં ઈશ્વરે વિદેશીઓમાંથી પોતાના નામની ખાતર એક પ્રજાને [પસંદ કરી] લેવાને કઈ રીતે તેઓની મુલાકાત લીધી, એ તો સિમોને કહી સંભળાવ્યું છે.**

વિશ્વાસીઓ તરીકે, આપણને ફક્ત તેમના નામનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર અને સત્તા જ નથી પરંતુ આપણને તેમનું નામ ધારણ કરવા માટે પણ તેડવામાં આવે છે. જૂના કરારની જેમ, ઈશ્વરે આપણ, નવા કરારની મંડળીને *"તેમના નામની ખાતર એક પ્રજા"* તરીકે ઓળખાવી છે. આપણામાંના દરેક તેમનું નામ ધારણ કરી રહ્યા છીએ, અને યાકૂબ તેને આ રીતે રજૂ કરે છે, *"જે ઉત્તમ નામથી તમે ઓળખાઓ છો,"* (યાકૂબનો પત્ર 2:7). વિશ્વાસીઓ તરીકે, આપણે ઈસુના તે અદ્ભુત, સુંદર, લાયક, માનનીય અને ભવ્ય નામથી ઓળખાઈએ છીએ.

**2 થેસ્સાલોનિકીઓને 1:12**
**જેથી આપણા ઈશ્વર તથા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપાથી આપણા પ્રભુ ઈસુનું નામ તમારામાં મહિમાવાન થાય, અને તમે તેમનામાં [મહિમાવાન થાઓ].**

આપણે જે રીતે જીવીએ છીએ, આપણે જે રીતે વર્તીએ છીએ, આપણી વાણી, આપણી રીતભાત, આપણું વર્તન એવું હોવું જોઈએ કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામનો મહિમા થાય. આપણું જીવન જોઈને લોકો ઈસુના નામની સ્તુતિ કરવા જોઈએ. વિશ્વાસીઓ તરીકે, આપણે પાપમાં જીવી શકતા નથી

અથવા ઈશ્વરને નારાજ કરતી બાબતો કરી શકતા નથી. શાસ્ત્રમાં સૂચના સ્પષ્ટ અને સરળ છે, *“જે કોઈ ખ્રિસ્તનું નામ લે છે તેણે પાપથી દૂર રહેવું”* (2 તિમોથીને 2:19).

ઉદાહરણ તરીકે, આપણા કાર્યસ્થળો પર, આપણું વર્તન એવું હોવું જોઈએ કે જેથી ઈસુના નામને માન મળે. પાઉલે લખ્યું, *“દરેક કર્મચારીને તેના નિયુકત કરનારને આદર અને માન આપવાની સૂચના આપો, કારણ કે આ વલણ તેઓને ઈશ્વરના સત્ય અને પ્રસિદ્ધિની સ્પષ્ટ સાક્ષી આપે છે. તેઓને કહો કે તેઓ તેમના કાર્યોને લીધે ઈશ્વરના નામની નિંદા કરવાનું તેમને કોઈ કારણ ક્યારેય પ્રદાન કરે નહીં”* (1 તિમોથીને 6:1, ધ પૅશન ટ્રાન્સલેશન).

આપણે તેમનું નામ ધારણ કરીએ છીએ એ જાણીને, અને તેમના માટેના તીવ્ર પ્રેમને લીધે, આપણે એવી રીતે જીવીએ કે જે તેમના લાયક અને અજોડ નામને મહિમા, માન અને સ્તુતિ મળે.

(**સમીક્ષા** પ્રકરણ 29 પછી આપવામાં આવી છે.)

# 29
# ઈસુના નામમાં શિખામણ આપો

**1 કરિંથીઓને 1:10**
**હવે, ભાઈઓ, હું આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે તમને વિનંતી કરીને કહું છું કે તમે સર્વ દરેક વાતમાં એકમત થાઓ, અને તમારામાં પક્ષાપક્ષી ન થવા દેતાં એક જ મનના તથા એક જ મતના થઈને પૂર્ણ ઐક્ય રાખો.**

**2 થેસ્સાલોનિકીઓને 3:6**
**હવે, ભાઈઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે અમે તમને આજ્ઞા કરીએ છીએ કે, જે ભાઈ આડો ચાલે છે, અને અમે આપેલા શિક્ષણ પ્રમાણે ચાલતો નથી, તેનાથી તમે અલગ રહો.**

આપણે નવા કરારની મંડળીમાં જોઈએ છીએ કે આત્મિક આગેવાન પાઉલે, જેઓની આત્મિક જવાબદારી તેની હતી તે વિશ્વાસીઓને પ્રભુ ઈસુના નામે ઠપકો આપ્યો, સુધાર્યા અને શિખામણ આપી. અલબત્ત, તેણે આ પ્રેમમાં કર્યું. તેણે આ તેમના ભલા માટે અને તેમની ઉન્નતિ માટે કર્યું. સૌથી અગત્યનું, તેણે તે ઈસુ ખ્રિસ્તના નામે કર્યું, એટલે કે, મંડળીના શિર, ઈસુ ખ્રિસ્ત વતી. તેથી, પાઉલ વિશ્વાસીઓને માલિકના હૃદયની વાત કરી રહ્યો હતો. આનો અર્થ એ પણ હતો કે જ્યારે પાઉલના આત્મિક નેતૃત્વ હેઠળના લોકોએ આ સુધારો અથવા સૂચના પ્રાપ્ત કરી, ત્યારે તેઓએ તેને લાયક આદર સાથે વળગી રહેવાનું હતું અને તેને હળવાશથી લેવાની ન હતી. આપણામાંના જેઓ આત્મિક નેતૃત્વમાં છે તેઓની આ પવિત્ર જવાબદારી છે કે તેઓ વિશ્વાસીઓને ઈસુના નામે પ્રેમથી શિખામણ આપે.

[**વધારાની નોંધ**: આપણે અહીં સાવધ રહેવું જોઈએ અને કોઈ પણ આત્મિક આગેવાનને આત્મિક અધિકારનો ઉપયોગ કરવાના બહાને, ઈસુના નામનો ઉપયોગ કરીને આપણને

નિયંત્રિત કરવા, છેતરવા અથવા આપણો દુરુપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. આવા દુરુપયોગને કારણે ઘણા લોકોને દુ:ખ પહોંચ્યું છે (1 પિતરનો 5:2-4).]

---

ઈસુના નામે તેનું કોઈ
સામર્થ્ય ગુમાવ્યું નથી.
ઈસુના નામમાં
સાજાપણાં, ચમત્કારો અને ઉદ્ધાર છે.
ઈસુના નામમાં
વધુ મોટાં ચમત્કારો થઈ શકે છે.

---

## સમીક્ષા

આ પ્રકરણ 25-29 માટે છે.

1) વિચાર કરો કે શા માટે શેતાન એવી બનાવટી બાબતો રચે છે જે પ્રભુ ઈસુના નામનો ઉપયોગ કરે છે પરંતુ તેની પાછળ શેતાની શક્તિ રહેલી છે? વિશ્વાસીઓ તરીકે આપણે ઈસુના નામના આવા બનાવટી ઉપયોગોને કેવી રીતે પારખી અને શોધી શકીએ?

2) શું તમે પ્રભુ ઈસુના નામને લીધે સતાવણીનો અનુભવ કર્યો છે? તમે તેમાંથી કેવી રીતે પસાર થયા? શું તમે તમારા સંકલ્પમાં મજબૂત છો કે તમે ક્યારેય વિશ્વાસનો નકાર કરશો નહિ અને તમારા જીવનને જોખમમાં મૂકતી સતાવણીમાં પણ તેમના નામનો ક્યારેય નકાર કરશો નહીં?

3) શું તમને ઈશ્વર દ્વારા તેમના નામની ખાતર, તેમના રાજ્યના કાર્ય માટે, અથવા કોઈ રીતે તેમની સેવા કરવા માટે બલિદાન આપવા તેડવામાં આવ્યા છે? તમે તેમાંથી કેવી રીતે પસાર થયા? શું તમે ઈસુ સાથે એટલા પ્રેમમાં છો કે તે તમને તેમના નામની ખાતર કોઈ પણ બલિદાન આપવા તેડે તો તમે તે કરવા તૈયાર છો?

4) આપણને તેમના નામથી ઓળખાતા લોકો તરીકે ઓળખવામાં આવે છે. શું તમારા જીવનમાં એવા ક્ષેત્રો છે જ્યાં તમે જાણો છો કે ત્યાં પ્રભુ ઈસુને માન અને મહિમા મળે છે? શું તમારા જીવનમાં એવા ક્ષેત્રો છે કે જે ઈસુનું નામ ધારણ કરવા માટે તેમને તેડવામાં આવ્યા છે, ત્યાં તેમને માન અથવા મહિમા મળતા નથી? સકારાત્મક બાબતો માટે ઈશ્વરનો આભાર માનવા થોડો સમય કાઢો, અને નકારાત્મક બાબતોમાં પરિવર્તન લાવવા માટે તેમને વિનંતી કરો જેથી તમારા જીવનના તમામ ક્ષેત્રોમાં ઈસુના નામનો મહિમા થાય.

5) પ્રકરણ 3 માં દર્શાવેલ જૂના કરારમાં રોજિંદા જીવનમાં ઈશ્વરના નામ અને નવા કરારમાં તમે જે જોયા છે તે બધાની (પ્રકરણ 10-29) સમીક્ષા કરો. ઈશ્વરના નામના ઉપયોગમાં તમે કઈ સમાનતાઓ જુઓ છો?

# 30
# ઈસુનું નામ સદાકાળ સુધી છે

બાઇબલનું છેલ્લું પુસ્તક, પ્રકટીકરણનું પુસ્તક, ઈસુ ખ્રિસ્તનું પ્રકટીકરણ છે એમ સૂચવતા શરૂ થાય છે. તે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે આશીર્વાદ સાથે પૂરું થાય છે. પ્રકટીકરણના પુસ્તક દ્વારા, આપણે ઘણા નામો અને શીર્ષકોનું અવલોકન કરીએ છીએ જેના દ્વારા પ્રભુ ઈસુનો ઉલ્લેખ કરવામાં આવે છે.

- *વિશ્વાસુ શાહેદ અને મૂએલાંમાંથી પ્રથમજનિત, અધિપતિ* (પ્રકટીકરણ 1:5)
- *આલ્ફા અને ઓમેગા, શરૂઆત અને અંત* (પ્રકટીકરણ 1:8)
- *પ્રથમ અને છેલ્લા* (પ્રકટીકરણ 1:17)
- *યહૂદાના કુળમાંના સિંહ, દાઉદનું થડ* (પ્રકટીકરણ 5:5)
- *હલવાન* (પ્રકટીકરણ 5:12)
- *ઈશ્વરનો શબ્દ* (પ્રકટીકરણ 19:13)
- *રાજાઓના રાજા, અને પ્રભુઓના પ્રભુ* (પ્રકટીકરણ 19:16)

અને ઘણા બધાં...

એ નોંધવું રસપ્રદ છે કે ઈસુએ પોતાનું નવું નામ હોવાનો ઉલ્લેખ કર્યો છે.

**પ્રકટીકરણ 3:12**
**જે જીતે છે તેને હું મારા ઈશ્વરના મંદિરમાં સ્તંભ કરીશ, ને તે ફરી ત્યાંથી બહાર જશે નહિ; અને તેના પર ઈશ્વરનું નામ તથા મારા ઈશ્વરના શહેરનું**

**નામ, એટલે જે નવું યરૂશાલેમ મારા ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરે છે તેનું, તથા મારું પોતાનું નવું નામ લખીશ.**

"મારું પોતાનું નવું નામ" શું છે? આ એક રહસ્ય છે. શું તે ઈસુનું નામ છે, એવું નામ કે જે તેમની પાસે પૃથ્વી પર આવ્યા પહેલાં ન હતું અને જે તેમને તેમના જન્મ સમયે આપવામાં આવ્યું હતું અને તેમણે જે સિદ્ધ કર્યું તેના કારણે તેમને આપવામાં આવ્યું હતું? શું તે બીજું શીર્ષક છે, જે તેમને આપવામાં આવશે, જે શાસ્ત્ર આ સમયે જાહેર કરતું નથી? આપણે જાણતા નથી. આપણે આ કહી શકીએ—કે કલમ 12 (ગ્રીક *કાઇનોસ*) માં વપરાયેલ "નવું" શબ્દ લક્ષણ, પ્રકૃતિ, ગુણવત્તા, તાજગીમાં નવું છે જે "નવું" (ગ્રીક *નિયોસ*) થી અલગ છે, જે તાજું, હમણાં જ થયેલું નો સંદર્ભ આપે છે.

અંતિમ પ્રકરણમાં "સદાકાળના શહેર" નવા યરૂશાલેમમાં, ઈશ્વરના બધા લોકોના કપાળ પર તેમનું નામ છે. તે એક નિશાની છે કે આપણે સર્વકાળ માટે તેમના, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના છીએ.

પ્રકટીકરણ 22:1-5

**[1] ત્યારે તેણે મને ઈશ્વરના તથા હલવાનના રાજ્યાસનમાંથી નીકળતી સ્ફટિકના જેવી ચળકતી જીવનના પાણીની નદી નગરના રસ્તા મધ્યે બતાવી.**

**[2] એ નદીના બન્‍ને કિનારે જીવનનું ઝાડ હતું. તેને બાર પ્રકારનાં ફળ લાગતાં હતાં; દર માસે તેને [નવીન] ફળ આવતાં હતાં; વળી તે ઝાડનાં પાદડાં [સર્વ] પ્રજાઓને નીરોગી કરવા માટે હતા.**

**[3] હવે પછી કોઈ પ્રકારનો શાપ થનાર નથી; પણ તેમાં ઈશ્વરનું તથા હલવાનનું રાજ્યાસન થશે; તેમના દાસ તેમની સેવા કરશે;**

**[4] તેઓ તેમનું મુખ નિહાળશે; અને તેઓના કપાળ પર તેનું નામ હશે.**

**[5] ફરીથી રાત પડશે નહિ; તેઓને દીવાના અથવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમ કે પ્રભુ પરમેશ્વર તેઓ પર પ્રકાશ પાડશે; અને તેઓ સદાસર્વકાળ રાજ કરશે.**

આપણને તેમનું નામ સર્વકાળ માટે રાખવાનો વિશેષાધિકાર મળશે!

એને કારણે ઈશ્વરે
તેમને ઘણા ઊંચા કર્યા,
અને સર્વ નામો કરતાં
તેમણે તેમને એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે,
આકાશમાંનાં, ભૂમિ પરનાં
તથા ભૂમિ નીચેનાં સર્વ
ઈસુને નામે ઘૂંટણે પડીને નમે.
અને ઈશ્વર પિતાના મહિમાને અર્થે
દરેક જીભ કબૂલ કરે
કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.
ફિલિપીઓને પત્ર 2:9-11

આમેન !

## સમીક્ષા

1) તમે આ પુસ્તક વાંચવાનું પૂર્ણ કર્યું છે. શાબ્બાશ! કૃપા કરીને સમીક્ષા કરવા માટે સમય કાઢો અને તમે આ પુસ્તક વાંચવાની મુસાફરી દરમિયાન ઈસુના નામ વિષે જે સઘળું શોધ્યું છે તેના પર મનન કરો. કયા મુખ્ય મુદ્દાઓ તમે શીખ્યા જેનો તમે તમારા અત્મિક જીવનમાં સમાવેશ કર્યો છે? ક્યાં અમુક સત્યો છે જેને તમે ઈશ્વર સાથેની તમારી યાત્રાના કાયમી ભાગ તરીકે સ્વીકાર્યા છે?

2) જ્યારે આપણે કોઈ વિષયની વારંવાર સમીક્ષા કરીએ છીએ, ત્યારે આપણને અમુક બાબતો મળે છે, આપણે સત્યના નવા પાસાઓને ઉજાગર કરીએ છીએ, આપણને વધુ પ્રકટીકરણ પ્રાપ્ત થાય છે, અને આપણે જે શીખ્યા છીએ તેમાં મજબૂત બનીએ છીએ. "**ઈસુના પરાક્રમી નામ**" પર આ સત્યની વારંવાર સમીક્ષા કરતા રહો. ટૂંક સમયમાં આ પુસ્તકની ફરી મુલાકાત લેવાની યોજના બનાવો. તેને તમારા સમયપત્રકમાં સમાવો.

3) અનુભવ દ્વારા સત્ય શ્રેષ્ઠ રીતે શીખવા મળે છે. ઈસુના પરાક્રમી નામના સામર્થ્યના તમારા અનુભવમાં વૃદ્ધિ પામતા રહો.

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

***"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."*** **(પ્રેરિતોના કૃત્યો 10:43)**

***"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."*** **(રોમનોને પત્ર 10:9)**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરૂં છું અને મારે મોઢે કબુલ કરૂં છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી, વચન કેન્દ્રિત, આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (1 કરિન્થિઓને પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Interpreting Scripture
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru, Karnataka - 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો. વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ* apcwo.org/give *ની મુલાકાત લેશો.*

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







***A daily 5-minute video devotional.***
***A daily Bible reading and prayer guide.***
***5-minute Sermon summary.***
***Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.***
***Resources with sermons, sermon notes, TV programs, books, music and more.***

***IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!***

# निःशुल्क ऐप डाउनलोड करें:

**ऐप स्टोर या प्ले स्टोर में खोजें**
**“ऑल पीपुल्स चर्च (APCWO)”/**
**All Peoples Church Hindi**

Available on the App Store

ANDROID APP ON Google Play




*विश्वास को मजबूत करने और सुसमाचार साझा करने के लिए विभिन्न विषयों पर आधारित वचनों के टूलकिट।*
*उपदेशों, टीवी कार्यक्रमों, पुस्तकों, संगीत और बहुत कुछ से भरे संसाधन।*
*अगर आपको यह पसंद आए, तो*
***दूसरों को भी इसके बारे में बताएं!***

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

દરેક વિશ્વાસીને ઈસુના પરાક્રમી નામને વિનંતી કરવાનો, બોલવાનો અને તેનો ઉપયોગ કરવાનો અદ્ભુત વિશેષાધિકાર મળ્યો છે. ઈસુના શિષ્યો અને પ્રારંભિક મંડળીમાંના વિશ્વાસીઓ ઈસુના નામના ઉપયોગ દ્વારા તેમને મળેલા અધિકારને સમજ્યા, અને તેઓ તેમાં ચાલ્યા.

આ પુસ્તક વિશ્વાસીને ઈસુના નામના સામ્થ્રયને ફરીથી શોધવામાં મદદ કરવાનો પ્રયાસ કરે છે અને રોજિંદા જીવનમાં તે નામના સામ્થ્રયમાં કેવી રીતે ચાલવું તે શીખવે છે. જ્યારે આપણે ઈસુના નામના સામ્થ્રયમાં ચાલવાનું શીખીએ ત્યારે આપણે અધિકાર અને આધિપત્યમાં, સંપૂણર શાંતિમાં અને ઈશ્વરની બધી જોગવાઈઓમાં ચાલી શકીએ છીએ.

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org